પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૦ ॥




પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

પરમ પૂજ્ય સકલાગમરહસ્યવેદી

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય દાનસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કર્મસાહિત્ય નિષ્ણાંત

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય કલિકાલકલ્પતરૂ

**આચાર્યદેવ શ્રીમદ્‌વિજય રામચંદ્રસૂરીશ્વરજી** મહારાજાના શિષ્યરત્ન

પરમ પૂજ્ય અધ્યાત્મયોગી

**પંન્યાસપ્રવરશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય**



પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજ

# ૐ હ્રીં અર્હંનું પદસ્થ ધ્યાન

નાભિકંદ નીચે ૮ પાંખડીવાળું કમળ ધારીને ૮ વર્ગ સ્થાપવા:



(૧) અ થી અઃ ૧૬ સ્વર
(૨) ક ખ ગ ઘ ઙ
(૩) ચ છ જ ઝ ઞ
(૪) ટ ઠ ડ ઢ ણ
(૫) ત થ દ ધ ન
(૬) પ ફ બ ભ મ
(૭) ય ર લ વ
(૮) શ ષ સ હ

બે પાંખડીની વચ્ચે હ્રીંની સ્થાપના કરવી.
અગ્રભાગમાં ૐ હ્રીં સ્થાપવા.
નાભિ નીચે એક સરોવરની સ્થાપના કરવી.
૧૬ પાંખડીવાળા કમળની અંદર પોતાના
આત્માને સ્થાપી પાંખડીઓમાં ૧૬ વિદ્યાદેવી ધારવી.

પૂજ્ય પંન્યાસજી મહારાજના

# હસ્તાક્ષરનું અક્ષયપાત્ર

॥ ૪૦ ॥



પૂજ્ય પંન્યાસજી મહારાજની રોજનીશી

સંકલન : પંન્યાસ વજ્રસેનવિજય

## ☐ HASTAKSHAR NU AKSHAY PATRA

Personal Diaries comprising of Divine everyday thoughts,
musings & experiences of Panyashshri Bhadrankar Vijayji Maharaj.

## ☐ VOLUME - 40

February 2021
300 Copies / 224 Pages
For Private Circulation only.

## ☐ PUBLISHER

© Shri Bhadrankar Gyandeepak Public Charitable Trust
Mumbai / Rajkot

team@mindfiesta.com

## ☐ SPONSOR

Shri C. K. Mehta
Mumbai

## ☐ ENHANCED & DESIGNED BY

Bharti Deepak Mehta
Fiesta Studios
Pattani Bldg., M.G.Road, Rajkot - 360001.
bharti@mindfiesta.com
+91 98252 15500

## ☐ eBOOKS AVAILABLE AT

www.bhadrankar.com

www.navkarday.com

Amazon Kindle

## ☐ SHRI AARADHNA DHAM JAIN TIRTH

C/o Shri Sudhirbhai Pandya,
'Shiv Drasti', Nr. old Mamlatdar Office,
Jamkhambhaliya - 361305.
(Dist: Devbhumi Dwarka)
+91 2833 - 254156


## ☐ ખાસ વિજ્ઞપ્તિ

ગ્રંથવાંચન પશ્ચાત્ આપને આવશ્યકતા
ન હોય તો આ સરનામે અમોને ગ્રંથ
પરત મોકલશોજી, જેથી અન્ય ભવિજનો
પણ આ ચિંતનોથી ભાવિત થઈ શકે.



# ૫૧ મહિનાની આ સર્જનયાત્રાની સલૂણી સફરે...



'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથ આપણા હાથમાં આવ્યો, તેનું ઉદ્ભવ સ્થાન એટલે અમદાવાદ-પાલડી વિસ્તારમાં આવેલ પરિમલ સંઘનો ઉપાશ્રય, જેનો ઈતિહાસ આ શ્રેણીના પ્રથમ ભાગમાં જણાવેલ છે. ગ્રંથની હારમાળા કે જાણે હીરમાળા જેમ-જેમ સાધકો-પૂજ્યોના હાથમાં આવે છે, તેમ-તેમ તેઓના અંતરના ઉદ્ગારો શબ્દદેહને ધારણ કરે, ત્યારે એ કેવા હોય છે, તે જોવા માટે આ એક પત્ર ભાવવા જેવો છેઃ

'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથના આજ સુધીના ભાગની સફરમાં અનુભવેલ અવર્ણનીય આનંદ તો તમને કેટલો બતાવું!? પૂજ્ય પંન્યાસજી મહારાજને નીરખવાનું સદ્ભાગ્ય - સૌભાગ્ય તો નથી મળ્યું પણ એમના હસ્તાક્ષરના આ અક્ષયપાત્રો હાથમાં લેતાં જ રોમાંચ થઈ જાય છે. દરેક ગ્રંથ વાંચતા એમ થાય છે કે કયા વિષયનું ખેડાણ પૂજ્યશ્રીએ નથી કર્યું? તે તે ગ્રંથો વાંચીને એ પ્રત્યેકનું સારલેખન જોવામાં જ વર્ષોના વર્ષો નીકળી જાય, જ્યારે પંન્યાસજી મહારાજના હસ્તાક્ષરમાં તો એ સાર અમારા સૌના હાથમાં - ખોબામાં જ આપી દીધો છે. તેના વાંચનથી મને આંતરિક સ્તરે - અભ્યંતર સ્તરે અનેક લાભ થયા છે. આ બધામાં તમે નિમિત્ત બન્યા છો. તમારી અથાક મહેનત તથા અવિરત પરિશ્રમ ધૂળમાંથી સોનું બનાવે તેવા છે. જૂની અને ફાટી ગયેલી ડાયરીઓને આ રીતે સુઘડ - સ્વચ્છ અને સ્પષ્ટ રીતે છપાવીને તમે કેટલું પુણ્ય ઉપાર્જન કરતા હશો, તે તો ફક્ત અને ફક્ત કેવળી જ બતાવી શકે.'

આવી ભાવાભિવ્યક્તિ વાંચતા થાય કે સાહેબજીએ આલેખેલા શાસ્ત્રો કે અનુભવોનાં સારને પ્રગટ કરવાનું આ ભગીરથ કાર્ય અમને નિમિત્ત બનાવીને પૂર્ણ કરાવી રહ્યા છે.

હમણા આત્મચિંતન આવ્યું કેઃ ''આત્માને ચિત્તથી જુદો પાડીને જોવાનો પ્રયાસ કરવો. આત્મા અવિનાશી છે, આદિ અને અંતથી રહિત છે, એમાં જ નિષ્ઠા રાખવી, જે સત્ય છે તેનું ન હોવું સંભવતું નથી. આત્મચિંતનથી વાસનાઓ નિર્મૂળ થાય છે. આત્મા પરિપૂર્ણ હોવાથી તેમાં વાસનાઓનું અસ્તિત્વ શકય નથી. આત્મતત્ત્વ તેના વાસ્તવિક બોધ વડે વાસનાઓથી મુકત થાય, એટલે પ્રકૃતિના અધિપત્યમાંથી છુટે. બસ, તેને જ 'મોક્ષ' કહેવાય છે.

કોઈ પ્રશ્ન કરે છે કેઃ અરૂપી આત્મા નજરે દેખાતો નથી, તેને કેમ માનવો? તો એનો ઉત્તર છે કેઃ સ્ત્રી, ધન, પુત્ર, આબરૂ વિગેરેમાં સુખ માન્યું છે, તે શેમાં નજરે જોઈને માન્યું છે? પરમાં જોઈને તો નક્કી કર્યું નથી, કેમ કે આંખ વડે સુખ દેખાતું નથી છતાં કેમ માનો છે? વળી 'સુખ આમાં છે' એવી કલ્પના કોણે કરી? જેણે એ નક્કી કર્યું, તે નક્કી કરનારો જ આત્મા છે. વળી 'મારી મને ખબર નથી' એમ કોણે જાણ્યું? તે જાણનારો સદા જાણનાર રૂપે આત્મા છે. અરૂપી સાક્ષીપણે છે પણ પોતે પોતાની દરકાર કરી નથી માટે 'જાણતો નથી' એમ કહે છે. સમજવાની ધગશ હોય તો 'પોતાનું સત્ત્વ પોતે જ છે' એ શાશ્વત સત્ય જરૂર સમજાય તેવું છે.''

આવા ચિંતનોના અમૃતનો આસ્વાદ કરાવવાનાં અર્થપૂરવણીના મહાકાર્યમાં નિમિત્ત બન્યાં છે સાહેબજીના પરમ ભકત મુંબઈ - વડોદરાના સુશ્રાવક **સી.કે.મહેતા,** જેની એકધારી ઉદારતા અતિ અતિવ સરાહનીય રહી છે તથા તેઓ ઉપરાંત આ રોજનીશીઓના પ્રત્યેક અક્ષરને સુઘડ અને સુવાચ્ય કરવામાં જેમની ભક્તિપૂર્વકની બુદ્ધિ કામ કરી છે, તેવા અમારા રાજકોટના સુશ્રાવકરત્ન શ્રી નમસ્કાર મહામંત્રના પરમ આરાધક શશીકાંતભાઈના પુત્રવધૂ શ્રીમતિ **ભારતીબેન દિપકભાઈ મહેતા** અને તેમની ટીમને ધન્યવાદ આપવા ઘટે, જેઓ છેલ્લા ૫૧ મહિનાથી રાત-દિવસ જોયાં વિના એકધારાપણે અને એકનિષ્ઠાપૂર્વક આ ડાયરીઓમાંથી પ્રત્યેક હસ્તાક્ષરને જાણે સુવર્ણથી મઢીને તેના અક્ષયપાત્રો સર્જવાના અપૂર્વ કાર્યમાં નિરત રહ્યા છે.

ફેબ્રુઆરી, ૨૦૨૧

વજ્રસેન વિ.
હેમપ્રભ વિ.









सुरासुरसेवितपादपङ्कजा,
करे विराजत्कमनीय पुस्तका ।
विरिञ्चिपत्नी कमलासनस्थिता
सरस्वती नृत्यतु वाचि मे सदा ॥

સંવત ૨૦૨૭, શ્રા. વદ ૮

: આજે ધ્યાનકાળે આ સ્ફુરણા થઈ છે :

લોચના પ્રારંભથી જ
મન 'અર્હં'ના ધ્યાનમાં એકાગ્ર બનવા લાગ્યું હતું.
જેમ જેમ એકાગ્રતા વધતી ગઈ,
તેમ તેમ અપૂર્વ સંવેદનો થતાં ગયા... જેવા કે
અનાહત ધ્વનિ, અમૃત, જ્યોતિ, લય,
આત્મપ્રદેશોના સ્પંદનો આદિ અનુભવાયા અને તેથી
અપૂર્વ આનંદ, શીતળતા તથા સમાધિ દશા અનુભવાઈ.
ચારિત્રને ગ્રહણ કરતી વખતે
સર્વ શ્રી તીર્થંકર ભગવંતો પણ
પંચમુષ્ટિ લોચ કરતાં હતાં,
તેથી સહજ અનુમાન થઈ શકે છે કે
સ્વભાવરમણતારૂપ ભાવચારિત્રમાં લોચની ક્રિયા
બ્રહ્મરંધ્રના ઉદ્ઘાટન કરવામાં
પરમ સહકાર આપનાર થતી હશે.
સૂક્ષ્મ આત્મપ્રદેશોનું ભાન જાગ્રત કરાવવામાં
તેની પરમ ઉપયોગિતા હોવાથી
સાધુજીવનમાં લોચ એ આવશ્યક કર્મ મનાયું હશે.

0 'તત્ત્વમસિ ।' એ વાક્યમાં
'તે' અને 'તું' - એ બે શબ્દોથી કહેલા
ઈશ્વર અને જીવ - જ્યારે ઉપાધિરહિત બને છે,
ત્યારે એ બંને એક જ છે.
સૂરજ અને પતંગા (ઇંદ્ર અને કીટ),
રાજા અને સેવક (રત્ન અને કાચ),
સમુદ્ર અને કુવો તથા મેરુ અને પરમાણુ -
એ બધા જેમ અસ્તિત્વમાં જુદા છે, તેમ
ઈશ્વર અને જીવ - બંને વાચ્યાર્થમાં જુદા છે, પરંતુ
તે બંનેનો લક્ષ્ય અર્થ અથવા
ઉપાધિ વિનાનું શુદ્ધ બ્રહ્મસ્વરૂપ એક જ છે.
બંને વચ્ચે જે તારતમ્ય દેખાય છે, તે ઉપાધિના લીધે છે.
ઉપાધિ દૂર થતાં ઈશ્વર એ ઈશ્વર નહિ કે
જીવ એ જીવ નહિ, કિન્તુ એક ચૈતન્ય જ છે.
જેમ રાજ્ય એ રાજાની ઉપાધિ છે અને
ઢાલ એ લડવૈયાની ઉપાધિ છે,
એ બંને દૂર થતાં કોઈ રાજા નહિ કે
કોઈ લડવૈયો નહિ, કિન્તુ એક મનુષ્ય જ છે.

- વિનોદ ચૂડાસમા

રાજાને રાજ્યની ઉપાધિ, લડવૈયાને ઢાલની ઉપાધિ છે.
ઉપાધિશૂન્ય રાજા અને ઢાલશૂન્ય લડવૈયા -
બંને મનુષ્યરૂપે એક જ છે.
સર્વજ્ઞત્વ એ ઈશ્વરની ઉપાધિ અને
અલ્પજ્ઞત્વ એ જીવની ઉપાધિ - એ બન્ને ઉપાધિનો
ત્યાગ કરવામાં આવે, તો ચૈતન્યરૂપે બંને એક જ છે.
વાચ્યાર્થ ઈશ્વર મેરુતુલ્ય અને જીવ પરમાણુતુલ્ય છે,
કિન્તુ લક્ષ્યાર્થથી બંને એક જ છે.
'તત્ત્વમસિ |' વાક્યનું એ તાત્પર્ય છે.

## અર્હદ્ પ્રણિધાન

અર્હં અક્ષરના અભિધેય - વાચ્યાર્થ,
જે પ્રથમ પરમેષ્ઠિ છે, તેમની સાથે પોતાના આત્માનો
સંબંધ, એકીભાવ - ઐક્ય, તે 'અર્હદ્ પ્રણિધાન' છે.
કેવળજ્ઞાનરૂપી સૂર્ય વડે
સકલ પદાર્થના સમૂહને પ્રકાશિત કરનારા, જેમનું
વિશિષ્ટ માહાત્મ્ય ૩૪ અતિશયો વડે જાણી શકાય છે,
૮ મહાપ્રાતિહાર્યોથી સમસ્ત દિશાઓના મંડલને વિભૂષિત
કરનારા, ધ્યાન રૂપી અગ્નિ વડે કર્મમલ રૂપી કલંકને
ભસ્મસાત્ કરનારા, જ્યોતિ સ્વરૂપ, સમગ્ર શ્રુતના

સર્વસ્વભૂત, પ્રધાન પરમેષ્ઠિ શ્રી અરિહંત ભગવંતનો
સ્વકીય આત્માની સાથે અભેદ કરીને
'પોતે દેવ બનીને દેવનું ધ્યાન કરવું' એ ન્યાયે
સર્વ રીતે ધ્યાન કરવું, તે અભેદ પ્રણિધાન છે.
તે વિઘ્નોને નિર્મૂળ કરવામાં સૌથી વધુ સમર્થ છે.
બાકી પ્રણિધાનોમાં આવું ઉત્કૃષ્ટ સામર્થ્ય નથી,
તેથી અભેદ પ્રણિધાનને 'તાત્ત્વિક નમસ્કાર' કહેવાય છે.

(૧) પરતત્ત્વ સ્વરૂપ (૨) સૂક્ષ્મ ધ્વનિરૂપ
(3) અવ્યક્ત ધ્યેય સ્વરૂપ (૪) વર્ણાત્મક સ્વરૂપ
(૫) શબ્દબ્રહ્મ - પરબ્રહ્મ સ્વરૂપ.

## અભેદ - અનુકૂળ ભાવના અંગે

અરિહંતરૂપે આત્માની તન્મય અવસ્થાની ભાવના.

અભેદ કરણાદિમાં ધર્મધ્યાનની અંદર પ્રારંભિક પાયાની
મહત્ત્વની પ્રક્રિયા સમાવિષ્ટ હોય એમ લાગે છે.
(1) પ્રથમ અભેદ ભાવના ભાવવી, અરિહંત પદને
પરમ શરણભૂત માનીને, અભેદ - નિર્ભેદ થવું.
અભેદથી અભેદ આદિ બધા મૌલિક ગુણો લઈ લેવા.
નિર્ભયતા વિના ધર્મધ્યાન ન હોઈ શકે તથા
શરણ વિના નિર્ભયતા ન હોઈ શકે.

ઉગંતસરણા અરિહંતા સરણં |

અર્થાત્: અરિહંત અર્હંત શબ્દ છે.

બાહ્ય અને આંતરવિઘ્નોમાં શરણ લઈને

નિર્ભય બનવું ને નિર્ભયતા કેળવવી.

અરિહંત જ પરમ આનંદદાતા હોવાથી પરમ આનંદ આપી શકે. તે આનંદ - અરિહંત, તે પહેલું પગથિયું.

(2) પછી આત્મસ્થ થવું - સિદ્ધ જેવા.

સર્વ સ્થૂલોથી ભાવતઃ પર થયા વિના ધર્મધ્યાન ન હોય.

'સ્થૂલ' એટલે ઇંદ્રિયો અને મન.

ધ્યાન માટે અનુપયોગી એવા સર્વ ઇંદ્રિયવિષયો અને મનોવિષયોથી તદ્દન પર થવું, તે 'આત્મસ્થ'.

તેમાં સિદ્ધનો આદર્શ લઈને ભાવથી લોકાગ્રે બેસવું અથવા સહસ્રારમાં બિરાજમાન થવું.

'આનંદ' એટલે લોકથી પર થવું.

'આત્મસ્થ' એટલે લોકાગ્રે સિદ્ધ થવું.

(3) તે પછી અહમિન્દ્ર આચાર્ય એટલે કે સર્વોપરી થવું.

પોતાના ઉપર હવે કોઈ સ્વામી નહિ, પણ પોતે જ જગતનો સ્વામી છે, તે અહમિન્દ્ર ભાવના.

'સર્વ ઐશ્વર્યથી પોતે સંપન્ન છે' એમ ભાવવું.

(4) તે બાહ્ય - અભ્યંતર ઐશ્વર્ય કોના રૂપ?
પરમાત્મરૂપ ભાવવું તે ઉપાધ્યાય પદ છે.
ઉપ - અધ્યાયમાંથી પણ એ અર્થ નીકળે.
રૂપ હોવાથી પરમાત્મપદથી તે હવે તદ્દન નજીક છે.
અહીં શુદ્ધ સંભેદ પ્રણિધાન છે,
હવે પછી અભેદ પ્રણિધાન છે.

(5) તે પછી તત્ત્વ એટલે તે જ = 'પોતે જ પરમાત્મા છે'
એમ સર્વ રીતે ભાવવું, તે તત્ત્વ સાધુપદ છે.
આમ ક્રમશઃ સંક્ષિપ્ત રહસ્ય સમજાય છે.

(I) પ્રથમ અરિહંત પદના આલંબને અભેદ-નિર્વિકલ્પ થવું.
(II) પછી સિદ્ધના આલંબને અક્રિય થવું.
તાત્પર્ય કે યોગનિરોધ કરવો.
(III) આચાર્ય આલંબને અહમિન્દ્ર થવું - સર્વોપરી થવું.
(IV) એ પછી ઉપાધ્યાય આલંબને પરમાત્મરૂપ થવું.
(V) અંતે સાધુ આલંબને પરમાત્મતત્ત્વ - પરમાત્મા થવું.

આમાં 'ષોડશક'માં કહેલાં
પ્રણિધાન - પ્રવૃત્તિ - વિઘ્નજય - સિદ્ધિ - વિનિયોગ
- એમ યોગના પાંચ અંગો પણ ઘટે.

- Dt. 31. 12. 69, T. T. V.

'પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાળા'માં
અરિહંત - આનંદ, સિદ્ધ - અક્રિય, આચાર્ય - અહમિન્દ્ર,
ઉપાધ્યાય - ગુરુ તથા સાધુ - દાસ અવસ્થા કહેલ છે,
તેમાં ધર્મધ્યાનની વિશિષ્ટ પ્રક્રિયા આ રીતે સમજાય છે:
અરિહંતના આલંબને આનંદ, સિદ્ધના આલંબને અક્રિય,
આચાર્યના આલંબને પોતે સર્વોપરી - સર્વતંત્ર સ્વતંત્ર
થઈને ઉપાધ્યાયથી પોતાને પરમાત્મગુરુ ભાવવા તથા
સાધુથી પરમાત્મદાસ(અભેદ) ભાવવો.
પછી જ જે ઇષ્ટ હોય, તે ધ્યાન કરવું.
કાયોત્સર્ગથી દેહની ઉપરાંત મતિની જડતા જાય છે,
સુખ-દુઃખ તિતિક્ષા તથા અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા થાય છે.
કફ-પિત્ત-વાયુની વિષમતા ટળવાથી દેહશુદ્ધિ થાય છે.
ઉપયોગાવસ્થિતિની શુદ્ધિ થવાથી મતિ નિર્મળ બને છે
અને સુખ-દુઃખને સહન કરવાની શક્તિ વધે છે.
સુખ સહન કરવાથી ગર્વ - દુઃખ સહન કરવાથી દીનતા ટળે.
ધ્યાનના પ્રારંભ અને અંતે અનિત્યત્વાદિ અનુપ્રેક્ષા
ધ્યાનનું અનુસંધાન કરનાર હોવાથી તે સેતુરૂપ છે.
સેતુ, સંધિ, અર્ધમાત્રા - તે સર્વ સમાનાર્થક છે.
- પોષ સુદ 3, T.T.V

શાન્ત[૧] દાન્ત[૨] ગુણવંત[૩] સંતજન[૪] સેવનકારી,
વારિત[૫] વિષય-કષાય[૬] જ્ઞાન દર્શન[૭] સુવિચારી,
સ્યાદ્વાદ[૮] રસરંગ હંસપરિ શમરસ ઝીલઈ,
શુભ[૯] પરિણામ નિમિત્ત અશુભ[૧૦] સવિ કર્મને પીલઈ.
તાદૃશ નર પરમેષ્ઠિ પદ સાધનના કારણ લહઈ,
સાહ રાજજ સુરતરત્ન નેમિદાસ ઈહિપરિ કહઈ.

અર્થ: સાધક કેવો જોઈએ?

ઉપશમી, વિનયી, જિતેન્દ્રિય, દયાદિ ગુણવાન, સંત-સજ્જનની ભક્તિ કરનારો, વિષય-કષાયને નિવારનારો, મર્યાદી (અમર્યાદી નહિ), જ્ઞાનદર્શનનો વિચારી, સ્યાદ્વાદરૂપ જ્ઞાનસાગરને વિષે હંસરૂપ, વિવેકગુણથી સમતારસમાં ઝીલનારો, શુભ પરિણામે વર્તનારો, સદા જ નિમિત્ત મેળવે, અશુભ કર્મ સર્વે આવતાં જ રોકે ઇત્યાદિક ગુણવંત તે પરમેષ્ઠિ મંત્ર સાધવાના કારણો મેળવે અને એ મંત્રને હૃદયમાં સ્થાપે.

(૧) શાંત (મનનો) (૨) દાંત (ઈંદ્રિયોનો) (૩) ગુણવંત (ઔદાર્યાદિ) (૪) સંતસેવા (ત્રિકરણયોગે સેવા કરનાર) (૫) નિર્વિષયી (૬) નિષ્કષાયી (૭) સમ્યગ્જ્ઞાની - દર્શની (૮) સ્યાદ્વાદી (૯) શુભકર્મકારક પરિણામી (૧૦) અશુભકર્મવારક.

અશુભ કર્મવારક = શુભ નિમિત્તોનું સેવન કરનારો
અને અશુભ નિમિત્તોથી દૂર રહેનારો.
અનુભાવે = પ્રભાવે. વર્ધમાન ભાવે = ચઢતા ભાવોલ્લાસે.
સકલ ધ્યાનમાં પરમેષ્ઠિપદ ધ્યાન મુખ્ય આલંબન છે.
તે વિના અશુભકર્મની હાનિ ન થાય.
જિતકાશિ ભેરી = સંગ્રામમાં વિજય મેળવતી વખતે
જે ભેરી - ઢોલ વગાડવામાં આવે છે, તે.
ભાવપ્રણિધાન = મનને શુભ સંકલ્પમાં સ્થાપી જોડી રાખવું.
શુભસંકલ્પ ધ્યાન વિના સાધી શકાતો નથી.
સર્વ ધ્યાનોમાં પરમેષ્ઠિઓનું ધ્યાન શ્રેષ્ઠ આલંબન છે,
માટે તેમના ધ્યાનપૂર્વક મનને શુભ સંકલ્પમાં
જોડી રાખવાથી શ્રેષ્ઠ પરમેષ્ઠિપદ પામી શકાય છે.
શુદ્ધાત્માના ધ્યાન દ્વારા શુભ સંકલ્પો પામી શકાય છે.
'પ્રકર્ષે શુભ સંકલ્પપ્રધાન, આપનું પ્રથમ શુદ્ધાતમ ધ્યાન.'
સિદ્ધરસના સ્પર્શથી લોહ પણ સુવર્ણ બને છે, તેમ
શુદ્ધાત્માના ધ્યાનથી આત્મા પરમાતમ પદ પામે છે,
અજ્ઞાનનિદ્રા નાશ પામે, તત્વજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થાય.
જેમ અગ્નિથી સુવર્ણ તેમ તત્વજ્ઞાનથી આત્મશુદ્ધિ થાય,
જ્ઞાનને પ્રમોદ પમાડી, વિભાવ ભાગી સ્વભાવરમણતા કરે.

o બહિરાત્મા ભિન્ન છે, અંતરાત્મા ભજન છે,

શુભ સંકલ્પ ભક્તિ છે, શુદ્ધપ્રવૃત્તિ પુણ્ય છે,

સાધના પ્રત્યે રાગ તે પ્રશસ્ત રાગ છે,

પ્રશસ્ત રાગ તે શુદ્ધ છે, પરમાત્મ અનુભવ તે ફૂલ છે,

ચૈતન્યભાવ તે અનુભવ - આકાશપણું અનુભવનું પરિણામ છે.

આત્મવીર્ય = સતત પુરુષાર્થ અને ઉદ્યમ.

પરાત્મા બોધરૂપ અન્ન ઉપર જીવનારી ભિખારી છે.

ધર્મધ્યાનના આલંબનથી પરિણામ સ્થિર થાય.

આલંબન અનેક છે, તેમાં પરમેષ્ઠિ મંત્રપદનું

આલંબન વિશિષ્ટ છે, એના પ્રભાવે પશુઓ પણ

દિવ્યતાને પામે છે, તો મનુષ્યોનું કહેવું જ શું?

પાપાત્માઓ પણ તરી જાય છે,

તો શુદ્ધાત્માઓ માટે શું કહેવું? અધિક

ગુણીજનો પરમેષ્ઠિઓનું આલંબન સ્વીકારતાં

સંસારસમુદ્ર તરી જાય, તેમાં આશ્ચર્ય છે જ નહિ.

સ્યાદ્વાદ અંકિત જિનવચનોને દેવો - અસુરોએ વખાણ્યા છે.

પરમેષ્ઠિઓનું આલંબન એ ત્રણે કાળમાં સંસારસમુદ્રે

દ્વીપનું કામ કરે છે. ઇંદ્ર જેવા પણ જેના દાસ છે,

એવા પરમેષ્ઠિઓ મારા ચિત્તમાં વસીને રહેજો.

જેને પરમાત્મદૃષ્ટિ થઈ છે, તે જ તત્ત્વમાં રહ્યો છે.
પરમેષ્ઠિધ્યાનના ધ્યાતાનું દાસત્વ દેવરાજ ઈંદ્રો પણ કરે છે.
પરભાવ - પુદ્ગલભાવની આશા અને વાંછા છોડી
પરમાત્મભાવને હૃદયમાં સ્થાપન કરજો.
ઈંદ્રો પણ પરમેષ્ઠિઓના દાસના દાસ છે, માટે
પરભાવ - પુદ્ગલભાવની વાસના છોડીને, પરમેષ્ઠિઓની,
પરમાત્મભાવની વાસના ભવોભવ, જ્યાં સુધી સંસારમાં
રહેવું પડે ત્યાં સુધી, પ્રત્યેક ભવમાં પરમેષ્ઠિપદે રહેલા
પરમ પુરુષોની વાસના - ભક્તિ હૃદયમાં રહેજો.
તત્ત્વની સંપદા = જ્ઞાન - દર્શન - ચારિત્રના વિચારની વાર્તા.
તે પરમનિધાન, અદ્ભુતવસ્તુ છે.
તે કેવળજ્ઞાનની નિર્મળ સંપદાને પામે છે.
ગુણસંપદા = ગુણની સંપત્તિ. પરમનિધાન = અદ્ભુતવસ્તુ.
જ્ઞાનવિમલ = કેવળ જ્ઞાનથી નિર્મળ.
ગમોગમ = નિશ્ચિતપણે.
જ્ઞાન - ધ્યાનની વાર્તો થાય, ત્યાં જ અદ્ભુતનિધાન છે.
પરમેષ્ઠિઓનું ધ્યાન અતિ મંગળરૂપ છે.
તે સિવાય જે વસ્તુઓ સંસારમાં છે,
તે કર્મબંધના કારણરૂપ હોવાથી મિથ્યા છે.

ચારે વર્ણ ચારે પુરુષાર્થને સાધો અથવા
અ + રિ + હં + ત - એ ચાર વર્ણોની આરાધનાથી
ચારે પ્રકારના પુરુષાર્થને મેળવો.
'તત્ત્વ તણા જિહાં ત્યાં રે, તેહિ જ પરમનિધાન,
સકલવિમલ ગુણસંપદા રે, પામે ભવિજન.
નામ એવું મંગલ મોટું, એહથી અવર જે તે સવિ ખોટું,
નેમિદાસ કહે એ આરાધો, ચ્યાર વર્ણ પુરુષારથ સાધો!
સાધના નાની કે મોટી - તેના પાયામાં ચૈતન્ય જ છે.
સાલમ્બન કે નિરાલમ્બન - એ રીતે વિવક્ષા ખાતર ભલે
બે અવસ્થા છે, પરંતુ અધિષ્ઠાન ચૈતન્ય એક જ છે.
વ્યવહાર - નિશ્ચય જેવા દાર્શનિક શબ્દો તથા
'ળગો આણા ।' જેવા મહાવાક્યો...
એવું કેટલું ય પૂર્વ પુરુષોએ વારસામાં આપ્યું છે,
તે ઉપર ચિન્તન - મનન થાય,
તો ચિત્તની શુદ્ધિ થઈ માર્ગ આક્રમવાનું સહેલું બને.
હર ઘડી આત્મનિરીક્ષણ કરતાં પોતે ક્યાં ઉભો છે, તે
અને ગઈકાલે ક્યાં હતો - આજે ક્યાં છું, તે સમજાય.
પ્રગતિની ચિંતા કરવા કરતાં શક્તિનો સદુપયોગ કરવાનો
છે, શક્તિ વેડફાઈ ન જાય તેની કાળજી રાખવાની છે.

જ્ઞાનમાર્ગમાં અહંકારનો સંભવ છે.

ભક્તિ - શરણાગતિ - વિનમ્રતા વગેરે

જીવનભર રહી રહે તો ઈશ્વરની ભૂમિકા આપમેળે આવશે.

## યોગનું માહાત્મ્ય

જેણે સ્થિતપ્રજ્ઞ થવું હોય, તેણે પોતાના દેહાભિમાનનો ત્યાગ કરી, મનોમય પ્રદેશ વટાવી, મનસાતીતના પ્રદેશમાં રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. આત્માનું શ્રવણ, મનન, નિદિધ્યાસન કરવાથી દેહનું મમત્વ છૂટતું જાય છે, અને ધ્યાન પછી દૃઢ બુદ્ધિથી યોગ કરવો જોઈએ. યોગ વડે મનને કેળવતાં કેળવતાં તેને આત્મપ્રદેશમાં સ્થાપવું જોઈએ. ઈંદ્રિયો સાથે જોડાયેલા મનને આત્મા સાથે જોડવું તે 'યોગ' છે.

All life is Yoga. It is God's gift.

દરેક ઝાડની ઓળખ તેના ફળ વડે થાય છે.

ખરાબ ઝાડ સારાં ફળ નહિ આપતું અને

સારું ઝાડ ખરાબ ફળ નહિ આપતું.

મનમાં ભરેલું હોય તે જ મુખ વાટે નીકળે છે.

વચન વડે સજ્જન - દુર્જનની ઓળખ થાય છે.

અર્થ વ્યાખ્યાતા આચાર્યઃ । અર્થ સમજાવે, તે આચાર્ય.

સૂત્રદાતા ઉપાધ્યાયઃ । જે સૂત્ર આપે, તે ઉપાધ્યાય.

યૌવનાવસ્થા છે, તે મુનિઓના મનમાં પણ
વિકાર ઉત્પન્ન કરે છે, કેમકે
વર્ષાકાળમાં તો રાજમાર્ગમાં પણ અંકુરાઓ ઉગી નીકળે છે.
શાંતરૂપી રત્નવાળા પુરુષે મનમાં હંમેશા
સ્ત્રીના સ્વરૂપનું નિંદનીકપણું જ ચિંતવવું.

શાસ્ત્રોની આજ્ઞાનું અનુસરણ કરવું તે <u>ધર્મ</u> છે તથા
આત્મસ્વરૂપમાં જીવનને પ્રતિષ્ઠિત કરવું તે <u>અધ્યાત્મ</u> છે.
શરીર, ઇંદ્રિય, પ્રાણ, મન અને બુદ્ધિ - માનવસ્વરૂપનાં
આ કરણો ઘણાં અપૂર્ણ હોવા છતાં પ્રકૃતિ તરફ લઈ
જવામાં મદદગાર થાય છે. આ તત્ત્વોની અપૂર્ણતા અને
સાથે જ ઉપયોગિતા - બંને બરાબર સમજવા જોઈએ.
બુદ્ધિના પ્રકાશને સ્થૂળ સુધી પહોંચાડવાનો છે, પ્રકૃતિની
સાથે તેને એક કરવાનો છે. તમસ અને અજ્ઞાનથી ભરેલા
જીવનમાં સત્ય અને જ્ઞાનનો પ્રકાશ રેલાવવાનો છે.

o ભૌતિક વિકાસથી અહંત્વ - મમત્વ વધે છે, તેથી
ચિત્ત પ્રસન્ન, સ્વચ્છ અને સ્વસ્થ બનવાને બદલે
અશાન્ત, અસ્વસ્થ અને રતિ - અરતિ આદિ
મલિન ભાવોવાળું બની જાય છે.
ભૌતિક વિકાસ અંતે નાશવંત હોવાથી ભયગ્રસ્ત જ રહેય.

That which is visible will pass by.
The invisible means of
support will never pass away.

સર્વજ્ઞ = ધર્મજ્ઞ = માર્ગજ્ઞ એટલે
શાસ્ત્રાસ્તાદિ ધર્મશાસ્તા, ધર્મદેશક, ધર્મોપદેશક ઈત્યાદિ.
ક્ષણિકવાદ = આત્મા ક્ષણિક નાશવાન છે, એમ જાણવું તે.
કપિલ આત્મોપદેશક છે, બુદ્ધ ધર્મોપદેશક છે તથા
મહાવીર અનેકાન્તોપદેશક છે, તો આ
પરસ્પર વિરુદ્ધતાથી બુદ્ધ, મહાવીર, કપિલમાં સર્વજ્ઞત્વ
કેવી રીતે કહી શકાય? ધાર્મિકતાનું ચિહ્ન કરુણાવૃત્તિ છે.
નૈરાત્મ્યદર્શન, ક્ષણિકત્વવાદાદિ સર્વજ્ઞત્વના ઉપાય છે.
જૈનદર્શન અનેકાન્ત સિદ્ધાન્તને સત્ય માને છે. તેના
યથાવત્ દર્શન - સમ્યક્ત્વ દ્વારા સર્વજ્ઞત્વ લભ્ય છે.
સમ્યગ્રત્નથી મિથ્યાજ્ઞાન અને તજ્જન્ય ક્લેશોનો ક્ષય
અને તે દ્વારા જ્ઞાનાવરણનો સર્વથા, નાશ થવો
સર્વજ્ઞત્વની પ્રાપ્તિ સંભવિત છે.
સમ્યગ્રત્નને કોઈને નૈરાત્મ્યદર્શનરૂપ,
કોઈ પુરુષ - પ્રકૃતિ આદિ તત્ત્વોના સાક્ષાત્કારરૂપ,
કોઈ દ્રવ્ય - ગુણકર્મ આદિ છ પદાર્થના તત્ત્વજ્ઞાનરૂપ,

કોઈ આત્મવાદરૂપ અને કોઈ અનેકાંતરૂપ માને છે.

'ઈન્દ્ર' પદનો અર્થ આત્મા યા જીવ છે.

ઈંદ્રિયોનું ઉત્પાદન કારણ પ્રાકૃત અહંકાર છે - સાંખ્ય.

સ્થૂળ ઈંદ્રિયોનું કારણ પુદ્ગલ વિશેષ જડ દ્રવ્ય છે.

ઈંદ્રિયોનો બાહ્યાકાર એ ઈંદ્રિયાધિષ્ઠાન છે,

તેમાં સ્થિત અતીન્દ્રિય વસ્તુ તે ઈંદ્રિય છે,

પછી તે ભૌતિક હો યા આહંકારિક હો,

જૈન મતે તે ચૈતન્યશક્તિ વિશેષરૂપ છે,

ભાવેન્દ્રિય યા મુખ્ય ઈંદ્રિય તે છે.

મન એ આંતરિન્દ્રિય - અંતઃકરણ છે.

એ રીતે બુદ્ધિ - ઈંદ્રિયો છ છે અને

સાંખ્ય મતાનુસાર કર્મેન્દ્રિય પાંચ છે.

ભાવમન આત્મા, દ્રવ્યમન હૃદય દેશવર્તી યા

સમગ્ર સ્થૂળ શરીર - જૈન મત.

વસ્તુ માત્ર દ્રવ્ય - પર્યાયાત્મક, નિત્યાનિત્યાત્મક અથવા સદસદાત્મક છે. ક્ષણિકત્વવાદ વૈરાગ્યપોષક ભાવનારૂપમાં કે નૈતિક - આધ્યાત્મિક વસ્તુ રૂપના અર્થમાં સત્ય છે,

પદાર્થવિજ્ઞાન અર્થમાં અર્ધસત્ય છે.

પ્રત્યેકવાદની સત્યાસત્યતાની કસોટી, બંધ અને મોક્ષ

અવસ્થા, એ કર્મફલના કર્તૃત્વ-ભોક્તૃત્વ પર આધારિત છે.
જ્ઞાનનું ફલ અજ્ઞાનનાશ અથવા વસ્તુવિષયક અધિગમ
- સાક્ષાત ફલ અજ્ઞાનનિવૃત્તિ છે અને
જ્ઞાનનું પરંપર ફલ હાનોપાદાનોપેક્ષા બુદ્ધિ છે.
અજ્ઞાનનિવૃત્તિ તથા સ્વપર વ્યવસિતિ અનંતર ફલ છે.
બંને એક સિક્કાની બે બાજુ છે.
જ્ઞાનનું દુઃખ ક્ષણિક છે અને અજ્ઞાનનું સુખ ક્ષણિક છે.
દુનિયામાં જે શ્રેષ્ઠ પુરુષો હોય છે,
તે અજ્ઞાત રહી જાય છે, તે પ્રસિદ્ધ નહીં થતા.
જેઓ અત્યંત પ્રસિદ્ધ છે, તેઓ હતાં તો મહાપુરુષ પણ
બીજા નંબરના - પહેલાં નંબરના જે હતાં,
તે તો લગભગ અજ્ઞાત રહી ગયા હોય છે, પરંતુ
તે ઘણા પવિત્રતાવાળા અને ઊંચામાં ઊંચા દરજ્જાના હોય છે.
અહિંસા - સંયમ - તપમાં અષ્ટાંગ - યોગ અંતર્ગત છે.
યમ તથા નિયમ એ અહિંસાસ્વરૂપ છે,
આસન, પ્રાણાયામ અને પ્રત્યાહાર એ સંયમસ્વરૂપ છે,
ધ્યાન અને ધારણા એ તપસ્વરૂપ છે.
દશવિધ યતિધર્મમાં યમ - નિયમ ઉપરાંત તપધર્મ છે.
તે ઇચ્છાનિરોધરૂપ હોવાથી આસન - પ્રાણાયામ - પ્રત્યાહાર
સ્વરૂપ બહિરંગ - બાહ્ય છે, ઉપરાંત

ધ્યાન, ધારણા અને સમાધિસ્વરૂપ બહુ
આભ્યંતર અથવા અંતરંગ તપ છે.

ગર્હા અને અનુમોદના એ Actionના Reaction છે.
શરણાગતિ એક જ માત્ર Action છે.

## ચાર પુરુષાર્થ

(૧) 'ધર્મ' એટલે પરોપકાર કરવો,
બીજાને પોતાની નજીક લાવવા અથવા તો સમાન કરવા.
તે પરોપકાર દ્વારા સાધ્ય છે, માટે પરોપકાર તે ધર્મ છે.
'પરોપકારઃ પુણ્યાય, પાપાય પરપીડનં |' અર્થાત્:
પરોપકાર પુણ્ય માટે અને પરપીડા પાપ માટે થાય છે.

(૨) 'અર્થ' એટલે પરપ્રયોજન સિદ્ધ કરવું.
બીજાનું પ્રયોજન સિદ્ધ કરવું તે અર્થ છે.

(3) 'કામ' એટલે પરની ઇચ્છા પૂર્ણ કરવી.
બીજાની ઇચ્છા પૂરી કરવી તે કામ છે.

(૪) 'મોક્ષ' એટલે સ્વસંબંધી ઇચ્છાનું વિસર્જન.
પોતાની ઇચ્છાથી મુક્ત થવું તે મોક્ષ છે. કહ્યું છે કે:

ઉપકારઃ પરો ધર્મઃ - કાયા
પરોઽર્થઃ કાર્યનૈપુણ્યમ્ | - વચન
પાત્રે દાનં પરઃ કામઃ - મન, ધન
પરો મોક્ષો વિતૃષ્ણતા ||૧||

બીજા ઉપર ઉપકાર તે પોતાના ઉપર જ ઉપકાર છે, પર પ્રયોજન સિદ્ધ કરવું, તે સ્વપ્રયોજન સિદ્ધ કરનાર છે, બીજાની કામના પૂરી કરવી તે સ્વકામના પૂરી કરનાર છે. એ રીતે ધર્મ - અર્થ - કામનું પારમાર્થિક સેવન થાય, તો તેને પરિણામે મોક્ષ મળે છે. મોક્ષ એટલે કામનારહિતપણું. ઇચ્છા તથા તૃષ્ણાથી મુક્ત થવું તે મોક્ષ છે. તેનું સાધન પરાર્થ પ્રવૃત્તિ રૂપી પરોપકારને સાધનાર પુરૂષાર્થો છે.

સં. ૨૦૨૬, માગસર વદી ૦)) બુધવાર, ૭-૧-૧૯૭૦, વડગામ

ધર્મનું મૂળ મૈત્ર્યાદિભાવો તથા ફળ ક્ષાન્ત્યાદિ ધર્મો છે.

ધર્મનું ધ્યેય પિંડસ્થાદિ ધ્યાન છે તથા

ધર્મનું ધ્યાન આજ્ઞાવિચયાદિ છે.

'નમો અરિહંતાણં |' મૈત્ર્યાદિભાવોથી યુક્ત

સર્વો ધ્યાતા નવકારના ધ્યાનનો અધિકારી છે.

નવકારના ધ્યાનનું ફળ ક્ષાંત્યાદિ ધર્મો છે,

ધ્યેય પિંડસ્થાદિ છે અને ધ્યાન આજ્ઞાવિચયાદિ છે.

ધ્યાતા = મૈત્ર્યાદિ ભાવનાયુક્ત જીવ.

ધ્યેય = પિંડસ્થાદિ અને નામાદિ ચાર.

ધ્યાન = આજ્ઞાવિચયાદિ ચારનું.

ફળ = ક્ષાન્ત્યાદિ ચાર અવસ્થારૂપ.

ધર્મવૃક્ષનું મૂળ મૈત્ર્યાદિભાવો છે.

ધર્મવૃક્ષનું ફળ ક્ષાન્ત્યાદિ ધર્મો છે.

ધર્મવૃક્ષની શાખા - પ્રશાખા પિંડસ્થાદિ ધ્યાન છે.

ધર્મવૃક્ષના પત્ર - પુષ્પાદિ આજ્ઞાવિચયાદિ ધ્યાન છે.

આજ્ઞાવિચય ધર્મધ્યાનમાં આશ્રવની હેયતાનો વિચાર તે અપાયવિચય ધર્મધ્યાન છે.

સંવરની ઉપાદેયતાનો વિચાર તે વિપાકવિચય ધર્મધ્યાન છે. તેના પરંપર ફળરૂપે સ્વર્ગાપવર્ગાદિનો વિચાર તે સંસ્થાન-વિચય ધર્મધ્યાન છે. ધર્મનું અનંતર ફળ ક્ષાંત્યાદિ ધર્મો છે, તેને ધારણ કરનાર પંચપરમેષ્ઠિના નામ - આકૃતિ - દ્રવ્ય-ભાવનું ધ્યાન તે શાખા - પ્રશાખારૂપ પિંડસ્થ આદિ છે. ધર્મનું લિંગ પરિણામની વિશુદ્ધિ અથવા અધ્યવસાયની નિર્મળતા છે. તે તો જ સધાય કે પ્રભુતાની ભાવના થાય.

'આત્મા નિજગુણોથી પ્રભુ છે'

એ ભાવના નિર્લોભતાને જગાડે છે અને નિર્લોભતામાંથી જ ક્રોધ - માન - માયારહિત દશા પ્રગટે છે.

નિર્લોભતા પ્રભુતાની ભાવનાનું ફળ છે.

પ્રભુતાની ભાવના માટે પ્રભુસ્વરૂપ પામેલા અરિહંતાદિના નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવની વિચારણા, ધારણા, ધ્યાનાદિ આવશ્યક છે. તેનું નામ પિંડસ્થાદિ ધ્યેયનું ધ્યાન છે.

આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાન તેની જ પુષ્ટિ માટે છે.
આજ્ઞાવિચયમાં શરણાગતિ,
અપાયવિચયમાં દુષ્કૃતગર્હા તથા સુકૃતાનુમોદના અને
સંસ્થાનવિચયમાં તેનાં ફલસ્વરૂપ દુર્ગતિનિરોધ,
સદ્ગતિગમન અને પરંપરાએ પરમગતિની પ્રાપ્તિ છે.
પિંડસ્થાદિમાં ફલની પ્રાપ્તિ કરનાર પૂર્ણ - પુરુષોનું ધ્યાન
તથા આજ્ઞાવિચયાદિમાં પૂર્ણ સ્વરૂપની પ્રાપ્તિનો ઉપાય છે.
આજ્ઞાદિનું આરાધન એ ઉપાય છે, તેમ આજ્ઞાદિના
આરાધનથી પૂર્ણ ફલની પ્રાપ્તિ કરનાર અરિહંત આદિની
સેવા, ભક્તિ, બહુમાન, આદર આદિ પણ ઉપાય છે.
ત્રિકરણયોગે આજ્ઞાનું આરાધન તો જ ફળીભૂત થાય છે.
ધ્યાતા - મૈત્ર્યાદિયુક્ત, ધ્યેય - પિંડસ્થાદિનું ધ્યાન,
ધ્યાન - આજ્ઞાવિચયાદિનું પાલન તથા
ફલ - ક્ષાન્ત્યાદિ ધર્મોની પ્રાપ્તિ છે.
મૂળમાં મૈત્ર્યાદિ છે અને તેના ફળમાં ક્ષાન્ત્યાદિ છે.
મૈત્ર્યાદિમાં સર્વ જીવોનો વિચાર છે અને
ક્ષાન્ત્યાદિમાં શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ છે.
સાધનના બે પ્રકાર છે: એક તો ક્ષાન્ત્યાદિ ધર્મોને
સિદ્ધ કરનાર મહાપુરુષોનું નામાદિ વડે આરાધન અને

જાણું તે મહાપુરુષોની આજ્ઞાનું આરાધન.
આજ્ઞારાધન આસ્રવના ત્યાગ તથા સંવરના સેવનથી થાય છે.
આસ્રવનો ત્યાગ અને સંવરનું સેવન
દ્રવ્ય, ગુણ, પર્યાયના ચિન્તન વડે થાય છે.
તેને સંસ્થાનવિચય ધર્મધ્યાન કહે છે.
ધર્મ, અધર્મ, બંધ, મોક્ષ આદિ તત્ત્વોની વિચારણા
તો જ ઘટે કે પદાર્થ નિત્યાનિત્યાત્મક
ઉભય સ્વરૂપી સમજાણો હોય, તેથી નિત્યાનિત્યાત્મક
ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્યનો વિચાર એ તત્ત્વજ્ઞાનનો પાયો છે.
તે પાયાના વિચાર ઉપર આસ્રવની હેયતા અને
સંવરની ઉપાદેયતાનો વિચાર સ્થિર થાય છે.
એ બધાનું મૂળ વીતરાગનું વચન છે. વીતરાગવચનની
ભક્તિ વીતરાગપુરુષોના નામાદિની ભક્તિ પર અવલંબે.
એ ભક્તિ એક બાજુ મહાપુરુષોનું બહુમાન કરાવે છે
અને બીજી બાજુ બહુમાનથી પ્રાપ્ત થતાં અનુગ્રહ વડે
પોતાના પૂર્ણ સ્વરૂપનું ભાન કરાવે છે,
જેના ફળરૂપે ક્ષાન્ત્યાદિ લાભ થાય છે.
મૈત્ર્યાદિ ભાવનાથી યુક્ત સાધકને ક્ષાન્ત્યાદિ ધર્મો રૂપી
સાધ્યની સિદ્ધિ માટે વચનની આરાધના એ સાધન છે.

વચનની આરાધના વચન કહેનાર વક્તાની આરાધના
ઉપર આધાર રાખે છે. વક્તા વીતરાગ પુરુષો છે.

'વીતરાગ' એટલે આત્મામાં જ
આત્માની વૃત્તિને અનુભવનાર પૂર્ણપુરુષ.

તેમની આરાધના તેમના નામાદિની
આરાધનાની અપેક્ષા રાખે છે, તે પિંડસ્થાદિ ધ્યાનસ્વરૂપ છે.
તે પણ વચનની આરાધનારૂપે જ કરવાનું હોય છે.
વચનની આરાધનાનું એક પાસું વચનને કહેનારની આરાધના
છે, તેમ બીજું પાસું વચનને જીવનમાં ઉતારવાનું છે.

'વચન' એટલે આજ્ઞા.

તેનું ચિંતન તે આજ્ઞાવિચય, જે આસ્રવની હેયતા અને
સંવરની ઉપાદેયતા જણાવે છે. અપાયકારક આસ્રવ છે,
તેથી તેની હેયતાનું ચિન્તન
અને તેથી વિરુદ્ધ સંવરની ઉપાદેયતાનું ચિન્તન તે
અનુક્રમે અપાયવિચય તથા વિપાકવિચય ધર્મધ્યાન છે.

તેનું ચિન્તન એટલે...
આજ્ઞાની આરાધના એ મોક્ષનો હેતુ છે અને
આજ્ઞાની વિરાધના સંસારનો હેતુ છે.
'વિપાકવિચય' ધર્મધ્યાન છે.

વચનની વિચારણામાં શ્રુત તથા ચારિત્રધર્મ સમાઈ જાય છે.
ચારિત્રધર્મ આસ્રવની હેયતા અને
સંવરની ઉપાદેયતા સ્વરૂપ છે તથા શ્રુતધર્મ એ
'વસ્તુ માત્ર ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્ય સ્વરૂપ છે'
એ જાતિના ચિન્તન સ્વરૂપ છે.
'૧૪ રાજલોક પંચાસ્તિકાયથી ભરેલો છે અને
બધા દ્રવ્યો ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યાત્મક છે'
એ જાતિનું ચિન્તન તે સંસ્થાનવિચય ધર્મધ્યાન છે.
વક્તાની વિચારણા અને ધ્યાન તે
પિંડસ્થાદિ ધ્યાનના પ્રકારો છે અને વચનની
વિચારણા અને ધ્યાન તે આજ્ઞાવિચયાદિ ધર્મધ્યાન છે.
ઉભય પ્રકારના ધ્યાન એ સાધનસ્વરૂપ છે.
તેનું મૂળ મૈત્ર્યાદિ અને તેનું ફળ ક્ષાન્ત્યાદિ છે. એ રીતે
વિચારણા કરવામાં આરાધનાના સર્વ અંગો આવી જાય છે.

°

*When we relax and know that*
*the wonderful resources for*
*healing are continually*
*renewing us allover our being,*
*we find maximum wholeness.*

રાત્રે ધ્યાન કરતે ઊગો આવ્યા | સૂત્ર પર થયેલ અનુપ્રેક્ષા:

સદૃશતાની અને એકતાની ભાવના કરવાથી નિશ્ચલ ધ્યાનની પ્રાપ્તિ થઈ શકે અને તે સિવાય ન જ થઈ શકે.

તેથી નિશ્ચલતા માટે ધ્યાનાર્થીને પૂર્વે 'પરમાત્મા તથા મારો આત્મા સદૃશ છે' એવો ભાવ ભાવી 'અંતે એક જ થાશે' એવો નિર્ધાર કરવો પડે છે, ત્યારે જ અભેદ પ્રણિધાન થઈને એકતાનો અનુપમ અનુભવ થાય છે માટે આત્મા અને પરમાત્મા બન્નેની સદૃશતા અને એકતાનું જ્ઞાન અને રુચિ - એ જ નિશ્ચયથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન છે અને સદૃશતા તથા એકતાનો અનુભવ થવો એ જ નિશ્ચયથી સમ્યક્ચારિત્ર છે. એકતાના આ અનુભવ વખતે પ્રાયઃ નિર્વિકલ્પ દશા રહે છે.

ઉપા૦ યશો૦ મહારાજ ફરમાવે છે કે:

એકતા જ્ઞાનનિશ્ચય દયા, સુગુરુ તેહને ભાખે,
જે અવિકલ્પ ઉપયોગમાં, નિજ પ્રભુને રાખે.
...આતમતત્ત્વ વિચારીએ.

શ્રીમદ્ દેવચંદ્રજી ગાય છે કે:

ધર્મ જગનાથનો ધર્મ શુચિ ગાઈએ,
આપણો આતમા તેહવો પાઈએ.

'જાતિ વસ્તુ એકતા તેહ પલટે નહિ,
શુદ્ધ ગુણ પજ્જવા વસ્તુ સત્તામયી.'
'મનન - ત્રાણ - ધર્માણો મન્ત્રાઃ ।'
અર્થાત્: મંત્ર મનન અને ત્રાણ ધર્મવાળા હોય છે.
એકો નાદાત્મકો વર્ણઃ, સર્વ વર્ણાઽવિભાગતઃ ।
સોઽનસ્તમિતરૂપત્વાત્, અનાહત ઇહોદિતઃ ॥ અર્થાત્:
હૃદયદેશમાં એક અખંડ વર્ણ સર્વ વર્ણોના અવિભાગાત્મક
સતત ઉચ્ચરિત થાય છે, તેને 'અનાહત' કહેવાય છે.
એ નાદાત્મક વર્ણ સદા ઉદિત રહે છે,
તે કદી અસ્ત થતો નથી.
અનાહતને પરા ઓંકારના દેવ, ભૈરવ સદ્ભાવ અથવા
માતૃ સદ્ભાવ પણ કહે છે, જેમાં
સંપૂર્ણ ચરાચર જગત લીન રહે છે.
'પરનાદ એ પરમાત્માનો વૈભવ છે'
આ પ્રસ્ફુરણનું પરામર્શન તે મનન છે અને
સંકોચમય-ભેદાત્મક-અપૂર્ણ સંસારનું પ્રશમન તે ત્રાણ છે.
પૂર્ણાહંતાનુસંધાનાત્મા સ્ફુર્જત્મનનધર્મતઃ ।
સંસારક્ષયકૃત્ ત્રાણધર્મતો મન્ત્ર ઉચ્યતે ॥૧॥
(ભાષાંતર માટે જુઓ પરિશિષ્ટ-૧)

ભક્તિ એ સ્નેહ અને શૌર્યનું પ્રતીક છે.
ભક્તિમાં રુક્ષતા અને ઉદાસીનતાનો નિરાસ છે.
પૂર્ણાહંતારૂપ અદ્વૈત તત્ત્વ છે, તે પ્રકાશની આત્મવિશ્રાંતિ છે.
હૃદયદેશમાં અકાર અને દ્વાદશાંતમાં હકારનો ઉદય થાય છે.

: ય વર્ગ :

રાગ એ નિત્ય તૃપ્તિનો વિરોધ છે.
વિદ્યા એ સર્વજ્ઞત્વની વિરોધિની છે.
કલા એ સર્વ કર્તૃત્વની વિરોધિની છે.
માયા એ પ્રકૃતિ છે.

: શ વર્ગ :

મહામાયા, શુદ્ધ વિદ્યા, ઈશ્વર, સદાશિવ.
સ્વર વર્ગ = શિવ.
નિર્ગુણ ભક્તિ રાજયોગ તુલ્ય છે.
સગુણ ભક્તિ ભાવરૂપા ને રસરૂપા છે.
ભક્તિમાર્ગમાં રાગના સ્થાને ભગવત્ કૃપા અને યોગના સ્થાને વિરતિ - વિવેકનો મુખ્ય માનેલ છે.
વૃત્તિપ્રવાહથી રહિત ચિત્તનું નામ 'આત્મા' છે.
પ્રપંચરહિતચિત્તા = સતત સતત, સ્વયંભૂ, ચિતિશક્તિનું અપ્રતિહતરૂપથી સ્ફુરણ તે creative energy છે.

તે સ્ફુરણા વિમર્શરહિત છતાં સ્વસંવેદ્ય છે.
તે જ વાસ્તવિકતા છે.
નાદાનુસંધાન તેનો ઉપાય છે, ગુરુકૃપા તેનું સાધન છે.
તત્ત્વની સાથે એકતા એ સહજ છે. તે સરોવર છે, તેનો
તરંગ એ પ્રેમ છે, અંતર્લક્ષ્ય - બહિર્દૃષ્ટિ એના અર્થ છે.
એને સુરતિ, સુરતા અથવા શબ્દ પણ કહે છે.
તેનો પરિચય, પરચા, પહેચાન - અભિપ્રેત છે.
આત્માના સ્પંદને 'પ્રભુ' કહે છે.
માયા નર્તકી છે, ભક્તિ પટરાણી છે.
માયા અપાયકારિણી છે, ભક્તિ અનપાયી છે.
સંપૂર્ણ શક્તિઓની સ્વામિની રાધા - આરાધના છે
તથા તે જ નમણી છે.
સત્ એ સંધિનીશક્તિ છે, ચિત્ એ સંવિતશક્તિ
અને હ્લાદિની એ આનંદશક્તિ છે.
સ્વરૂપની વિસ્મૃતિથી જીવને અણુસંસાર છે.
જીવનો વૈભવ સત્, ચિત્, આનંદ છે.
ઈશ્વરકૃપા અને શક્તિપાત - બે એક જ વસ્તુ છે.
અનુગ્રહથી અનુરાગ ઉત્પન્ન થાય છે.
અનુરાગથી ભગવદાપન્નતા અને સર્વ ક્લેશમુક્તિ થાય છે.

ભગવાન ઉપરના સ્નેહથી સંસાર પ્રત્યેનો રાગ નાશ પામે.
સુખદુઃખના સામરસ્યથી આનંદમૂર્તિ શિવનું તાંડવ નજરે પડે.
તાંડવનૃત્ય = ઉત્પાદ - વ્યય - ધ્રૌવ્યની સમકાળે અવસ્થિતિ.
સુખ - દુઃખ સામરસ્યતા અને શત્રુમિત્ર સામરસ્યતાનો પ્રચાર
એ શાશ્વત આનંદનો માર્ગ છે.

ઇચ્છાનું અધિષ્ઠાન મન, જ્ઞાનનું અધિષ્ઠાન બુદ્ધિ અને
ક્રિયાનું અધિષ્ઠાન અહંકાર છે. એ ત્રણેમાં એક જ
ચિતિશક્તિ કાર્ય કરે છે, તેથી અનુભવ તે સામરસ્યતાનો
અનુભવ છે, તેથી અતીન્દ્રિય પ્રાતિભજ્ઞાનનો ઉદય થાય છે.
પ્રાતિભજ્ઞાનોદય અજ્ઞાન - મોહ ઉભયનો નાશ કરે છે.

રાગ વડે સંકોચ થાય છે.
તેનો નાશ થવાથી નિત્ય તૃપ્તિત્વ અનુભવાય છે.
નિયત - મર્યાદિતની વિરુદ્ધ અનિયત,
અમર્યાદિત વ્યાપકત્વ તે નિયતિ છે.
વિદ્યામાં સર્વજ્ઞત્વનો સંકોચ છે.
કલામાં સર્વકર્તૃત્વ - કાલમાં સદા નિત્યત્વનો સંકોચ છે.
શિવનું એ સંકુચિત સ્વરૂપ એટલે જીવત્વ છે.
સાધના અને ઉપાસના એ શબ્દપ્રમાણ ઉપર નહિ
પણ અનુભવપ્રમાણ ઉપર અવલંબિત છે.

બંધન કે મોક્ષ આપવાની શક્તિ જડમાં છે નહિ.
બંધન આત્માના વિચારમાં, વિકલ્પમાં, ભાવમાં છે.
જ્યાં શુદ્ધ દ્રવ્ય દ્રવ્ય છે, ત્યાં શુદ્ધ બંધન નહિ,
પરંતુ દ્રવ્ય જ્યારે પણ ભાવની પકડમાં આવે છે, ત્યારે
બંધન થઈ જાય છે. ભાવથી જ બંધન અને મુક્તિ છે.
બંધન શરીરથી નહિ પણ શરીરના નિમિત્તે
મનમાં જે વિકલ્પ થાય છે, રાગ-દ્વેષના પરિણામ થાય છે,
તે વિકલ્પ અથવા મનઃપરિણામોના કારણે બંધન થાય છે.
અંદરના ભાવોમાં રાગ-દ્વેષની ચીકાશ નહિ,
તો બાહ્ય પદાર્થોના રજકણ આત્મા ઉપર ચોંટી શકતા નહિ.
આત્મા મલિન થઈ શકતો નહિ.
કર્મબંધનું કારણ પણ આત્મા જ છે અને
કર્મમોક્ષનું કારણ પણ આત્મા જ છે.
કહ્યું છે કે: વાયુના ચીયતે મેઘઃ, પુનસ્તેનૈવ નીયતે।
મનસા કલ્પતે બન્ધો, મોક્ષસ્તેનૈવ કલ્પતે ॥ <u>અર્થાત્:</u>
મેઘઘટાઓના બનવામાં વિલંબ લાગે પણ વિખરાવવામાં
અધિક સમય નહિ લાગતો, તે રીતે આત્માને સ્વસ્વરૂપમાં
આવવા માટે અધિક સમય કે સંઘર્ષની અપેક્ષા નહિ.
વિલંબ કે સંઘર્ષ તો પરરૂપ તરફ જવામાં છે.

એક સમયમાત્ર પણ શુદ્ધ આત્મસ્વરૂપમાં રહેવા માટે
પુરૂષાર્થ કરવામાં આવે તો
અનેક કોટિભવોમાં ઉપાર્જન કરેલા કર્મો વિખરી જાય છે.
ગુફામાં હજારો કે લાખો વર્ષોથી સંચિત અંધકારની રાશિને
સૂરજનું એક જ કિરણ કે દીપકની એક જ જ્યોત
ક્ષણવારમાં નષ્ટ કરી શકે છે.
અંધકારનો નાશ અને પ્રકાશનો આવિર્ભાવ
સમક્ષણે, સમકાળે, એક જ ક્ષણમાં થાય છે.
પાશવિક શક્તિની અપેક્ષાએ માનવીય શક્તિ પ્રબળ
તથા પૌદ્ગલિક શક્તિઓની અપેક્ષાએ
આત્મિક શક્તિઓ વધુ બળવાન છે.
આત્માની અનંત શક્તિ
કર્મોની અપરાજેય શક્તિઓનો પણ વિધ્વંસ કરે છે.
શાસ્ત્રો કહે છે કે:

पच्छावि ते पयाया खिप्पं गच्छंति अमरभवणाइं ।
जेसिं पिओ तवो संजमो खंती य बंभचेरं च ॥

(પરિશિષ્ટ-૨)

बुज्झिज्जत्ति तिउट्टिज्जा बंधणं परिजाणिया । અર્થાત્:
બોધ પામો અને બંધનને જાણીને તેનો ત્યાગ કરો.

આત્મા એ પરમાત્માનો એક અંશ યા સ્ફુલિંગ છે,
એમ નહિ, પરંતુ
તે તો સ્વયં પૂર્ણ પરમાત્મા - વિશુદ્ધ આત્મા પોતે છે.
તપ, સંયમ, ક્રિયા કે બ્રહ્મચર્ય - આધ્યાત્મિક સાધનો છે,
સુખ - શાંતિ માટે સાધન વિવેક, વૈરાગ્ય, ત્યાગ, તપ છે.
અતિ પશ્ચાત્તાપ કેટલીક વખત પરિતાપરૂપ બની જાય છે.
જપ એક પ્રકારનું સ્મરણ જ છે.
વાચિક જપ એ માનસિક જપનું એક અનન્તરૂપ છે.
પ્રત્યેક આત્મા પરમાત્મા છે, અંતર કેવળ આવરણનું છે.
પ્રાણીમાત્રને મૂળમાં શુદ્ધ અને નિર્દોષ સમજતા રહેવાથી
આત્માની અવ્યક્ત પરમાત્મ સ્થિતિ વ્યક્ત બને છે.
બ્રાહ્મ મુહૂર્તને 'અમૃતવેળા' પણ કહે છે.
'એકવારનો નમસ્કાર પણ સંસારના પારને પમાડે છે.'
એ વાક્ય ભગવાનના નામની અપાર શક્તિને સૂચવે છે.
એ શક્તિ ભક્તિગ્રાહ્ય છે.
શ્રદ્ધા, નિષ્ઠા અને ભક્તિ જેટલાં અધિક,
તેટલી એ શક્તિ અધિક પ્રકટમાં આવે છે.
મસ્તક અને મન - બંને નમવાં જોઈએ.
નમસ્કાર એ નિરહંકારના અર્થમાં છે.

આરાધના ચરણોમાં સર્વ ભાવથી સમર્પણ એ નમસ્કાર છે.

જીવનની અંતિમ ક્ષણોનો સદુપયોગ કરવાનું
સર્વ શ્રેષ્ઠ સાધન સ્મરણ, જાપ, ધ્યાન છે.

કોઈપણ પ્રકારે ઉપયોગને - સુરતને પ્રભુમાં,
પરમાત્મામાં, નિજ શુદ્ધ આત્મસ્વરૂપમાં જોડવું જોઈએ.

જ્યાં જીવનનો અંત છે, ત્યાં મરણનો અંત પણ છે જ.

કાર્ય યા કર્મમાં દોષ હોય કે મલિનતા નથી, કિન્તુ
આસક્તિ અને લિપ્તતામાં દોષ છે.

કર્મ એ બંધન નથી, લિપ્તતા એ બંધન છે.

સ્વપ્રશંસા એ નીચ ગોત્ર કર્મબંધનો હેતુ છે.

આત્માના યથાર્થ શુદ્ધ સ્વરૂપનું ચિન્તન
આત્મપ્રશંસાની કોટિમાં આવતું નથી,
એ પ્રક્રિયામાં બીજાને હીન-નીચ સમજવામાં આવતા નથી.
આત્મસ્વરૂપનું જ્યારે ચિન્તન કરવામાં આવે છે,
ત્યારે તે સ્વરૂપ સર્વ આત્માઓમાં એકસરખું છે,
એવો નિર્ણય થાય છે, તેથી આત્મસ્વરૂપનું ચિન્તન
એ વિશ્વના સમગ્ર આત્માઓના સ્વરૂપનું ચિન્તન છે.
સર્વના પ્રત્યે એક જ પ્રકારની ઉત્તમતાની દૃષ્ટિ છે,
તેથી તેમાં વ્યક્તિગત તુચ્છ અહંકારનો અવકાશ નથી.

પોતાને મહાન - બીજાને હીન સમજવાનું તેમાં હોતું નથી,
તેથી તે ચિન્તન નીચ ગોત્ર કર્મબંધનનું કારણ થતું નથી.
આત્મનિંદા પણ કેવળ નિંદાને માટે નથી પણ ભૂલોના
સ્વીકાર માટે છે, ગંદકીનો પોકાર ગંદકી માટે નથી પણ
તેને સ્વચ્છ કરવા માટે છે. ભૂલોની નિંદા તે આત્માની
નિન્દા નથી પણ આત્માની સ્વચ્છતાને પ્રકટાવવા માટે છે.
ભૂલોની નિંદા ભૂલોને ભૂલ માની તેને દૂર કરવા માટે છે.

આત્મનિન્દા આત્માને પરિષ્કૃત કરવા માટે છે,
વિકૃત રાખવા માટે નહિ, તેથી તે કર્તવ્ય છે.

આકુળતા અને ખિન્નતા એક પ્રકારનું આત્મહનન છે.

રસહીન સાધના એ શબ છે, શિવ નહિ.

મનુષ્ય ભૂલમાં બૂરો નથી,
ભૂલ કરવા એ તેનો સ્વભાવ નહિ પણ વિભાવ છે.
વિભાવ અશાતાજનિત છે અને
અશાતા પૂર્વે કરેલા કર્મોના ઉદયના કારણે છે.
સાધક કર્મને મહત્ત્વ આપે છે, તેની સાથે જ
કર્મથી પણ અધિક એવા આત્મશક્તિને સ્વીકારે છે.
આત્મશક્તિથી કર્મોદયને વિફલ કરી શકાય એમ તે જાણે છે,
આત્મશક્તિથી ચઢિયાતી કોઈ શક્તિ વિશ્વભરમાં છે નહિ,
એમ પણ તે જાણે છે.

કહ્યું છે કે: 'સવ્વબલં ધમ્મબલં જિણાઇ ।'
અર્થાત્: સર્વ શક્તિઓને ધર્મશક્તિ જીતી જાય છે.

ઉવસમેણ હણે કોહં, માણં મદ્દવયા જિણે ।
માયં ચ ઽઽજ્જવ ભાવેણ, લોભં સંતોસઓ જિણે ॥૧॥

અર્થાત્: ક્ષમાથી ક્રોધને, મૃદુતાથી માનને, સરલતાથી માયાને
અને સંતોષથી લોભનું શમન કરી શકાય છે.

આત્મપૂજા એ જ પરમાત્મપૂજા છે.
બાહ્યના દેવ-દેવતાઓની પૂજા તે માયાજાળ છે.
જાળ બંધન માટે હોય છે, મુક્તિ માટે નહિ.

'હું કર્તા છું અને હું કર્મના ફળોને ભોગવું છું'
એ કર્મવાદનો સિદ્ધાંત છે.
'ભગવાન કર્તા છે અને ભગવાન જ ફળના ભોક્તા છે'
એ ભક્તિમાર્ગનો સિદ્ધાંત છે.
બંને સિદ્ધાંત વડે નિર્દ્વંદ્વતાનો અનુભવ થઈ શકે છે.
નિર્દ્વંદ્વ સમતારસનો અનુભવ કરવો,
એ બંને સિદ્ધાંતોનું તાત્પર્ય છે.

## શ્રદ્ધા, ભક્તિ અને પ્રેમ

'ભક્તિ'નો અર્થ દાસતા કે પરાધીનતા નહિ પણ
એકતા અને અભેદતાની અનુભૂતિ છે.

સૂર્યનું પ્રતિબિંબ દર્પણની જેમ સૂર્યકાન્તમણિમાં પણ પડે છે.
દર્પણમાં પડેલું પ્રતિબિંબ માત્ર પ્રતિબિંબ છે,
સૂર્યકાંત મણિમાં પડેલું પ્રતિબિંબ
બીજાને પણ પ્રકાશિત કરે છે, જલાવી શકે છે.
ઈશ્વર પ્રત્યે શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ ધરાવનારા સૂર્યકાન્ત
મણિની જેમ બીજાને પણ પ્રેમવાળા બનાવી શકે છે.
લક્ષ્ય બાંધીને તીર ફેંકવાથી લક્ષ્યવેધ થઈ શકે છે.
ચિત્રકાર, શિલ્પકાર કે કુંભકાર પણ
પોતાની ક્રિયા લક્ષ્યપૂર્વક કરે છે, તો સાધનાની કળા
સિદ્ધ કરવા માટે લક્ષ્યની સ્પષ્ટતાની જરૂર અવશ્ય છે.
સાધનાની કળા એ જીવનની કળા છે, તેથી સર્વકળામાં શ્રેષ્ઠ છે.
તેનું લક્ષ્ય સ્પષ્ટ હોવું જોઈએ,
તે લક્ષ્ય વીતરાગતા યા નિર્ગ્રન્થતાની પ્રાપ્તિ છે.
'વીતરાગતા' એટલે આત્મતૃપ્તિ અને
'નિર્ગ્રન્થતા' એટલે આત્મતૃપ્તિ માટે અહં-મમભાવનો ત્યાગ
તથા સમભાવ અને નિર્મમભાવનો અભ્યાસ.
સમભાવનાં અભ્યાસ માટે મૈત્ર્યાદિભાવો અને
નિર્મમભાવનાં અભ્યાસ માટે અનિત્યતાદિ ભાવોનું
ચિન્તન, મનન, નિદિધ્યાસન છે.

ઐશ્વર્યાદિભાવોના ચિન્તનથી અહંભાવ બને છે અને
અનિત્યત્વાદિ ભાવોના ચિન્તનથી મમભાવ જાય છે.

અહંભાવ - મમભાવના જવાથી જે
સમભાવ અને નિર્મમભાવ આવે છે,
તે જ સાચી નિર્ગ્રન્થતા છે, અહં - મમની ગ્રન્થિનો ભેદ છે.

દેહત્યાગ પહેલાં જ દેહસંબંધી મમત્વનો ત્યાગ કરવો,
તે જીવનનું ધ્યેય છે. વિષયો છૂટે તે પહેલાં જ
વિષયો પ્રત્યેની આસક્તિનો ત્યાગ કરવો.

આસક્તિ છૂટવાની સાથે જ મન સમાધિભાવમાં સ્થિર
થઈ જાય છે, પછી મૃત્યુ એ ભયનું સ્વરૂપ લઈને નહિ
પણ આનંદનું સ્વરૂપ લઈને આવે છે.

જીવનનો અંતિમ સમય સમાધિ, સમતા અને
નિર્દ્વંદ્વભાવમાં વિતાવવો તે ભારતીય જીવનનું ધ્યેય છે.

જેને ઈંદ્રિય અત્યંત વશ છે, તે જ બ્રહ્મને જાણી શકે.

એક વાત સ્પષ્ટ સમજાય છે શાસ્ત્રગ્રન્થોમાં -
પછી તે ભગવતીજી કે ભાગવત કે ભગવદ્ગીતા હો,
તેમાં જે કંઈ છે, તે Selfની પણ છે (શબ્દ).
cosmosમાં જે કંઈ છે, તે Selfની પણ છે (અર્થ).
આપણને માત્ર તે વસ્તુ સ્પર્શે છે,

જે આપણા conscious Horizon
ઉપર આવે છે (પ્રત્યય).
'શબ્દાર્થપ્રત્યયાનાં તુલ્યનામધેયાઃ |'
<u>અર્થાત્</u>: શબ્દ અને અર્થપ્રત્યય સમાનાર્થી છે.
સ્વાધ્યાયની આખી યે પ્રક્રિયા unconscious ને
conscious horizon ઉપર લાવવાનો effort છે.
આનું નામ જ sublimation of self છે.
કોઈ આને જ Expansion of awareness કહે છે.
આંતરની ઉપેક્ષા કરી માત્ર બાહ્યમાંથી
લાભની પ્રાપ્તિનો પ્રયત્ન સાર્થક નથી, બાહ્યની અર્થાત્
સાધનની ઉપેક્ષા કરી અંદર ડુબકામાર જેવું છે,
એમ Effortless કોરી ભાવના પણ સાર્થક નથી.
દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનો સમન્વય આમ થઈ શકે.
સ્યાદ્વાદનો ઉપયોગ ત્રણેયમાં છે:
જોવામાં, જાણવામાં અને જીવવામાં.
જે જોઈ - જાણી ન શકે, તે જીવી ન શકે અને આ
conscious livingનો આધાર, પાયો, foundation
તે conscious awareness છે. જિનવાણીનો
અર્થ આ રીતે વિકસિત અને વિશેષે સ્પષ્ટ થાય છે.
<u>(Kiran) D. 5/1/70</u>

બાળ આપણું શરીર બગાડી શકે છે પણ મન નહિ.
મન બગાડવાનું તો જાતે જ થાય છે.
મન ઉપર આપણું સ્વાતંત્ર્ય છે, તેને કષાયાધીન
કરવું કે નહિ, તે આપણી ઇચ્છા ઉપર નિર્ભર છે.
મૈત્રીભાવ એટલે સર્વ જીવો ઉપર સ્નેહભાવ.
ધર્મ કરતી વખતે એની પાયામાં જરૂર છે.
જીવો પ્રત્યે માતા જેવા પ્રેમાળ બને,
તે જ વાસ્તવિક રીતે ધર્મ આરાધી શકે.
કેવળ ચિન્મય - શુદ્ધ ચૈતન્ય દેશ તથા કાળથી અતીત છે.
શુદ્ધ ચૈતન્ય ત્રિકાળાતીત છે.
અજ્ઞાનીને દેહાધ્યાસ સહજ લાગે છે,
જ્ઞાનીને નિરૂપાધિક નિત્ય સ્વાનુભૂતિ સહજ લાગે છે.
કેવળ અનુભૂતિમાં જ્ઞાની દેશકાળાતીત હોય છે.
દેહભાવ પરિમિત છે,
તે અપરિમિત - શાશ્વત ચૈતન્યની તુલના કરી શકે નહિ.
શુદ્ધ ચૈતન્યરૂપી નિરૂપાધિક હૃદયાનુભવ દરમ્યાન
જ્ઞાનીને દેહભાવ લેશમાત્ર હોતો નથી.
સાધુતા કે અસાધુતાનો નિર્ણય કેવળ બાહ્યવેશ ઉપરથી નહિ,
કિન્તુ અંતઃકરણની અવસ્થા ઉપરથી થાય છે.

દેહાધ્યાસથી રહિત થયેલા, બ્રહ્મપદને જાણનારા,
સર્વાત્મભાવવાળા સમદર્શી, સંયમી, નિઃસ્વાર્થ,
ક્રોધ - લોભાદિ અજ્ઞાનજન્ય વિકારોથી પર
એવા મનુષ્યોને જ સાધુકોટિમાં મૂકી શકાય છે.

સંતોષ, વિચાર, શમ અને સંત સમાગમ -
એ ચાર મોક્ષના દ્વારપાળો છે.

સત્સંગથી ઉજ્જડ વન પણ સર્વ સંપત્તિથી ભરપૂર લાગે,
મરણ ઉત્સવ જેવું અને આપત્તિ સંપત્તિ જેવી લાગે.
મનમંદિરમાં વિવેકરૂપી દીપક પ્રકટાવવા માટે
સાધુના સંગની અત્યંત જરૂર છે.

નિર્વાણ પામેલો પુરુષ નિર્વિષયી હોય છે,
શાંત, નિર્લેપ, નિર્મળ અને નિશ્ચળ હોય છે. તેની
વિશાળતાનું માપ શિવ, વિષ્ણુ કે બ્રહ્મા પણ કરી શકાતું નથી.
તે સર્વોત્તમ બ્રહ્મરૂપ થયેલો હોય છે.
એના સ્વરૂપના એક અંશમાં જ
આ જગતનું સૌંદર્ય નિવાસ કરીને રહેલું હોય છે.
પરમ સત્ય તે છે કે આત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે,
પરિપૂર્ણ, નિત્ય, અજર - અમર છે, નિરાકાર - નિર્વિકાર છે.
સમગ્ર સંસાર એ પોતાની મતીં કલ્પેલી કલ્પના જ હોવાથી

'સંસાર પરિવર્તનશીલ - અશાશ્વત છે,
તેનું સ્વતંત્ર અસ્તિત્વ નથી, તેને સ્વતંત્ર સત્તા નથી.'
એ પરમ સત્યમાં આરૂઢ થઈને
માનવે માયાધીશ થવું જોઈએ, જીવન્મુક્ત બનવું જોઈએ.
'હું અને આ જગત'
એ પ્રકારની અનાદિકાળની ભેદબુદ્ધિ શાંત થઈ જાય છે.
અધિષ્ઠાનને જાણવાથી
સંસારનું સંસારપણું આપોઆપ નષ્ટ થઈ જાય છે.
જગતરૂપી કલ્પનાનો આધાર આત્મા કે બ્રહ્મ (ચેતન) છે,
તેને 'અધિષ્ઠાન' કહેવામાં આવે છે.
ફૂલો કે પાંદડાઓને મસળવામાં હાથને પરિશ્રમ પડે છે,
અવિદ્યાને દૂર કરવામાં બુદ્ધિ સિવાય
બીજા કોઈ સાધનની જરૂર પડતી નથી.
અધ્યાત્મશાસ્ત્રનું મનન - પરિશીલન કરવાથી
આત્માનો સાક્ષાત્કાર થાય છે, ભવભ્રમણ મટી જાય છે.
જેમ સઘળાં જળો સમુદ્રમાં વિશ્રાંતિ પામે છે, તેમ
સઘળાં પ્રમાણો અનુભવરૂપી મુખ્ય પ્રમાણમાં વિશ્રાંતિ પામે.
અનુભવપ્રમાણને 'પ્રત્યક્ષ તત્ત્વ' કહેવાય છે.
વૃત્તિરૂપી ઉપાધિને લઈને તે 'સંવિત' કહેવાય છે અને

'હું' એવી પ્રતીતિના કારણે 'પ્રમાતા' ઇત્યાદિ છે.
વિષય રૂપે 'પદાર્થ' ઇત્યાદિ છે.
એક પરમતત્ત્વ - સચ્ચિદાનંદ જગત રૂપે સ્ફુરે છે.
અવિદ્યાથી તે ભોક્તા અને ભોગ્યમાં વહેંચાયેલું છે. ઇંદ્રિયો
- મનના વિષયોથી ખીચોખીચ જગત ભ્રમમાં જ સ્થિત છે.
આત્માનુભૂતિ વિના નિત્યાનંદ-પરમાનંદની પ્રાપ્તિ શક્ય નથી.
રાગથી શબ્દાદિ ગુણો શોભે છે અને
શબ્દાદિ ગુણોથી રાગ શોભે છે.
રાગથી ચારિત્ર્યની અને ચારિત્ર્યથી રાગની વૃદ્ધિ થાય છે.
આ વિદ્યમાન જગતના આધાર તરીકે
એક શાશ્વત તત્ત્વ જે છે, તે સત્‌સ્વરૂપ છે,
ચિત્‌સ્વરૂપ છે, આનંદ સ્વરૂપ છે, શક્તિ સ્વરૂપ છે,
સર્વ રીતે પરિપૂર્ણ છે. લોકનું માનસ ભૌતિક અને
માનસિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવામાં જ કૃતકૃત્યતા માને છે.
મનની પર જઈ અંતઃબુદ્ધિ શાંત કરવામાં તેને આસ્થા નથી.
'વિશ્વનું પરમ સત્ય - તત્ત્વ આત્મતત્ત્વ જ છે,
એક આત્મા જ શાશ્વત છે, બાકી બધા પદાર્થો વિનાશી છે'
આ સત્યને મનમાં સ્થિર કરવું અને
તે પ્રમાણે જીવન ઘડવું.

આત્મવિચાર કરવામાં આવે, તો
કૈવલ્યપદની પ્રાપ્તિમાં કશો પરિશ્રમ કરવો પડતો નથી.
મનમાંથી દ્વૈતનો મૂળથી જ ઉચ્છેદ કરવામાં આવે, તો
આ પરમપદની પ્રાપ્તિ સુગમ છે. શમ, સંતોષ, વિચાર
અને સત્સમાગમ - આ શુભ કાર્યમાં સહાયક છે.
મોક્ષ જ્ઞાનથી જ મળે, કર્મ અને યોગ તેમાં સહાયક છે.
મનને શાંત કરીને, નિરાકાર - નિર્વિકાર આત્માનો
અનુભવ એ જ મોક્ષ પદાર્થ છે.

વિદ્વાનો સત વસ્તુને ઋત, આત્મા, પરબ્રહ્મ, સત્ય -
ઇત્યાદિ નામો આપે છે. જગત બ્રહ્મથી જુદું છે જ નહિ.
દૃષ્ટા ઉપર દૃશ્યનું આધિપત્ય તે 'સંસાર'
અને દૃશ્ય ઉપર દૃષ્ટાનું આધિપત્ય તે 'મુક્તિ'
વિચારથી જ આ દૃશ્ય ઉપર આધિપત્ય કેળવાય છે.
પદાર્થોમાં રસ, પુષ્પોમાં સુગંધ, તેમ દૃષ્ટામાં દૃશ્ય રહેલું છે.
જગતના સર્વ પદાર્થો અસ્થિર, નાશવંત છે,
પરમાત્માની સત્તાથી જ તે સત્તાવાન ગણાય છે.
પરમાત્મા અસંગ છે પરંતુ એના સાંનિધ્યથી જ
સર્વ જડ પદાર્થો ક્રિયાશીલ બને છે.
પરમાત્મા શુદ્ધ જ્ઞાનસ્વરૂપ, અધિષ્ઠાન સ્વરૂપ છે,
અખંડ શાન્તાનન્દ છે, નિર્વિકાર છે.

સર્જન, વિસર્જન, સ્થિતિ વગેરે ક્રિયાઓથી રહિત અને પોતાના શુદ્ધ - અસલ કે original સ્વરૂપમાં નિત્ય તો સદાને માટે એકલો જ છે.

'જેવો પરમાત્માનો શુદ્ધ સ્વભાવ છે, તેવો જ મારો સ્વભાવ છે, કારણકે જીવની જીવત્વ જાતિ એક જ છે અને તે અપેક્ષાએ જીવ એક જ છે.' એમ વિચારવું સિદ્ધતા એ જીવની પોતાની જ અવસ્થા છે, કેમકે જીવત્વ જાતિ કદી પણ પલટાતી નથી. વિશેષ સ્વભાવ કર્માવૃત્ત હોવા છતાં સામાન્ય સ્વભાવ અનાવરિત છે. નિશ્ચયનયે શુદ્ધ આત્મસત્તાની ભાવનાથી ભાવિત થયેલો આત્મા સ્વ શુદ્ધસ્વરૂપનું વારંવાર સ્મરણ - ધ્યાન કરે, ત્યારે સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય છે અને આત્માનુભવના અમૃતનો આસ્વાદ કરતો તે સ્વરૂપમાં મગ્ન બને છે.

નિરાવરણ થયેલા આત્માઓનું ધ્યાન પણ પોતાના શુદ્ધ સ્વરૂપની પિછાન માટે કરવાનું છે. શુદ્ધ આત્મસત્તાની વિચારણા નિશ્ચલ, નિર્મલ, નિર્વિકલ્પ આત્મસ્વરૂપનો અનુભવ કરવામાં સહાયક બને છે. શુદ્ધ સ્વરૂપની સાથે તન્મય બનવાની રુચિ તે દર્શન,

તેના ઉપાયોનો બોધ તે જ્ઞાન તથા

તન્મયતાનો અનુભવ તે ચારિત્ર છે.

પદસ્થ ધ્યાન વડે નામ અરિહંત સાથે એકતા સધાય છે,
રૂપસ્થ ધ્યાન વડે સ્થાપનાઅરિહંત સાથે એકતા સધાય છે,
પિંડસ્થ ધ્યાન વડે દ્રવ્યઅરિહંત સાથે એકતા સધાય છે,
રૂપાતીત ધ્યાન વડે ભાવઅરિહંત સાથે એકતા સધાય છે.

-Kalapurna

અહીં તાત્સ્થ્યથી અંતરાત્માને વિષે પરમાત્માના ગુણોનો સંસર્ગારોપ તથા તદંજનત્વથી અંતરાત્મામાં પરમાત્માનો અભેદારોપ થાય. એ ધ્યાનનું ફળ અતિવિશુદ્ધ સમાધિ.

°

The word 'Yoga' signifies
the method by which man can
unite his finite self with
Infinite Being. motive of Yoga
must be the love for the eternal.
The one eternal is within the
hearts of all that live.
All life is one and he who wishes to
save his own soul will lose it.
The means for the end
lies in the mind to be purified.

The body = Chariot,
Senses = Horses, Mind = Reins,
Buddhi = Charioter,
Sham - Dam = control of mind-senses.

દ્રવ્ય અને ભાવપ્રાણાયામની સાધના

દ્રવ્યપ્રાણાયામમાં પવનનો નિરોધ તથા ભાવપ્રાણાયામમાં માનસિક અશુદ્ધ વિકલ્પોનો નિરોધ થતો હોય છે.
દ્રવ્યપ્રાણાયામની સાધનાથી વાત, પિત્ત અને કફ-એ ત્રણે પ્રકારના દોષો નાશ પામે છે.
ભાવપ્રાણાયામથી મિથ્યાત્વ, વિષયકષાયના વિકલ્પ શમે.
જીવનો વિભાવ = જીવનો દ્વેષ અને પુદ્ગલનો રાગ.
જીવનો સ્વભાવ = પુદ્ગલનો વિરાગ તથા જીવનો સ્નેહ.

Life without aspiration would have no inspiration and without inspiration, religion and progress would be unattainable. Man may be helpless, never hopeless. Life is greater & more imp. than all material things around him.

o બ્રહ્મપ્રાન્તસ્પર્શ - પાવન = દીપ્ત, શુદ્ધ, નિર્મળ.

દીપ્ત = ઉદ્દીપ્ત, કલાબિંદુથી યુક્ત.

શુદ્ધ = મૂલાધારથી ક્રમશઃ ઊર્ધ્વગતિ કરવું.

નિર્મળ = ધ્યાન વડે કશ્મલનો નાશક.

હ્રસ્વાદિથી અન્વિત મંત્રનો ત્યાં સુધી ઉચ્ચાર કરવો કે જ્યાં સુધી તે મંત્ર દ્વાદશાંત - બ્રહ્મરન્ધ્રને સ્પર્શનારો થાય.

'સૂક્ષ્મ' એટલે બિન્દુનું ઉચ્ચારણ.

તે મકારની જેમ ઓષ્ઠથી થતું નહિ પણ નાકની દાંડી પર ભમર વચ્ચે અનુનાસિક ઉચ્ચારણ કરવાની પદ્ધતિ છે.

પ્લુતના ઉચ્ચાર પછી તેનો પ્રારંભ થાય છે અને

તે ઉચ્ચારણ સુંદર રણકારરૂપ છે.

'અતિસૂક્ષ્મ' એટલે અર્ધ ચંદ્ર આદિ ૮ પદોનું ઉચ્ચારણ.

અર્ધચંદ્રથી ઉન્મના સુધીના પદોને 'નાદ' સંજ્ઞા છે.

કુંભકકરણ, રિક્તકરણ અને ઊર્ધ્વરેચકકરણ,

તેથી અનુચ્ચાર્ય એવા બિન્દુ આદિ

અવસ્થાઓરૂપ અર્ધમાત્રા પણ ઉચ્ચારને યોગ્ય થાય છે.

મન સંપૂર્ણ સ્થિર થઈ જતાં

અનાહત ધ્વનિ સંભળાતો નહિ,

તેને 'વિરુદ્ધ અવસ્થા' કહે છે.

વૈખરી = વ્યક્ત વાણી, મધ્યમા = વ્યક્તાવ્યક્ત વાણી,
પશ્યંતી = અવ્યક્ત વાણી, પરા = પરમ અવ્યક્ત વાણી.

તત્ર સ્થિતૌ યત્નોઽભ્યાસઃ | સ્થિતિમાં યત્ન તે અભ્યાસ.

ચિત્તનું વૃત્તિરહિત થઈને શાંત પ્રવાહમાં વહેવું એ સ્થિતિ.
તેની દૃઢતા તે યથાર્થ ફળ નિપજાવનાર થાય છે.

ચિત્ત એક નદી જેવું છે, જેમાં વૃત્તિઓનો પ્રવાહ વહ્યા કરે છે,
તેની બે ધારાઓ વહે છે:

એક સંસારસાગર તરફ - બીજી કલ્યાણસાગર તરફ.
સંસારસાગર તરફ વહેતી ધારાને વૈરાગ્યનો બંધ લગાવી
કલ્યાણસાગર તરફ વહેતી ધારાને વિશેષ રીતે
પ્રવાહિત કરવી, તે ચિત્તની પ્રશાંતવાહિતા રૂપી સ્થિતિ છે.

'આલંબન' એટલે ધ્યેયમાં ઉપયોગની એકતા,
'ઉપયોગ' એટલે બોધરૂપ વ્યાપાર અને
'એકતા' એટલે સજાતીય જ્ઞાનની ધારા.

ઉપયોગની એકતા જ્યારે પ્રભુ આજ્ઞાના અનુસાર અને
શ્રદ્ધાપૂર્વક કરાય, ત્યારે તેને 'સાલંબન' કહેવાય છે.
પિંડસ્થાદિ આલંબન લઈને અનાલંબનમાં પ્રવેશ થાય છે.

અલક્ષ્યને સાધવા માટે લક્ષ્યનું આલંબન લેવું,
એ 'સાલંબન' કહેવાય છે.

મંત્રયોગનો ઉદ્દેશ અંતરાત્માનો પરમાત્મરૂપી ઈશ્વર સાથે ઐક્ય સાધવાનો છે, જે પહેલા સમાલંબનથી સધાતો હોવાથી સમાલંબન એ મંત્રયોગની એક વિશિષ્ટ પ્રક્રિયા છે.

સુખ વિષયની પ્રાપ્તિમાં નહિ કિન્તુ વૃત્તિની એકાગ્રતામાં છે.

યોગાભ્યાસથી વૃત્તિ એકાગ્ર બને છે અને

સુખની પ્રાપ્તિ સ્વવશ થાય છે.

અષ્ટાંગ યોગમાં યમ - નિયમ ચારિત્ર્યગઠન માટે છે,

પ્રાણાયામ - પ્રાણસંયમ માટે છે અને સમાધિ

પિંડશક્તિને બ્રહ્માંડશક્તિમાં મિલન કરવા માટે છે.

<u>પ્રકૃતિનો ધર્મ - પુરુષનો ધર્મ</u>

એકને અનેક કરવું, તે પ્રકૃતિનો ધર્મ છે.

અનેકત્વથી એકત્વ ઉપર આવવું, તે પુરુષનો ધર્મ છે.

મનુષ્યની અંદર એક અસાધારણ સત્તા છે,

તેને જાણવાથી જુદું જાણી શકાય છે.

તે સત્તાને જાણવાની વિધિનું નામ 'યોગાભ્યાસ' છે.

રાજયોગ એ મનની એકાગ્રતા દ્વારા

આત્મસાક્ષાત્કાર કરવાનું વિજ્ઞાન છે.

યોગ અને એકાગ્રતાનું પ્રયોજન શક્તિસંચયની ક્ષમતા વધારી થોડા જ સમયમાં આત્મસાક્ષાત્કાર કરાવવો તે છે.

કુંડલિની ચૈતન્ય કરવાના ઘણા માર્ગ છે:
કોઈને ભગવત્ પ્રેમથી, કોઈને સિદ્ધ પુરુષોની કૃપાથી,
કોઈને સૂક્ષ્મ વિચાર કે સાધનથી તે જાગ્રત થાય છે.
જેવી રીતે 'ઘૃતમાયુ:' ઘૃતથી શરીરને શક્તિ મળે છે,
તેમ રીતે પ્રાણાયામથી રક્ત શુદ્ધ થાય છે,
આરોગ્યનો લાભ મળે છે તથા આંખોનું તેજ વધે છે,
શરીરની નિર્મળતા અને મનની એકાગ્રતા સધાય છે
ઉપરાંત સંકલ્પ-વિકલ્પ-પાપકર્મ ઈત્યાદિ નષ્ટ થાય છે
તથા પ્રાંતે પરમાત્મસ્વરૂપમાં સ્થિતિ થાય છે.
યોગાભ્યાસની રૂચિ પુણ્યના ઉદયને સૂચવે છે.
સુરતા, વિચાર કે સંકલ્પને કોઈ એક જ જગ્યાએ લગાડવો
તે ધારણા છે, લીન થાય ત્યારે ધ્યાન છે અને
નિશ્ચલ - એકરસ બની જાય તે સમાધિ છે.
જ્યાં સુધી મુક્તિ કે ઈશ્વરપ્રાપ્તિનું ધ્યાન છે,
ત્યાં સુધી દ્વૈતભાવ જેવું બંધન છે.
સચ્ચિદાનંદભાવ આવે, ત્યારે દ્વૈતભાવ નષ્ટ થઈ જાય છે.
મન એ કર્મો અને વાસનાઓનો સમૂહ છે,
તે જ્યારે પોતાના સ્વરૂપમાં લાગે,
ત્યારે સર્વ સંકલ્પ મટી જાય છે.

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम |
त्वद्भक्तिरेव मुखरी कुरुते बलान्माम् | (પરિશિષ્ટ-૩)

મન અલ્પશ્રુત છે - આત્મા સવિત છે, તેથી
આત્માભિમુખતા એજ સર્વ શક્તિની પ્રાપ્તિનું કારણ છે.
મંત્ર તે માટે 'નમો કુટ્ઠબુદ્ધીણં |' કહ્યો છે.
આત્મા એ બુદ્ધિનો કોઠાર છે, તેને નમસ્કાર
સર્વ પ્રકારની બુદ્ધિઓને release કરે છે.

## ત્રણ પ્રકારની નમ્રતા

જેને લઈ સમાજમાં મર્યાદા સચવાય છે,
તે સભ્યતાની નમ્રતા છે.
અત્યંત દીન - હીન થવું તે ભક્તિમાર્ગની નમ્રતા છે.
એક ત્રીજી નમ્રતા છે - જેનું નામ સહજ નમ્રતા છે,
તે સમ્યક્ભક્તિ સ્વરૂપ છે.
આપણે સહુ સાથે છોડી, અહંકાર છોડી, એકજણ
પાસેથી આપણે શીખવાનું અને શીખવવાનું પણ છે.
આ સહજ નમ્રતા છે, તે પણ જ્ઞાનપ્રાપ્તિનું દ્વાર છે.
અત્યંત સહજ ભાવથી બધાની સાથે
હળી - મળી જવું અને
એકરૂપ થઈ જવું, તે ત્રીજું લક્ષણ છે.

# ગુરુચુંબક વૃત્તિ

લોહચુંબકની જેમ એક ગુરુચુંબક વૃત્તિ પણ હોય છે.

ગુરુચુંબક વૃત્તિ ગુરુને જ ખેંચે છે.

સદ્ગુરુનો સત્સંગ રહે તે માટે કુદરતની એવી યોજના છે કે અમુક ગુરુ એકમાં અને અમુક ગુરુ બીજામાં આવે છે. ગુરુ એકાદ અથવા દરેક અનેક હોય, પરંતુ દરેક દરેકની સાથે જોડાયેલા છે અને દરેકની સાથે જ મિલન થાય છે. ગુરુ આત્માની અંદર હોય છે અથવા આત્મા શાશ્વત છે, તેથી તેનું પરિણામ અનંતમાં આવે છે.

ભજનનો જે મહિમા હોય, તેમાં ગુરુ કહે છે, એ વાતનો ખ્યાલ રાખીને તે ગુરુને ખેંચવો, તે ગુરુચુંબક વૃત્તિ છે. પરમાત્મા ગુરુરૂપે દરેકમાં મોજુદ છે. કોઈના પણ ગુરુનું ગાન તે અપેક્ષાએ પરમાત્માનું જ ગુરુગાન છે.

**પ્રશ્ન**: કર્મેન્દ્રિયોના સહારા વિના કેવળ માનસિક ચિન્તન, ધ્યાન અને સમાધિથી સાધનામાં વાંછિત પરિણામ શક્ય છે?

**ઉત્તર**: જો અંતર્મુખી થઈ હોય તો કેવળ ચિન્તનથી પણ કાર્ય થઈ શકે. એમ ન થયું હોય તો ચિંતન સાથે ક્રિયાની જરૂર પડશે, વગર ક્રિયાએ નહિ થાય, પરન્તુ અંતઃશૂન્ય થઈ ગયા તો અસ્તિત્વમાત્રથી પણ સેવા થશે.

o <u>અરિહંત</u> - ઘાતીકર્મરહિત, <u>સિદ્ધ</u> - આઠ કર્મરહિત,
<u>સાધુ</u> - પંચાશ્રવરહિત, <u>ધર્મ</u> - અઢાર પાપસ્થાનકથી રહિત.

જેમ સંસાર અનાદિ છે,
તેમ સંસારીઓને આ ચાર શરણા પણ અનાદિ છે.

o સામાયિક એટલે સમભાવનો લાભ, કષાયનો જય.
સમતા, રાગદ્વેષનો ત્યાગ, ચારિત્રની વિશુદ્ધિ, સ્વાધ્યાય,
ધ્યાન, નિરવદ્ય યોગોનું સેવન, સાવદ્ય વ્યાપારોનું વર્જન,
સામ - સમ - સમ્મ ત્રણેની એકતા -
અહિંસા - સમભાવના તથા જીવનશુદ્ધિ યાને સામાયિક.

Worship in Spirit and truth is
when we think, talk & act in
keeping with the highest good.

નિરાશંસભાવે કેવળ મોક્ષાભિલાષાથી જે ક્રિયા થાય,
એને 'ભાવસારં' યાને સાચા ભાવથી જે કાર્ય થાય,
તે in truth and Spirit ગણાય છે.

આધુનિક માનવનો મુખ્ય વ્યવસાય અન્ય પર આધિપત્ય
જમાવવાનો રહ્યો છે. જો તેઓ સંસ્કૃત બનવું હોય તો
હવે તેઓ પોતાની જાત પર આધિપત્ય મેળવવું જોઈશે.
ધર્મનો મુખ્ય સંદેશ એ છે કે વિશ્વમાં અખંડભાવ નિહાળી
સ્વયં અખંડ બનો, પૂર્ણ પુરુષ પામો.

'એગં નિચ્ચં નિરવયવમક્કિયં સવ્વગં ચ સામણ્ણં |'

અર્થાત્: સામાન્ય તે એક, નિત્ય, નિરવયવ,
અક્રિય અને સર્વગત સર્વવ્યાપી છે. - વિશેષાવશ્યક

○ સામાન્ય વિના વસ્તુની સત્તા ન ઘટે.
વિશેષ વિના કાર્ય ન થાય, તેથી સર્વ
પદાર્થ સામાન્ય-વિશેષ ઉભય સ્વભાવમય હોય છે.
સામાન્ય વિનાનું વિશેષ અને
વિશેષ વિનાનું સામાન્ય ખપુષ્પવત્ અસત્ છે.

○ નિમિત્ત કારણનો એવો સ્વભાવ છે કે
તે અવશ્ય ઉપાદાન કારણતા ઉત્પન્ન કરે અર્થાત્
ઉપાદાનમાં કારણતા ઉત્પન્ન કરે અને
ઉપાદાન કારણ પોતે કાર્યરૂપે પરિણમે છે.

○ 'એક જ આત્મા છે' એનો અર્થ
સંખ્યાથી એક નહિ, પરન્તુ સ્વરૂપથી એક સમજવો.
બધા જીવો જુદા હોવા છતાં
બધાનું સ્વરૂપ એક જ છે.
બધાં જ જીવો સુખપ્રિય અને દુઃખદ્વિષ છે.
'સંસારનું સુખ વિનાશી છે તેમ દુઃખ પણ વિનાશી છે'
તે વિચારથી અભિમાન જશે અને દીનતા પણ જશે.

'धर्मध्यानं भवत्यत्र मुख्यवृत्त्या जिनोदितं ।'

- ગુ: ક્રમારોહ, ગાથા - ૩૫ - પૂર્વાર્ધ

ધર્મધ્યાન મુખ્ય વૃત્તિએ સાતમા ગુણઠાણે હોય છે.
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય -
એ ચાર પ્રકારે જેમ ધર્મધ્યાન થાય છે, તેમ
આજ્ઞાવિચય, અપાયવિચય, વિપાકવિચય અને
સંસ્થાનવિચય - આ ચાર પ્રકારે પણ ધર્મધ્યાન થાય છે
તથા વળી પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત -
આ ચાર પ્રકારે પણ ધર્મધ્યાન હોય છે.

- Prafullchandra, Dt. 20/1/70

દેહથી ભિન્ન, સ્વપર પ્રકાશક, પરમ જ્યોતિરૂપ
એવો આત્મા, તેમાં નિમગ્ન થાઓ. હે આર્યજનો !
અંતર્મુખ થઈ, સ્થિર થઈ તે આત્મામાં જ રહો,
તો અનંત - અપાર આનંદ અનુભવશો.
અંતર્મુખ થવાય તો અનંત - અપાર આનંદ થાય છે.
પણ તે કેવી રીતે થઈ શકે ?
સ્વ અને પરનું યથાર્થ જ્ઞાન થતાં સમદર્શીપણું મળે.
પર વસ્તુમાં સ્વપણું માનીને ચાલતાં
અનંત સંસાર રખડવું પડે છે.

હું સરલ આત્મા. જેવો જ્ઞાનીઓએ
જોયો, જાણ્યો, અનુભવ્યો, તે જ હું છું.
આવો દૃઢ વિશ્વાસ રાખી, દૃઢ શ્રદ્ધા રાખી,
જેમ જ્ઞાનીઓ અંતર્મુખ થયા, અંતર્મુખ ઉપયોગ રાખી
મુક્ત થયા, તેવી જ રીતે મારે પણ મુક્ત થવું છે.
જે માર્ગે મહાવીર તર્યા, અનંત અનંત તીર્થંકરો,
કેવળીઓ પોતાના સ્વમાં ઉપયોગ જોડી મુક્ત થયા,
તે રીતે મારે પણ થવું છે.
સ્વમાં ઉપયોગ ટકાવી રાખવા માટે જ્ઞાનીઓની સેવા,
શુશ્રૂષા, સત્સંગ આદિ ઘણા જ ઉપકારી છે, તેથી
વૃત્તિ ટકી રહે છે. સ્વમાં ઉપયોગ અંતર્મુખ થઈને
ટકાવી રાખવામાં સહાય મળે છે.
પર વસ્તુના સંયોગ - વિયોગ, પાપ - પુણ્ય,
એ બધા ઉપર સમભાવ - સમદૃષ્ટિ રાખી,
'એ બધા મારા નહિ' એમ માનવું પડશે.
સુમેરપુર, પોષ સુદ ૧૫, તા. ૨૨ - ૧ - ૭૦, ગુરુવાર
સ્વરૂપાવસ્થિતિઃ મુક્તિઃ । - મહોપનિષદ્

I would prefer trust to faith.
- mother

૨૩-૯-૯૦

गुकारश्च गुणातीतं रुकारः रूपवर्जितम् ।
गुणातीत स्वरूपं च यो दद्यात् स गुरुः स्मृतः ॥
गुकारश्चान्धकार रुकारस्तेज उच्यते ।
अज्ञानग्रासकं ब्रह्म गुरुशब्देनोच्यते ॥१॥ (પરિશિષ્ટ-૪)

## ધ્યાન અને ધ્યાનાન્તરિકા

'જૈનતત્ત્વ લઘુભાષ્ય'માં ધ્યાન અને ચિન્તાનું સ્પષ્ટ લક્ષણ જે પ્રમાણે બતાવ્યું છે, તે રીતે:

ધ્યાન અથવા ધ્યાનાન્તરથી લેશ્યાની ઉત્પત્તિ થાય છે. ધ્યાનનું લક્ષણ: દૃઢ નિશ્ચલ અધ્યવસાયને 'ધ્યાન' કહે છે. આત્માના દૃઢ નિશ્ચલ અધ્યવસાય પરિણામને ધ્યાન કહેવાય છે અને તે દૃઢ અધ્યવસાયરૂપ - મનઃસ્થૈર્યરૂપ સર્વ પ્રકારનું ધ્યાન ચિન્તનરૂપ હોવાથી તેને 'ચિન્તા' પણ કહી શકાય છે. આ અપેક્ષાએ ધ્યાન અને ચિન્તાનો અભેદ છે, પરંતુ દૃઢ અધ્યવસાય એક અંતર્મુહૂર્તથી અધિક નિરંતર રહેતો નથી, તેથી એક ધ્યાનથી બીજા ધ્યાનની મધ્યમાં અદૃઢ અધ્યવસાયરૂપ જે 'ચિન્તા' છે, તેને 'ધ્યાનાન્તર' અથવા 'ધ્યાનાન્તરિકા' પણ કહે છે અને જે છૂટી છૂટી અથવા

વિપ્રકીર્ણ ચિત્તની ચેષ્ટા, તેને પણ 'ચિન્તા' કહે છે.
આવા સામાન્ય ચિત્તચેષ્ટા અને
ધ્યાનાન્તરરૂપ ચિન્તા - એ બન્ને ધ્યાનથી ભિન્ન છે.

**દૃઢ અધ્યવસાયરૂપ ધ્યાનના ત્રણ ભેદ**

(1) કાયિક ધ્યાન: કાયાના વ્યાપારથી વ્યાક્ષેપનો ત્યાગ કરી,
ઉપયુક્ત થઈ લાંબા વગેરે ગહાવા
જે કાચબાની જેમ અંગોપાંગ સંકોચી સ્થિર રહેવું તે.
(2) વાચિક ધ્યાન: 'મારે આવા નિર્દોષ ભાષા બોલવા
જોઈએ પણ સાવદ્ય ભાષા ન બોલવા જોઈએ.'
આ પ્રમાણે વિચારપૂર્વક બોલવું તે અથવા
વિકથાનો ત્યાગ કરી શાસ્ત્ર અભ્યાસ - સૂત્ર પરાવર્તન
આદિ સર્વ ઉપયોગપૂર્વક કરવું તે.
(3) માનસ ધ્યાન: એક પદાર્થમાં ચિત્તની એકાગ્રતા તે.

**ધ્યાનાંતરિકા એટલે શું ?**

દ્રવ્યાદિ એક વસ્તુવિષયક ધ્યાનને પૂર્ણ કરી,
જ્યાં સુધી દ્વિતીય વસ્તુવિષયક ધ્યાનમાં પ્રવેશ ન થાય,
ત્યાં સુધી વચગાળામાં જે ચિન્તન - વિચાર થાય,
જેમ કે 'હવે કયા વિષયનું ધ્યાન કરું ?'
તે વિચારને 'ધ્યાનાંતરિકા' કહેવાય છે.

એક માર્ગે ચાલતો મુસાફર જ્યાં બે રસ્તા ફંટાતા હોય,
ત્યાં થોડીવાર બે માર્ગની વચ્ચે ઊભો રહી વિચાર કરે છે કે:

બેમાંથી ક્યા માર્ગે જાઉં ? જેથી
મારા ઇષ્ટસ્થાને - ઇચ્છિત સ્થળે પહોંચી શકું ?

આ રીતે એક પદાર્થ કે તેના ગુણના ચિન્તનમાં એકાગ્ર
બનેલું ચિત્ત એક અંતર્મુહૂર્ત પછી ત્યાંથી ચલિત થાય છે,
ત્યારે બીજા પદાર્થના ચિન્તનમાં એકાગ્ર બનાવવા માટે

અનિત્યતાદિ કે મૈત્ર્યાદિ ભાવનાઓ વડે

ચંચલ બનેલા ચિત્તને વાસિત - ભાવિત બનાવવું પડે છે

અને જ્યાં સુધી દૃઢ અધ્યવસાયથી

દ્વિતીય ધ્યાનમાં પ્રવેશ ન થાય, ત્યાં સુધીની તે
અવસ્થા 'ધ્યાનાંતર' અથવા 'ધ્યાનાંતરિકા' કહેવાય છે
(ઇતરો તેને 'સેતુ' કે 'અર્ધમાત્રા' પણ કહે છે).

શબ્દબ્રહ્મમાં નિષ્ણાત એટલે...

નામસંકીર્તનમાં એકચિત્ત - નિષ્ણાત - એકાગ્ર.

શબ્દબ્રહ્મના યથાર્થ જ્ઞાનથી સ્થૂલભૂત શબ્દપ્રપંચનો
નિરાસ થાય અને તેના અર્થભૂત બ્રહ્મની પ્રાપ્તિ થાય છે.

o

Accept yourself as you are.
You're not perfect. So what ? Who is?

## સામાન્ય-વિશેષ ઉભય સ્વભાવની ઉપયોગિતા

સામાન્ય સ્વભાવ એ પદાર્થ - દ્રવ્યનો મૂળ ધર્મ છે.
તે સદા નિરાવરણ રહે છે, તેને કદી કર્મ સ્પર્શતા નથી.
વળી તે સામાન્ય સ્વભાવ સર્વ દ્રવ્યોમાં રહે છે.

:સામાન્ય સ્વભાવના લક્ષણો છે:

નિત્ય, નિરવયવ, એક, અક્રિય અને સર્વગત.
જેમ નિત્યત્વ, તેમાં નિત્યપણું છે, તેમ
એકત્વ, નિરવયવત્વ, નિષ્ક્રિયત્વ અને સર્વગતત્વ
(ગુણ, પર્યાય, પ્રદેશ, સર્વમાં વ્યાપકપણું) છે.
તે જ રીતે અસ્તિત્વ પણ
નિત્ય, નિરવયવ, એક, અક્રિય અને સર્વગત છે.
એ રીતે વિશેષ સ્વભાવ તેથી વિરુદ્ધ રહે છે.

:વિશેષ સ્વભાવના લક્ષણો છે:

અનિત્ય, સાવયવ, અનેક, સક્રિય અને અસર્વગત.
જેમ જ્ઞાનાદિ ગુણ તે
અનિત્ય, સાવયવ, અનેક, સક્રિય અને સર્વગત છે.
સર્વ પદાર્થ સામાન્યવિશેષ ઉભય સ્વભાવી રહે છે.
સામાન્ય વિના વસ્તુની સત્તા જ ન ઘટે, વિશેષ વિના
કાર્ય જ ન થાય, માટે બંને પરસ્પર અવિનાભાવી છે.

એવી વાત આત્મસાધનામાં પણ
જીવોની સમાન ઉપયોગીતા જણાવે છે.
ધ્યાનદશામાં સામાન્ય સ્વભાવનો પ્રયોગ આવશ્યક છે.
કેવળજ્ઞાનાદિ વિશિષ્ટ ગુણો તો જીવમાં કર્મથી આવૃત્ત છે.
તેને નિરાવરણ સહજ પ્રગટ કરવા માટે
'પોતાની આત્મસત્તા, પૂર્ણ, શુદ્ધ ગુણ - પર્યાયમય છે'
એવી ભાવના ભાવવી પડે છે.
પરમાત્માનું તો 'આતમ ભાવવું'...
આતમ સરખુ દાવ જિનેસર !
जारिसो सिद्धसहावो, तारिसभावो हु सव्वजीवाणं ।
સહજ: 'જેવો પરમાત્માનો શુદ્ધ સ્વભાવ છે,
તેવો જ સર્વ જીવોનો સ્વભાવ છે' એમ ભાવવું.
જીવની જીવત્વ જાતિ એક છે,
તે અપેક્ષાએ જીવ એક જ છે.
સિદ્ધતા એ જ જીવનું પોતાનું સ્વરૂપ છે.
જીવત્વ જાતિ કદી પણ પલટાતી નથી.
'જ્ઞાનાદિ વિશિષ્ટ સ્વભાવ કર્માવૃત્ત હોવા છતાં
સામાન્ય સ્વભાવ એ શુદ્ધ આત્મસત્તા સ્વરૂપ
સ્ફટિક રત્ન સમાન નિરાવરણ છે.'

પોતાના આત્મસ્વરૂપની આવી શુદ્ધ ભાવનાથી
ભાવિત થઈને વારંવાર સ્મરણ કરે છે, ધ્યાન કરે છે
અને તેથી તેને સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય છે.
આત્માનુભવના અમૃતરસનો આસ્વાદ અનુભવાય છે,
તેથી સ્વરૂપમાં મગ્ન બને છે.
વ્યવહારદશામાં વિશિષ્ટ સ્વભાવનો પ્રયોગ આવશ્યક છે.
વ્યવહારદશામાં પરપુદ્ગલના સંયોગો પોતાને રાગ-દ્વેષ
તથા વિષયકષાયથી લિપ્ત થઈને બહુ અશુદ્ધ માને છે.
જેમ સ્ફટિક રત્નની પાછળ રક્ત અને
નીલ વસ્ત્રના યોગે સ્ફટિક પોતે રક્ત - નીલ ભાસે છે,
પરન્તુ વસ્ત્રને દૂર કરવામાં આવે,
તો પુનઃ સ્ફટિકનું મૂળ સ્વરૂપ જોઈ શકાય છે,
તેમ સ્ફટિક તુલ્ય નિર્મળ આત્મામાં રહેલા રાગ-દ્વેષની
પરિણતિને દૂર હટાવવા માટે પુરુષાર્થ આદરવો જોઈએ.
પુદ્ગલ અનુયાયી બનેલ આત્મશક્તિઓને અત્યારે
હું આત્મસ્વરૂપમાં જોડી શકવા માટે સમર્થ નથી,
માટે મારે સૌ પ્રથમ જેમના સર્વ વિશિષ્ટ સ્વભાવો-
જ્ઞાનાદિ ગુણો શુદ્ધપણે પ્રકટ થયેલ છે,
તેવા મારા સ્વજાતીય અરિહંત - સિદ્ધ પરમાત્માઓ સાથે

પ્રીતિ - ભક્તિ - ધ્યાનાદિ વડે
મારી જ્ઞાનાદિ આત્મશક્તિઓને જોડવા જોઈએ, વળી
પરમાત્મસ્વરૂપમાં તન્મય બનેલી મારી જ્ઞાનાદિ
શક્તિઓ આત્મસ્વરૂપને ઓળખી તેમાં તન્મય બની શકે.

આ વિચારણા વડે પરમાત્માની પૂજા, ભક્તિ,
આજ્ઞાપાલનાદિ કરતો જ્યારે ધ્યાનાવસ્થામાં આવે,
ત્યારે નિશ્ચલ ધ્યાનને સિદ્ધ કરવા માટે પ્રયાસ કરે.
તે વખતે સામાન્ય શુદ્ધ સત્તાની વિચારણા આદરે અને
તે વડે નિશ્ચલ, નિર્મલ, નિર્વિકલ્પ શુદ્ધ આત્મસ્વરૂપનો
અનુભવ કરે. આ રીતે ભૂમિકાભેદે, નય સાપેક્ષપણે,
ગૌણ મુખ્યતાએ, સામાન્ય - વિશેષ સ્વભાવનું
આલંબન લઈ દ્રવ્ય - ભાવસાધના કરે.

*જ્ઞાન વખતે અભેદ દૃષ્ટિ અને*
*ક્રિયા વખતે ભિન્ન દૃષ્ટિ એવ શુદ્ધ ભાવ છે. ભૂમિકા*
*ભેદે બંને પ્રકારની સાધના ઉત્તમબળવાળી સિદ્ધ થાય છે.*
*પ્રભુ સાથે એકતા - તન્મયતા ભાવવાની રુચિ તે સમ્યગ્દર્શન છે,*
*તેના ઉપાયોનું જ્ઞાન તે સમ્યગ્જ્ઞાન છે*
અને *તન્મયતાનો અનુભવ તે સમ્યક્ચારિત્ર* છે.
નિશ્ચયનયથી ૭મા ગુણઠાણે તે મળે.

## સત્ય વચન

સત્ય વચન બોલનારો દેવની જેમ વિશ્વસનીય,
ગુરુની જેમ પૂજનીય, ધર્મની જેમ અતિપ્રિય બને છે
અથવા માતાની જેમ વિશ્વસનીય, પિતાની જેમ પૂજનીય
અને સગાં - સંબંધીની જેમ અતિપ્રિય બને છે.

## ચાર પ્રકારનાં અસત્ય

(I) ભૂત નિહ્નવ - આત્મા નથી.

(II) અભૂતોદ્ભાવન - આત્મા સર્વગત છે.

(III) અર્થાન્તર - અનાત્માને આત્મા કહેવો અથવા
મનુષ્યને જાનવર કહેવો.

(IV) ગર્હા - આંધળાને આંધળો કહેવો.

સત્ય બોલનારો માતાની જેમ વિશ્વસનીય, ગુરુની
જેમ પૂજનીય અને સગાની જેમ પ્રિયજન બને છે.

o કામરૂપી સર્પને રતિ - અરતિરૂપ બે ચંચળ જીહ્વા છે,
સંકલ્પ - વિકલ્પરૂપ પ્રચંડ ફણા છે,
વિષયવિલાસરૂપ બિલમાં તેનો વાસ છે, મદરૂપ મુખ છે,
દર્પરૂપ દાઢ છે, લજ્જારૂપ નિર્મોક - કાંચળી છે નહિ,
વિષયવિષથી તે વ્યાપ્ત છે.
તે સર્પથી ડસાયેલા પળવારમાં પરવશ બની જાય છે.

અતિશય ઊંચા અને ઘન મેઘમાળા જેમ
ટકવાનું વિષ વધારે છે, તેમ સ્ત્રીઓ મોહવિષ વધારે છે.
સ્ત્રીસંગથી અલ્પ સત્ત્વવાળા મુનિનું મન
અગ્નિથી મીણની જેમ ઓગળી જાય છે.
સ્ત્રીનાં નેત્રબાણથી ચારિત્રપ્રાણોનો નાશ કરી શકે છે.

## વિષયાસક્તિનું મૂળ કષાયો

કષાયોને જીત્યા સિવાય વિષયો જીતાતા નથી,
એ કારણે ક્રોધાદિ કષાયોના દુષ્ટ વિપાકો
સમજી લઈને તે જીતી લેવાનો તું ઉદ્યમ કર.
અહીં જગતને વિષે જે અતિ તીવ્ર દુઃખ કે સુખ છે,
તે સર્વ અનુક્રમે કષાયોની વૃદ્ધિ અને હાનિનું ફળ છે.

- ભક્ત પરિજ્ઞાપયન્નો

લંડનમાં St. Paul ચર્ચ બહાર તખ્તીમાં લખ્યું છે કે:
'ઈશ્વરમાં માનો યા ન માનો પણ જ્યાં સુધી
માનવી મૃત્યુનું રહસ્ય ઉકેલી શકશે નહિ, ત્યાં સુધી
ખુદાની બંદગીનાં સ્થળોના દરવાજા કદી બંધ નહિ થાય.'
o ઈશ્વરના અસ્તિત્વની વાતને બાજુએ રાખીએ તો
પણ આ જગતનું સર્વ સંચાલન જે વૈજ્ઞાનિક ઢબે ચાલી
રહ્યું છે, તો એના સંચાલક એવા કોઈ પ્રચંડ વૈજ્ઞાનિકને
અંતર - મનથી અંજલિ આપવામાં ખોટું યે શું છે?

લૌકિક વિદ્યા પણ ભક્તિવાનને જ સિદ્ધ થાય છે
અને ફળ પણ જો ભક્તિવાનને જ આપે છે,
તો લોકોત્તર મોક્ષને ઊંચી ભાવનાવાળી વિદ્યા
ભક્તિ વિનાનાને કેમ રીતે સિદ્ધ થાય?
સર્વ આરાધ્યોના પરમ નાયક એવા
શ્રી વીતરાગ ભગવંતો ઉપર જેને ભક્તિ નથી,
તેનો આરાધના માટેનો ગમે તેટલો યે પરિશ્રમ
ઉષર ભૂમિમાં શાલિ વાવવા બરાબર છે.
આરાધ્યની ભક્તિ કર્યા વિના જ
આરાધનાને ઇચ્છતો મનુષ્ય બીજ ના વાવ્યા વિના જ
ધાન્યને ઇચ્છે છે, વાદળ વિના જ વૃષ્ટિને ઇચ્છે છે.
શ્રી જિનભક્તિ એ ઉત્તમ ફળની પ્રાપ્તિ અને
સર્વ સુખની નિષ્પત્તિ કરાવનારી છે.
નિશ્ચયનયથી શુદ્ધ આત્મા એ અરિહંત છે.
ભાવનિક્ષેપથી અરિહંતાકાર ઉપયોગરૂપ
પોતે જ અભેદભાવે અરિહંત છે.
નિશ્ચયનય = શુદ્ધાત્મા.
ભાવનિક્ષેપ = અભેદભાવે અરિહંતાકાર પોતાનો ઉપયોગ.
નિક્ષેપને નયો વડે ઘટાવવા જોઈએ.

ભાવનિક્ષેપ ચરમ સત્તા.
ઉપયુક્ત - મૂર્તિનું ધ્યાન અને તેમાં ઉપયોગ જેને છે,
તે પાષાણ મૂર્તિ સ્વરૂપ આગમથી ભાવનિક્ષેપથી છે.
આનું નામ 'વિષય સમાપત્તિ' ઇત્યાદિ છે.
તે વ્યવહારનયનો વિષય છે.
નિશ્ચયનયથી પાષાણ કદી મૂર્તિ બની શકતી નથી.
અર્હદાકાર ઉપયોગ એ ભાવ અરિહંત સ્વરૂપ છે,
અને વ્યવહારનયથી તેને ભાવનિક્ષેપ કહે છે.
નિશ્ચયનયથી ભાવનિક્ષેપ એ
અર્હદાકાર ઉપયોગવંત આત્મા પોતે છે,
તેનું નામ 'આત્મસમાપત્તિ' છે.
આત્મસમાપત્તિ એ તાત્ત્વિક નમસ્કાર છે,
તેનાથી સકલ કર્મમલનો ક્ષય થાય છે.
'નિશ્ચયથી શુદ્ધાત્મા જ, ભાવે જેહ અભેદ,
નામાદિ વ્યવહારથી જ, ધ્યાતા ભેદાભેદ રે.
આતમ અનુભવ આણી...'
નિશ્ચયનયથી શુદ્ધાત્મા અરિહંત સ્વરૂપ છે,
ભાવથી અભેદાત્મા ઉપયોગરૂપ છે, નામાદિથી વ્યવહાર
અરિહંતાદિ નામ અને સમવસરણસ્થાદિ,
જિનબિંબાદિ તથા જન્માદિ અવસ્થાઓ છે.

विषयस्ते समापत्ति - सत्पत्तिर्भावसंसिनः ।
आत्मनस्तु समापत्ति - र्भावोद्भवस्य तात्त्विकः ॥

સમ્યગ્દર્શન તથા નમસ્કાર - બંને આત્મસમાપત્તિરૂપ છે.

અરિહંતનું શરણ રાગાદિ દોષોનું રેચન કરે છે.

'सर्वे शब्दाः परमात्मवाचकाः ।'

શબ્દાત્મક શ્રુત એમ વાચક છે,
તેમ જ્ઞાનાત્મક શ્રુત પણ પરમાત્માનું વાચક જ છે.

વૈખરી શબ્દાત્મક છે, મધ્યમા ઉપયોગાત્મક છે,
પશ્યંતી લબ્ધ્યાત્મક છે, પરા સંકલ્પાત્મક છે.

સર્વે વાણીનું મૂળ અનાહતનાદ છે.
તે નાદ આત્મશક્તિરૂપ છે.
આત્મશક્તિ તે આત્મપ્રદેશોનું સહજ સ્પંદન છે.

કેવળજ્ઞાન સ્વપર પ્રકાશક છે, તેમાં પરપ્રકાશકતા
સહજ ઉપચરિત છે, જ્યારે સ્વપ્રકાશકતા નિરૂપચરિત છે.

'ચૌદ પૂર્વી અંતર્મુહૂર્તમાં ચૌદ પૂર્વોનું પરાવર્તન કરે છે'
તેનો અર્થ પરાવાણી દ્વારા ચૌદ પૂર્વ
અર્થથી ઈતિ સૂક્ષ્મ સંકલ્પમાત્રથી જોઈ જાય છે.

વાણીમાત્રમાં વાચકતા છે, તે બે પ્રકારની છે:
એક સ્વભિન્ન જ્ઞેયવિષયક અને બીજી સ્વવિષયક.

વસ્તુવિષયક ઉપયોગ એક બાજુ પરલોકનો અને
બીજી બાજુ સ્વલોકનો વ્યાપક બને છે.
અહીં પ્રકાશકતા અને વ્યાપકતા.
પરાવલંબી અનાત્મવાદની વ્યાપ્તિ છે અને
અનાત્મવાદ એ આત્મતત્ત્વની વ્યાપ્તિ છે.
આત્મતત્ત્વ અર્થાત્ કૂટસ્થ આત્મા. 'તુલ્યાપાડ્યેદં નિત્યં ।'
અહીં જે સત્તાની અવિચ્છિન્નતા કહી, તે જ કૂટસ્થતા છે.
કૂટસ્થતા બે પ્રકારની હોય છે:
એક કાલિક અવિનાશિતા અને
બીજી આધાર - નિશ્ચિત એકતા.
ગુહા - પ્રકૃતિ ઉત્પત્તિનો આધાર એક છે,
એક અપેક્ષાએ કૂટસ્થનું ધ્યાન સમત્વોત્પાદક છે.
માનવ બે બાજુની દૃષ્ટિએ વિચાર કરતો થાય,
તો જગતનું આખું દુઃખ શાંત થઈ જાય.
'તમે એકલા જ જીવો છો' તે વૃત્તિનો ત્યાગ કરો.
તમારી પાસે જેમ લાગણીઓ, ઇચ્છાઓ, ભાવનાઓ
તથા આશાઓ છે, તેમ બીજાઓ પાસે પણ છે, તે ન ભૂલશો.
તમારી દૃષ્ટિ સ્વકેન્દ્રમાંથી દૂર કરીને વિશાળ બનાવો.'
- જયન્તપાદેય

'રસો વૈ સઃ।' રસરૂપ બ્રહ્મનો અર્થ આનંદરૂપ બ્રહ્મ.
બ્રહ્મ આનંદમય છે અને તે આનંદનો પર્યાય રસ છે.
સ્નેહપરિણામનું બીજ રસ છે. જીવને આનંદ જોઈએ છે,
તેથી જ અજ્ઞાન દશામાં પુદ્ગલ પ્રત્યે સ્નેહ કરે છે.
એ જ સ્નેહ જ્યારે તે જીવમાત્ર પ્રત્યે કરતો થાય છે,
ત્યારે તે સાચા આનંદનો અનુભવ કરે છે.
'સમત્વ'નો અર્થ બધાને સમાન માનવા તે નહિ,
કિન્તુ બધા પ્રત્યે સમાન ભાવ ધારણ કરવો તે છે.
સમાન ભાવનો અર્થ તદ્રૂપ થવું, આત્મરૂપ થવું.
એ સ્નેહમાં આદાન-પ્રદાન હોતું નથી.
આદાનપ્રદાન પુદ્ગલ પ્રત્યેના - દેહપ્રત્યેના સ્નેહપર્યન્ત છે.
જીવ પ્રત્યેનો સ્નેહ સમત્વરૂપ - આનંદરસરૂપ છે,
તેને 'ઔદાસિન્ય' શબ્દથી જ્યારે ઓળખાવવામાં આવે,
ત્યારે તે ઔદાસિન્ય પુદ્ગલ પ્રત્યે કેળવવાનું હોય છે.
પુદ્ગલ પ્રત્યેનું ઔદાસિન્ય અર્થાત્ જ જીવતત્ત્વ પ્રત્યે
અનૌદાસિન્ય - એકરૂપતા, તે જીવ પ્રત્યે હોવાથી
સ્વભાવરૂપ છે પણ વિભાવરૂપ નથી.
'પુદ્ગલ પ્રત્યે એકરૂપતા તે વિભાવ છે'
તેનો અર્થ જ જીવ પ્રત્યે એકરૂપતા તે સ્વભાવ છે.

બે પ્રકારે જીવત્વ: સંગ્રહનયથી તથા દ્રવ્યાર્થિકનયથી.

સંગ્રહનયથી જીવ એક જ છે,

તે પોતાના પ્રત્યેક પર્યાયોમાં અનુસ્યૂત છે, તેથી નિત્ય છે.
તે પોતાના ગુણોમાં એકરૂપ છે, માટે અખંડ પણ છે.
તે સર્વ જીવોમાં એકસરખું છે, માટે પણ તે એક છે.
દ્રવ્યાર્થિકનયથી શુદ્ધત્વ - અખંડ છે અને એક છે,
તેથી પુદ્ગલ પ્રત્યેના સ્નેહનો વૈભાવિક પરિણામ જ્યારે
જીવ પ્રત્યે સ્નેહવાળો બને છે, ત્યારે તે રસરૂપ અને
અખંડ આનંદરૂપ બને છે અને તે જ સાચું સમત્વ છે.

પર્યાયાર્થિકનયથી પણ સમત્વ વિકસાવી શકાય છે.
'પ્રત્યેક પર્યાય ભિન્ન તથા પ્રત્યેક વ્યક્તિ સ્વતંત્ર છે'
એ વિચાર પણ રાગ-દ્વેષની વૃત્તિને
ઉત્પન્ન થવા પહેલાં જ શમાવી દે છે.

અનેકાંત સિદ્ધાંતમાં વસ્તુમાત્ર દ્રવ્ય-પર્યાય ઉભયરૂપ
હોવાથી સાપેક્ષપણે ગમે તે એક નયનું
અવલંબન સમત્વપોષક થઈ શકે છે.

અભેદવિજ્ઞાનની જેમ ભેદવિજ્ઞાન પણ સમત્વપોષક છે.
અભેદવિજ્ઞાન એ દ્રવ્યાર્થિકનયનો વિષય છે, જ્યારે
ભેદવિજ્ઞાન એ પર્યાયાર્થિકનયનો વિષય છે.

ઉત્પન્ન પીતપીતના વિષયના યથાર્થ જ્ઞાનને કરાવી વિલીન થઈ જાય છે અને જે અવશેષ રહે છે, તે જ આત્મતત્ત્વ છે અને તેની અનુભૂતિ પછી સ્વસંવેદ્ય રહે છે.

दिक्कालाद्यनवच्छिन्नानन्तचिन्मात्रमूर्तये ।
स्वानुभूत्येकमानाय तस्मै शान्तात्मने नमः ॥१॥

અર્થ : સ્વાનુભૂતિરૂપી એક પ્રમાણવાળા ચિન્માત્ર સ્વરૂપ નિર્વિકાર આત્માને નમસ્કાર છે કે જેમાં દિશા અને કાળનો કોઈ અવચ્છેદ રહેતો નથી.

સ્વસંવેદ્ય આત્માનુભૂતિ દેશકાળાતીત છે.
જ્યાં સુધી દેશ અને કાળનો વિચાર છે,
ત્યાં સુધી તે નય પણ છે.

સિદ્ધાંત પણ દેશકાળાતીત એક આત્માને જણાવે છે અને તેનો અનુભવ કરાવવો એમાં તેનું લક્ષ્ય છે.

દિક્-કાળાદિ અનવચ્છિન્ન = સર્વ દિક્ - સર્વ કાળ વ્યાપી.

ચિન્માત્ર અનંત સ્વરૂપ તે

વિશુદ્ધ આત્મદ્રવ્ય - અહીં સામાન્ય સ્વરૂપ ગ્રહણ કર્યું.
'સ્વાનુભૂત્યેકમાનાય' શબ્દથી ભાવસ્વરૂપ ગ્રહણ કર્યું.
શુદ્ધ આત્મદ્રવ્યનો તાત્ત્વિક ભાવ, જે શાંત તેજરૂપ છે,
તેને 'નમસ્કાર થાઓ' એમ અહીં ભર્તૃહરિ કહે છે.

'શાન્ત' એટલે રાગ - દ્વેષરહિત અને
'તેજ' એટલે જ્યોતિ - જ્ઞાનનો પ્રકાશ એટલે કે
કર્મચેતનાનો અભાવ અને જ્ઞાનચેતનાનો સદ્ભાવ.

તેજ એટલે અગ્નિ હંમેશા ઉષ્ણ હોય છે, આત્મતેજ પ્રકાશસ્વરૂપ હોવા છતાં શાંત છે, એ એની વિશેષતા છે.

તે અમૂર્ત પ્રકાશ છે અને નિર્વિકાર છે, માટે શાન્ત છે - શમરસથી ભરપૂર છે. ઉપરના આ શ્લોકમાં નામ, આકૃતિ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ - એમ છ એ છ પ્રકારે પરમાત્મતત્ત્વનું અનુમાન કરવામાં આવ્યું છે.

દિક્ - કાલથી સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ લેવા.
અનંત ચિન્માત્રથી દ્રવ્ય અને સ્વાનુભૂતિથી ભાવ,
શાંત તેજ એ વિશેષણથી નામ અને આકૃતિ.

નિશ્ચયનયથી શુદ્ધ આત્માનું સ્વરૂપ અહીં વર્ણવેલું હોવાથી અને નિશ્ચયનય વ્યવહાર સાપેક્ષ હોવાથી અંતર્ગત સ્તુતિ અને આ સ્તુતિ અર્થથી સમાન છે.

પ્રેમ શાંત છે, જ્ઞાન એ તેજ છે.

મૌન નિર્મળતા છે, ધ્યાન પ્રકાશ છે.

જ્યોતિ પ્રગટવા પહેલાં નાદાનુભવ થવો જોઈએ.
નાદાનુભવ 'શાંત' સ્વરૂપ અને જ્યોતિ 'તેજ' સ્વરૂપ છે.

નાદશ્રવણ માટે શાંતતા આવશ્યક છે.
શાંતતા રાગાદિના અભાવરૂપ છે, તે જ્યારે પૂર્ણપણે
આવિર્ભાવ પામે, ત્યાર બાદ તેજનો અનુભવ થાય છે.
તેજ જ્યોતિ રૂપ છે, તેથી સવિતાના સ્વરૂપ છે.
ધર્મધ્યાનનો વિજય થાય પછી શુક્લધ્યાન પ્રકટે છે.
તે બંનેના મૂળમાં ધર્મકુળ ધ્યાનનો વિજય આવશ્યક છે.
તે વિજય એટલે સુખ - દુઃખ ઉપર વિજય.
સુખમાં રાગ નહીં, દુઃખમાં દ્વેષ જ્યારે જીતાય છે,
ત્યારે શાંતતા પ્રકટ થાય છે નહીં, એ શાંતતાના પૂર્ણ
પરિપાકરૂપે જ તેજ આવે કે જ્યોતિ પ્રકટ થાય છે.
ઉન્નતિ સૌ કોઈ ઇચ્છે છે, પરન્તુ
ઉન્નતિની ગુરુચાવી બહુ થોડાને ઉપલબ્ધ હોય છે.
એ ગુરુચાવી છે: પોતાના કે પંડના દોષોને નહીં,
પરના અથવા પારકાના ગુણોને પારખવાની વિવેકદૃષ્ટિ.
દુષ્કૃતની ગર્હા અને સુકૃતની અનુમોદનાપૂર્વક
પરમાત્માની ભક્તિ કરવી તે પણ એ ગુરુચાવી છે.
ભારતીય સંસ્કૃતિ એટલે ભિન્નતામાં એકતાની અનુભૂતિ.
o મરુદેવાને પૂર્વના કેળના ભવમાં કાંટાં ભોંકાયા છતાં
નિર્વિકાર રહ્યા, અકામ નિર્જરા થઈ અને

મરૂદેવાના ભવમાં અંતકૃત કેવળી થયા - એનો અર્થ
શલ્ય - ત્રિશલ્યરૂપી કાંટા આત્માને કાંટાની જેમ પીડા-
કારક થાય છે, તે બધાને બેઅસર સમત્વ ભાવથી રાખી,
તેમના કર્મો ક્ષય થઈ જાય છે.

કૃતજ્ઞતા એટલે ...

*Thanks giving = praise = gratitude.*

કૃતજ્ઞતાથી *Grace* - અનુગ્રહ પ્રાપ્ત થાય છે.
ઉપકારીનું ભાન કૃતજ્ઞતા ગુણ છે.
તેના પાયા ઉપર જ વિશ્વાસનાં ફળદાયી થાય છે.
ઉપકારનાં એ તીર્થ છે,
તેહ તીર્થમાં રહેલું તારકત્વ સક્રિય બને છે.

*Those who are more thoughtful,*
*they are more thankful.*
*Thinking & thanking are closely related.*

મંત્રાધિરાજના પ્રથમ ૫ પદ સંભેદ પ્રણિધાનના સૂચક છે,
ચૂલિકાના ચાર પદ અભેદપ્રણિધાન બતાવે છે.
ઇદમ્ - એતદ્ એ સર્વનામ બનીને
સમીપતરવર્તી પદાર્થનો સૂચક છે.
નિકટતરવર્તી પંચ નમસ્કાર સર્વ પાપપ્રણાશક છે.

નિકટતરવર્તી એટલે આત્મગત સમાપત્તિરૂપ.
અર્હદ્ પ્રણિધાન સ્વરૂપ પંચ પરમેષ્ઠિમય આત્મધ્યાન
એ પાપનું સમૂલ વિનાશક છે તથા અહિંસા, સંયમ, તપ
આદિ સર્વ પ્રકારના ભાવમંગળોમાં પણ મુખ્ય મંગળ છે.

જૈન સાધનામાં આત્મગુણની પ્રધાનતા
એ જ સર્વ સાધનાની સરૂપતા માનેલી છે.

વ્યવહારનય અને નિશ્ચયનય - ઉભયની સંધિ
શ્રી નવકાર મંત્રમાં રહેલી છે, તેથી તે સર્વશ્રેષ્ઠ મંત્ર છે.
નવકારમાં તદ્રૂપ થવું એટલે આત્માનંદના ઘૂંટડા ભરવા.

તદ્રસ થવું = આનંદમય બનવું.

પદ (૧) તથા (૨) મંત્રમય - વર્ણાત્મક છે, ધ્વનિરૂપ છે.
પદ (૩) મંત્રરૂપ - પંચપરમેષ્ઠિમય છે (વાચકતયા).
પદ (૪) મંત્રવાચ્ય - પંચ પરમેષ્ઠિમય છે (વાચ્યતયા).
પદ (૫) અર્હદ્ પ્રણિધાનરૂપ છે (સમાપત્તિરૂપતયા).

ગુણ - પર્યાય મંગળરૂપ છે, તેના આધારરૂપ આત્મદ્રવ્ય
એ સર્વ મંગળોમાં પ્રધાન મંગળ છે.

ગુણ - પર્યાય એ ભાવમંગળ છે.
તેમાં પણ તેના આધારરૂપ આત્મદ્રવ્ય એ મુખ્ય છે,
કેમકે તેમાં સર્વ ગુણો અને સર્વ પર્યાયો રહેલાં છે.

(મૂળમંત્રમાં પરમેષ્ઠિ ભગવંતોની સાથે અભેદ સંબંધ છે,
તે ભેદાભેદોપાસનારૂપ છે.

ચૂલિકામાં પરમેષ્ઠિ સ્વરૂપ આત્માની સાથે
જે અભેદાનુભૂતિ થાય છે, તે અભેદોપાસનારૂપ છે.)

સ્વરૂપરમણતા રૂપ ચારિત્ર ગુણ જેનાથી સિદ્ધ થઈ શકે છે,
તેમની સાથે એકાત્મતા સિદ્ધ થયા બાદ થતું
આત્મપ્રતિબિંબ રત્નત્રયાત્મક બને છે.

વાણી = Word = ભાવ.

વાણી એ માત્ર નાદસ્વરૂપ નથી, ભાવસ્વરૂપ છે.
વૈખરી એટલે ઉચ્ચારાત્મક, મધ્યમા એટલે વિચારાત્મક,
પશ્યંતી એટલે ભાવાત્મક, પરા એટલે અનુભવાત્મક વાણી.
નાદમાં માત્ર બોધ છે, ભાવમાં સંબંધનો બોધ છે.
નાદ વિશ્લેષણાત્મક છે અને ભાવ સંશ્લેષણાત્મક છે.
નાદ એ વિશ્વવ્યાપી છે પણ વિશ્વ સંબંધાત નથી.
ભાવ વિશ્વવ્યાપી હોવાની સાથે વિશ્વ સાથે સંબંધ
સ્થાપક પણ છે. નાદ એકનિષ્ઠ છે, ભાવ ઉભયનિષ્ઠ છે,
તેથી નાદ કરતાં ભાવનું મહત્ત્વ અધિક છે.
વાક્યમાં સ્વરૂપદર્શક વાક્ય તે અવાંતર વાક્ય અને
સંબંધદર્શક વાક્ય તે મહાવાક્ય ગણાય છે.

ઔદાસિન્ય એ જીવતત્વ સાથે એકરૂપતા સ્વરૂપ છે.
તે સજાતીય પ્રત્યે ઐક્યાદિ સ્વભાવરૂપ છે.
સૌને આનંદ જોઈએ છે પણ વિચાર કરી તેનું ઉદ્‌ગમ
સ્થાન શોધી કાઢવામાં આવે, તો જ તે મેળવી શકાય.
આત્મા એજ આનંદનું ઉદ્‌ગમ સ્થાન છે.
મારા આ જીવનમાં ત્રણ પ્રેરણાઓનું પ્રભુત્વ રહ્યું છે.
એ ત્રણે આમ તો સાવ સાદી અને સર્વ સામાન્ય છે.

:એ ત્રણ પ્રેરણાઓ છે:

(૧) પ્રેમની તલસાટ (૨) જ્ઞાનની ખોજ અને
(3) માનવ જાતના દુઃખ માટે અસહ્ય કરુણા.
પ્રેમ આપણને એકલવાયાપણામાંથી મુક્ત કરે છે.
- Bertrand Russel, Death date: 2/2/70

માનવીની મોટામાં મોટી સંપત્તિ કઈ ?
વિચાર કરવા માટેનું મન તથા પ્રેમ કરવા માટેનું હૃદય.
એ બંને માનવીની મોટામાં મોટી સંપત્તિ છે.
સાંસારિક પદાર્થોમાં તૃષ્ણા + વેદના એ
જીવોની રાગદશા તથા કષાયની આધિનતાની સૂચક છે.
દાન, શીલ, તપ આદિ ધર્મોની મહત્તાનું વર્ણન
સાપેક્ષપણે અવધારવાનું હોય છે.

કોઈ એક જ ધર્મનો મહિમા અબાધ કરવામાં આવે,
ત્યારે બાકી ધર્મની નિરૂપયોગિતા કે અલ્પ ઉપયોગીતા
બતાવવા માટે નહિ પણ 'જેવો રોગ તેવું ઔષધ'
એ ન્યાયે જે વ્યક્તિને જે રોગ હોય,
તેના પ્રતીકાર માટે તે તે ધર્મનું મહત્ત્વ સમજવું જોઈએ.
દા.ત. ધનવાનને માટે દાન, રૂપવાનને માટે શીલ,
બળવાન માટે તપ, બુદ્ધિમાન માટે ભાવાદિ અનિવાર્ય છે.
તેના અભાવે તે તે સંસ્કારો વૃદ્ધિ પામીને નુકસાન
કરનારી થાય છે, એવું સાપેક્ષપણે વર્ણન હોય છે.
કોઈ જગ્યાએ દૂધને અમૃત કહ્યું,
તો કોઈ જગ્યાએ છાશને અમૃત સમાન વર્ણવી.
કોઈ જગ્યાએ હરડેને, તો કોઈ જગ્યાએ
અજમાને માતા તરીકે વર્ણવી. બધી જ વાતોને સાચી
ઠરાવવા હોય, તો સાપેક્ષપણે તેમ કરી શકાય.
કબજીયાતવાળાને હરડે તો વાયુ-વિકારવાળાને અજમો,
દુર્બલવાળાને દૂધ તો સંગ્રહણીવાળાને છાશ, એમ અપેક્ષાને
લગાડવામાં આવે તો જ તે વર્ણન યથાર્થ બની શકે.
સાપેક્ષં સત્યમ્, નિરપેક્ષમસત્યમ્ ॥
એ ન્યાય સર્વત્ર સમજવો જોઈએ.

ધ્યાન ક્રિયા મનમાં આણીએ, ધર્મ - શુક્લ ધ્યાઈએ,
આર્ત - રૌદ્રના કારણ ત્રિવિધ, પંચાસ્રવને વારીએ.

જેના દર્શનમાત્રથી જ ઈશ્વરનું સ્મરણ થાય, જેની વાણીમાત્રથી જ અંતઃકરણના દુષ્ટ વિચારો નાબૂદ થઈ સદ્વિચારો જાગ્રત થાય અને જે પોતાની જાતથી ઉપદેશ ન આપતાં માત્ર પોતાના આચરણ દ્વારા જ ઉપદેશ આપે, એવા મનુષ્યનો જ તું સંગ કરશે, તો તારું કલ્યાણ થશે. 'શુભં ભવતુ સર્વેષાં |'

### નમો પદ એટલે ભાવનમસ્કાર

ભાવનમસ્કાર એટલે નમસ્કાર્ય પ્રત્યે વિનય, ભક્તિ, આદર અથવા મનનું શુદ્ધ પ્રણિધાન.
ભાવનમસ્કાર એટલે સાંસારિક વિષયોમાં દોડતા એવા મનને રોકવું અને પરમાત્મા તરફ વાળવું.

### નમો પદ વિનયસૂચક છે.

'નમો પદનું ફળ ગુરુસેવા અને શ્રુતજ્ઞાનની પ્રાપ્તિ, આસ્રવનિરોધ, સંવરલાભ, કર્મનિર્જરા, ક્રિયાનિરોધ, ભવપરંપરાનો નાશ અને અંતિમ ફળ મોક્ષ છે.'

આ દૃષ્ટિ મોક્ષનું મૂળ છે.

મૈત્રી વધારવી એ મારું કામ છે.

## <u>નમો પદ શું કરે છે?</u>

નમો પદ શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ આપનાર તથા
મન, શરીર, આત્માની શુદ્ધિ કરનાર છે.
પુણ્યની પુષ્ટિ, મનની શાંતિ, અંતઃકરણની તુષ્ટિ,
દેહની શુદ્ધિ - એ બધા વિનયના અવાંતર ફળો છે.
<u>નમો પદનું રટન દઢાવવાથી આત્મપ્રકાશ કરનારી</u>
<u>મહાવિદ્યુત શક્તિનો આંતરપ્રવાહ વહેવા લાગે છે.</u>
નમો વડે ધર્મપ્રશંસા થાય છે,
તે વડે હૃદયભૂમિમાં ધર્મબીજનું વપન થાય છે.
બીજમાંથી ફળ પ્રગટે છે.
ફળ મોક્ષ છે અને પત્ર, પુષ્પ એ સુર-નરનાં સુખ છે.
જે નવકારના 'નમો' પદમાં અચિન્ત્ય શક્તિ રહેલી છે.

### <u>પંચ પરમેષ્ઠિ અને નવતત્ત્વના બોધક</u>

(૧) અરિહંતનું ધ્યાન પ્રત્યક્ષ પુણ્યરૂપ છે.
તેમાં પુણ્ય - પાપ એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વહેંચણી) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.
(૨) સિદ્ધ પરમાત્મા કર્મમલ વિમુક્ત શુદ્ધ જીવ છે.
તેનું ધ્યાન જીવ-અજીવ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (વહેંચણી) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.

(3) આચાર્ય ભગવંતો સંવર તત્ત્વરૂપ છે. તેનું ધ્યાન
આશ્રવ - સંવર એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (પસંદગી) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.
(૪) ઉપાધ્યાય ભગવંતો નિર્જરા તત્ત્વરૂપ છે. તેનું ધ્યાન
વ્યવદાન - નિર્જરા એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (પસંદગી) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.
(૫) સાધુ ભગવંતો મોક્ષતત્ત્વરૂપ છે. તેઓનું ધ્યાન
બંધ - મોક્ષ એ બે તત્ત્વોનો વિચાર (બોધ),
વિવેક (પસંદગી) અને વર્તન (પરિણતિ) પેદા કરે છે.
આ રીતે પંચ પરમેષ્ઠિ નવે નવ તત્ત્વના બોધક છે.

નવકારની અંદર પહેલાં પાંચ પદોમાં
દેવ - ગુરુનું અને ચૂલિકામાં ધર્મનું સ્વરૂપ છે.
ધર્મ, તેનું પ્રયોજન અને ફળ -
એ ત્રણેનું વર્ણન ચૂલિકામાં છે.
પહેલાં બે પદમાં દેવનું, બાકી ત્રણ પદમાં ગુરુનું
અને છેલ્લા ચાર પદમાં ધર્મનું સ્વરૂપ છે.
અરિહંત અને સિદ્ધ - એ દેવતત્ત્વ,
આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ - એ ગુરુતત્ત્વ
અને દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ - એ ધર્મતત્ત્વ છે.

## સાધનાનાં ચાર પગથિયાં

(૧) <u>શબ્દાનુસંધાન</u> : આ પગથિયે શબ્દનું આલંબન છે.
ભાષ્ય, ઉપાંશુ, માનસ જાપ તથા વૈખરી
આદિ ૪ વાણીઓ અહીં સમાવિષ્ટ છે.

(૨) <u>અર્થાનુસંધાન</u> : આ પગથિયે પદનો, વાક્યનો અને
મહાવાક્યનો અર્થ વિચારવાનો હોય છે.
નવકારનો મહાવાક્યાર્થ તે છે કે
ધર્મ અને તેનું ફળ પાપનાશ - નવકારમાં વર્ણવ્યું છે.
પદાર્થ આદિ ૪ પ્રકારના અર્થો પણ અહીં સમાવિષ્ટ છે.

(૩) <u>તત્ત્વાનુસંધાન</u> : આ પગથિયે નવ તત્ત્વ, નવપદજી,
૧૬ ભાવનાઓ અને મૈત્ર્યાદિ ભાવોનો વિચાર છે.

(૪) <u>સ્વરૂપાનુસંધાન</u> : આ પગથિયે દ્વૈતનો છેદ અને
અદ્વૈતનો ભાવ પ્રકટાવવાનો હોય છે.
ભેદથી અભેદ, સ્થૂલથી સૂક્ષ્મ,
આલંબનથી નિરાલંબન ધ્યાનની પ્રાપ્તિ,
એકતાનું ભાવન, અભેદનું અનુભવન અહીં સમાવિષ્ટ છે.

આ ચાર પ્રકારનું અનુસંધાન
એક અખંડ સાંકળ અને
તેને જોડનારી ચાર કડીઓ સમાન છે.

પરમાત્મા સાથે અભેદનું ચિન્તન તથા
તેના પ્રભાવનો વિચાર આ પ્રમાણે છે:
(૧) માહાત્મ્ય - ગૌરવ વધે. (૨) શત્રુઓ મિત્ર બને
(૩) વિઘ્નસમૂહ વિખરે. (૪) દોષો નાશ પામે.
(૫) આરોગ્યલાભ થાય. (૬) અશુભ પણ શુભ બને.
(૭) અનિષ્ટ પણ ઇષ્ટ થાય.
(૮) જીવતત્ત્વની, કર્મતત્ત્વની, પુનર્જન્માદિની શ્રદ્ધા વધે,
ભય, આપત્તિ અને દુઃખમાં સહાયક બને છે,
મોક્ષ અને મોક્ષમાર્ગની પ્રતીતિ થાય છે.

ધ્યાન દરમ્યાન શેનું માહાત્મ્ય ?

બ્રાહ્મમુહૂર્ત ધ્યાન માટે પવિત્ર સમય છે, કેમકે
તે વખતે યોગીઓ ધ્યાન કરે છે, પાપીઓ સુતાં રહે છે.
શ્વેત વસ્ત્ર એ શુક્લધ્યાનનું પ્રતિક છે.
શ્વેત વસ્ત્રોથી શુભ ભાવ જાગે છે.
ધૂપ - દીપ સહિત ધ્યાન ભાવવૃદ્ધિનું કારણ છે.
પૂર્વ - ઉત્તરદિશા કે જિનમંદિરમાં પ્રતિમા સન્મુખ,
જળાશય, ઉદ્યાન, પર્વતની તળેટીમાં ધ્યાન કરી શકાય છે.
સંખ્યાનું પ્રમાણ વધારી ક્રમવાર
આંતરમન બાહ્યપ્રવૃત્તિમાં દોડે છે, તે દોડવું બંધ થઈને
આ નવા આંતરપ્રવૃત્તિ માટે દોડવું થશે.

નવકારથી ગુણાનુરાગ કેળવાય છે,
જે આત્મપ્રકાશ માટે વિદ્યુત, પાપરૂપી ઇંધણો માટે વહ્નિ,
કર્મમલ માટે જલ અને જીવનયંત્ર માટે વરાળ છે.
જલ, વિદ્યુત, વરાળ અને વહ્નિમાં
જલથી મલક્ષાલન, વિદ્યુતથી પ્રકાશ, વરાળથી ગતિ
તથા વહ્નિથી કર્મમલનો દાહ થાય છે.
ભાવ બે પ્રકારના છે: શુદ્ધ અને અશુદ્ધ.
વળી અશુદ્ધ ભાવના બે પ્રકાર છે: શુભ અને અશુભ.
શુભ ભાવમાં રહેલ શુદ્ધનો અંશ નિર્જરાનું કારણ છે
તથા શુભનો અંશ પુણ્યબંધનું કારણ છે.
સાગરમાંથી અમૃત, દધિમાંથી નવનીત, રોહણગિરિમાંથી
રત્નની જેમ શાસ્ત્રોમાંથી નવકાર ઉદ્ધૃત થયેલો છે.
સર્વ નવકારને સોંપો તો બદલામાં સર્વ તમને આપે.
જે પ્રકાશ ક્રોડો સૂર્ય અને ચંદ્રથી નથી મળતો,
તે નવકારથી મળે છે, તે પ્રકાશ એટલે આત્મપ્રકાશ.
બધા નક્ષત્રોનો સ્વામી જેમ ચંદ્ર છે, તેમ
બધા પુણ્યાનુબંધી પુણ્યોનો સ્વામી નવકાર છે.
પરલોકમાં જતાં જીવને આ લોકમાંથી લઈ જવા રોકડ
એક માત્ર નવકારરૂપી પરમધન - ભાથું છે.

## નવકારની આઠ સંપદાઓ

જેનું સ્મરણ કરનારને અનંત સંપદાઓ આપે છે. નમસ્કાર વડે પંચપરમેષ્ઠિને અનુકૂળ બનનારને સમગ્ર વિશ્વમંડળ અનુકૂળ બને છે. અરિહંત પ્રત્યે બહુમાનમાં તેમના શ્રુત અને ચારિત્રનું બહુમાન રહેલું છે. 'ધર્મબીજ' એટલે ધર્મની અનુમોદના અને પ્રશંસા. નમસ્કાર વડે પરમેષ્ઠિઓની શક્તિ નમસ્કાર કરનારમાં સંક્રમે છે. નમો પદથી માનવનું મન સંસારથી વિમુખ અને આત્માભિમુખ બને છે.

અરિહંતો પાપથી મુકાયેલા તથા પુણ્યના પ્રકર્ષને પામેલા છે. સિદ્ધો અજ્ઞાનના સંગથી રહિત અને જીવના શુદ્ધ સ્વરૂપને પામેલા છે. આચાર્યો પંચાચારના પાલન વડે આશ્રવને રોકે છે અને સંવરને સેવે છે. ઉપાધ્યાય ભગવંતો શ્રુતજ્ઞાનની આરાધના વડે બંધને અલ્પ કરે છે અને નિર્જરા વધુ કરે છે. સાધુપદથી સાધક મોક્ષનું ધ્યાન ધરે છે. સાધુમાં દર્શનગુણ, ઉપાધ્યાયમાં જ્ઞાનગુણ, આચાર્યોમાં ચારિત્રગુણ તથા અરિહંત અને સિદ્ધોમાં બંને પ્રકારના તપનો પ્રકર્ષ છે. અનાહારીપણું અને શુક્લધ્યાન એ બાહ્ય - અંતર તપગુણની ટોચ સ્વરૂપ છે.

વ્યક્તિગત જાપ કરતાં સામૂહિક જાપનું ફળ સવિશેષ છે.
સમ્યગ્દૃષ્ટિને મન બાહ્યગ્રહણ કરતાં આભ્યંતરગ્રહણ
અને તેને પોષનાર નવકારનું મહત્ત્વ અધિક છે.

## નવકાર એ આખરે શું છે?

નવકાર એ સંસારસાગર તરવાનો સેતુ છે,
નવકાર એ મોક્ષના દ્વારને ખોલવાની ચાવી છે,
નવકાર એ મોહવિષ ઉતારવા માટેનો મંત્ર છે,
નવકાર એ ધર્મની શિક્ષા મેળવવાનું શાસન છે.

નવકાર એ સંસારમાં જીવને નવી દૃષ્ટિ આપી, જે વડે તે પોતાની અંદર ભરેલી આંતરિક ઋદ્ધિને જોઈ શકે છે, નવકાર એ સકળ શાસ્ત્રોના રહસ્યો ખોલવાની કુંચી છે. નવકાર એ ભવસમુદ્રને સુખે તરી જવા માટેની નાવ છે. તે દુઃખ, પાપ, કર્મ સૌને ભવના ભયને ભગાડી દે છે. મોક્ષપ્રાપ્તિ માટે અત્યંત જરૂરી એવા પુણ્યાનુબંધી પુણ્યને નવકાર બનાવે છે, માટે તે પુણ્યની જનની, પાલની અને શોધની કહી છે. નવકાર એ તો પરમ દાતાર છે. જીવને જેની જરૂર હોય, તે સર્વ વસ્તુને પૂરી પાડે છે. નવકાર એ વિષયતૃષ્ણાને શમાવે, ક્રોધદાહને મટાડે છે, પાપના પંકને ધુએ છે, સર્વ શૂળને ખેંચે છે.

એષ પંચ નમસ્કારઃ સર્વ પાપપ્રણાશનઃ |
મંગલાનાં ચ સર્વેષાં પ્રથમં ભવતિ મંગલં ||૨||

આ નવકાર મંત્ર અડસઠ અક્ષર, આઠ સંપદા
અને નવ પદોથી બનેલો છે.

પ્રથમ ૫ પદ પરમેષ્ઠિઓને દ્રવ્ય - ભાવ નમસ્કારરૂપ છે.

નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવથી
પાંચ પરમેષ્ઠિઓ અહીં જગતના જીવોને
સર્વ ક્ષેત્ર અને સર્વ કાળમાં પવિત્ર કરી રહેલા છે.

અરિહંતાદિ નામનિક્ષેપ વડે પરમેષ્ઠિઓનો સામાન્ય બોધ થાય છે, સ્થાપનાનિક્ષેપ વડે તેમનામાં રહેલી વિશેષતાઓનો બોધ થાય છે, દ્રવ્યનિક્ષેપ વડે તેમની સાધનાનું સ્વરૂપ સમજાય છે તથા ભાવનિક્ષેપ વડે તેમની સિદ્ધિનું સ્વરૂપ સમજાય છે. ચારે નિક્ષેપ વડે થયેલો પાંચે પરમેષ્ઠિઓનો આ બોધ વસ્તુવિષયક બોધ છે.

'સર્વ વસ્તુઓમાં શ્રેષ્ઠ વસ્તુ પાંચ પરમેષ્ઠિઓ છે'
એ સમજ પાંચ પદોથી સ્પષ્ટ થાય છે.

'વસ્તુ' એટલે જેમાં ગુણ - પર્યાયો વસે છે.
તેના બોધને શાસ્ત્રકારો વ્યવહારનયનો બોધ કહે છે.
વસ્તુને પૂર્ણપણે સમજવા માટે વ્યવહારનયની સાથે
નિશ્ચયના બોધની પણ તેટલી જ આવશ્યકતા છે.

પ્રથમ વ્યવહારનયથી વસ્તુને સ્વરૂપથી સમજવી અને
પછી તે જ વસ્તુને નિશ્ચયનયથી સમજવી એ ક્રમ છે.

વ્યવહારનયનું જ્ઞાન એ
નિશ્ચયનયને સમજવા માટે પ્રથમ જરૂરી છે.
તે જ્ઞાનને objective વસ્તુવિષયક બાહ્યજ્ઞાન કહેવાય.
વસ્તુવિષયક જ્ઞાન થયા પછી
તત્ત્વવિષયક જ્ઞાન સમજવું સરળ થઈ પડે છે.
તત્ત્વવિષયક જ્ઞાન એ મુખ્ય પ્રયોજનભૂત છે.
તે જ્ઞાનને Subjective અર્થાત્
વસ્તુવિષયક આભ્યંતરજ્ઞાન કહેવાય છે.
આભ્યંતરજ્ઞાન એ નિશ્ચયનયનો વિષય છે.

વ્યવહારનયથી પંચપરમેષ્ઠિને જાણી લીધા બાદ જો નિશ્ચયનયથી પણ તેમનું સ્વરૂપ જાણવામાં ન આવે તો વ્યવહારનય વિષયક એ જ્ઞાન સાધનામાં ઉપકારક ન નીવડે, કિન્તુ ઘણા વખત અહંકારાદિ દોષોનું નિમિત્ત પણ બની જાય છે, તેથી નિશ્ચયનય વડે પંચ પરમેષ્ઠિને જાણવા સાધકને અનિવાર્ય થઈ પડે છે. નવકારના પ્રથમ પાંચ પદ વડે વ્યવહારનયથી પંચ પરમેષ્ઠિઓનો નમસ્કાર કર્યા પછી છેલ્લા ચાર પદો વડે ચૂલિકામાં નિશ્ચયનયથી

પંચપરમેષ્ઠિનો નમસ્કાર અને તેના ફળનો નિર્દેશ કરાય છે.

'નિશ્ચયનયથી પંચ પરમેષ્ઠિ આત્મા પોતે છે'

એવું જ્ઞાન સમ્યગ્દૃષ્ટિ જીવને હોય છે.

મંત્રની ચૂલિકા પંચપરમેષ્ઠિનું નિશ્ચય સ્વરૂપ બતાવે છે.
'ણમો' શબ્દથી સમાપત્તિવર્તી પંચ પરમેષ્ઠિરૂપ પોતાનો
આત્માનો નમસ્કાર સૂચવે છે અને એ જ નમસ્કાર
ભાવનમસ્કાર રૂપ હોવાથી સર્વ પાપોનો પ્રણાશક બને છે
અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ, જે સ્વરૂપલાભ છે,
તેને પ્રાપ્ત કરાવે છે.

વ્યવહારનયનો નમસ્કાર સાધનરૂપ બનીને નિશ્ચયનયના
નમસ્કાર સુધી પહોંચાડે છે. નિશ્ચયનયનો નમસ્કાર
પંચ પરમેષ્ઠિ સ્વરૂપે પરિણમેલો પોતાનો આત્મા છે,
તેથી તે ભાવસમાપત્તિ રૂપ બને છે.

સમાપત્તિ બે પ્રકારની છે:

એક વિષયસમાપત્તિ અને બીજી આત્મસમાપત્તિ.
વ્યવહારનયથી પંચપરમેષ્ઠિનું ૪ નિક્ષેપ વડે થતું જ્ઞાન
તે વિષયસમાપત્તિરૂપ છે અને
નિશ્ચયનયથી પંચ પરમેષ્ઠિરૂપ નિજ આત્માનું જ્ઞાન
તે આત્મસમાપત્તિ રૂપ છે.

આત્મસમાપત્તિ એ તાત્ત્વિક સમાપત્તિ છે.
તેમાં ધ્યાતા, ધ્યેય, ધ્યાન - ત્રણેની એકતા રહેલ છે.
કહ્યું છે: विषयस्य समापत्तिरुत्पत्तिर्नामसंज्ञिनः ।
आत्मनस्तु समापत्तिभावो द्रव्यस्य तात्त्विकः ॥१॥
વિષયસમાપત્તિમાં નામસંજ્ઞાની ઉત્પત્તિ છે કારણ
કે વિષયમાં આત્માનો ઉપયોગ જોડાય છે,
તે વસ્તુનું નામ આત્માને પ્રાપ્ત થાય છે.
જેમકે અગ્નિના ઉપયોગમાં જોડાયેલો
માણવક અગ્નિ શબ્દથી સંબોધાય છે.
આત્માની સમાપત્તિ એ વિષયની સમાપત્તિ કરતાં
જુદી જાતની સમાપત્તિ છે કારણ
આત્મા તે નામને ગ્રહણ કરે છે એવું નહિ, પરન્તુ
આત્મદ્રવ્યનો તે તાત્ત્વિક ભાવ બને છે.
શુદ્ધ સ્વરૂપને વરેલા પરમેષ્ઠિઓના ધ્યાનમાં તન્મય
બનેલો આત્મા તે સમયે નિશ્ચયનયથી પરમેષ્ઠિ સ્વરૂપ
બને છે, કેમકે તેમાં આત્મસમાપત્તિ રહેલ છે. વિષય
સમાપત્તિ પદાર્થવિષયક જ્ઞાન અને તેમાં ઉપયોગ
રૂપ છે, આત્મસમાપત્તિ આત્મવિષયક જ્ઞાન અને તેમાં
ઉપયોગ રૂપ છે. જ્ઞાન અને ઉપયોગ એ આત્મગુણ છે
અને તે સ્વપર પ્રકાશક છે.

તે જ્યારે વસ્તુવિષયક હોય ત્યારે વિષયસમાપત્તિ છે
અને આત્મવિષયક હોય ત્યારે તાત્ત્વિકસમાપત્તિ છે.
વિષયસમાપત્તિને વિષય 'પ્રતિભાસ જ્ઞાન' તરીકે અને
આત્મસમાપત્તિને 'પરિણતિ જ્ઞાન' તરીકે સંબોધાય છે.

તે પરિણતિ જ્યારે સુદૃઢ થાય છે, ત્યારે
તેને 'તત્ત્વ સંવેદન' તરીકે ઓળખાવવામાં આવે છે.

ચૂલિકામાં જે નમસ્કારનું વર્ણન છે,
તે નમસ્કારનું વિષયપ્રતિભાસ રૂપ જ્ઞાન નહિ, કિન્તુ
આત્મપરિણતિમત્ અને તત્ત્વસંવેદનજ્ઞાન રૂપ છે.

તે અંતરંગ હોવાથી
'એસો' શબ્દ અત્યંત નિકટવર્તીના અર્થમાં એતદ્
સર્વનામનો પ્રયોગ છે. આત્માને અત્યંત નિકટવર્તી
એવું પરમેષ્ઠિ સ્વરૂપ ઉદ્દેશ્ય હોય, તો
તે પરમેષ્ઠિ સ્વરૂપને પામેલો આત્મા પોતે જ છે.

તે ભાવસમાપત્તિ છે અને
તે જ સર્વ પાપનો સમૂલ વિનાશક છે અને
તે જ સર્વ મંગળોમાં પ્રથમ, શ્રેષ્ઠ કે પ્રધાન મંગળ છે.
આમ નિશ્ચયે પાંચ પરમેષ્ઠિઓને થતો દ્રવ્ય-ભાવ
નમસ્કાર વ્યવહારનયથી પંચપરમેષ્ઠિ ભગવંતોને ઉદ્દેશીને

અને તે જ નમસ્કાર નિશ્ચયનયથી
આત્માને ઉદ્દેશીને કરવાનો હોય છે.

વ્યવહારનયથી ૧૦૮ ગુણોને વરેલા પરમેષ્ઠિ ભગવંતો પરમપદે બિરાજમાન હોવાથી તેઓ 'પરમેષ્ઠિ' ગણાય છે. નિશ્ચયનયથી જીવ માત્ર પરમેષ્ઠિ સ્વરૂપ છે, તેથી નિશ્ચયનયનો નમસ્કાર સર્વજીવાત્માઓને આવરી લે છે. નામ દ્રવ્ય - ભાવ અને વ્યવહાર - નિશ્ચય ઉભય નમસ્કાર કર્યા પછી તે જ નમસ્કારનું ફળ ચૂલિકામાં વર્ણવ્યું છે, જે ફળ નિશ્ચય નમસ્કારને ઉદ્દેશીને છે. નિશ્ચયથી સર્વ જીવાત્માનું પરમેષ્ઠિસ્વરૂપ જ્યારે નમસ્કારનો વિષય બનાવીને ચિન્તવવામાં આવે છે,
ત્યારે તે અદ્વૈત સ્વરૂપ બની જાય છે.

તે જ નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ હોવાથી સકલ પાપકર્મોનો સમૂલ નાશ કરવા સમર્થ થાય છે. નિશ્ચય નમસ્કાર એ વ્યવહાર નમસ્કારનું ફળ છે. વ્યવહાર નમસ્કાર પરમેષ્ઠિ સ્વરૂપ પામેલા શુદ્ધાત્માના નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવને સન્મુખ રાખીને કરાય છે. નામ વડે શબ્દાનુસંધાન, સ્થાપના વડે અર્થાનુસંધાન, દ્રવ્ય વડે તત્ત્વાનુસંધાન, ભાવ વડે સ્વરૂપાનુસંધાન થાય છે.

એ રીતે નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ, કાર્ય-
કારણરૂપ બનીને નિશ્ચય નમસ્કારની પ્રાપ્તિ કરાવે છે.
ભાવનમસ્કાર સ્વરૂપાલંબનની વિચારણા વડે થાય છે.
નિશ્ચય નમસ્કાર જીવતત્ત્વના બહુમાન રૂપ છે, તેથી
તત્ત્વાનુસંધાન થાય છે, જેનાથી સ્વરૂપાનુસંધાન સધાય છે.

તે સમ્યગ્દૃષ્ટિને હોય છે, કેમકે
સમ્યગ્દૃષ્ટિ જીવ જિનવચનની સદ્દહણા ધરાવે છે.

શ્રી જિનવચન ફરમાવે છે કે:

जो जाणइ अरहंतं दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं मोहो खलु जाइ तस्स लयं ॥१॥

સ્મૃતિ: દ્રવ્ય - ગુણ - પર્યાયથી જે અરિહંતને જાણે છે, તે નિજાત્માને જાણે છે, કેમકે નિશ્ચયથી બંને સમાન છે.

० 'अकरणान्मन्दकरणं श्रेयः ।'

સ્મૃતિ: ન કરવા કરતાં થોડું કરવું સારું.

० एष श्री पंचपरमेष्ठिनमस्कारमहामंत्रः
सकलसमीहितार्थप्रापणकल्पद्रुमाऽभ्यधिकमहिमा
शान्तिकपौष्टिकाद्यष्टकर्मकृत् ऐहिकामुष्मिकस्वाभि-
प्रेतार्थसिद्ध्यर्थं यथा श्री गुर्वाम्नायं ध्यातव्यः ।

- श्री जिनकीर्तिसूरिकृतपंचपरमेष्ठिनमस्कारस्तोत्र

(પરિશિષ્ટ-૫)

१ त्राणं सत्पुरुषशरणं ।

२ अरिहंताणं अर्हदासां प्रति प्रह्वीभावः ।

३ अर्हद्भ्यो पूज्येभ्यो माता पितृ प्रभृतिभ्यो नमः ।

४ अर्हतः स्तुत्यान् सत्पुरुषान् नमः ।

५ नं सानं अर्हतः प्राप्तान् श्रुतकेवलिनः ।

६ नमो अरिजिहितानां अष्टविधकर्मपिहितेभ्यो नमः

उपहास नमस्कारः ।

७ अर्हन् जिनस्तीर्थकरः तस्य त्राणं शरणं न मोच्यम् ।

अरिहम् अर्हन् जिनः ।

८ अरिमष्टविधंकर्म हतवन्तस्ते अरिहाः सिद्धा

स्तेषां शरणं न मोच्यम् इति ।

९ मोहारिः शत्रुः तेन हतानां पीडितानां

नमः शिवं न स्यात् ।

१० अरिहंताणं न मोहः हर्षो न स्यात् ।

११ अरि इति अव्ययं सम्बोधने,

हतेभ्यो निन्द्येभ्यो नमः इत्युपहास्यम् ।

१२ अरहम् अरहन्तकं सार्द्धं त्राणं शरणभूतं नमस्कुरु,

पदैकदेशो पदसमुदायोपचारात् अरहंअरहन्तकं ।

(परिशिष्ट-६)

o ગ્રન્થકાર અન્યની રુચિ - અરુચિ તરફ
પોતાનું લક્ષ્ય લેતા નથી, કિન્તુ સ્વરુચિ અનુસાર
o પ્રતિપાદ્ય વિષયોનું પ્રતિપાદન કરે છે.

'ૐ નમઃ શ્રી પંચ પરમેષ્ઠિને ।'

પરમ - ઉત્કૃષ્ટ સ્થાનમાં સ્થિત માટે પરમેષ્ઠિ 'નોણઃ ।'
પ્રાકૃતમાં સર્વત્ર (આદિ તથા અંતમાં) નકારના સ્થાને ણકાર આદેશ થાય છે (વરરુચિ વ્યાકરણ).

o 'વાદૌ ।' આદિમાં વર્તમાન અસંયુક્ત નકારના સ્થાને ણકાર આદેશ વિકલ્પે થાય છે (હેમચંદ્રાચાર્ય વ્યા.).

o ણમો ઉચ્ચારથી અહિંસા સિદ્ધિ સન્નિવિષ્ટ થાય છે.
'ણ' ને દગ્ધાક્ષર માનવામાં આવે,
તો પણ ભાવવાચક હોવાથી મંગલ સ્વરૂપ છે.

o નમો નૈપાતિકપદથી કર, શિર, ચરણ આદિના ગ્રહણ, કંપન અને ચલનાદિ ચેષ્ટાઓના નિગ્રહ દ્વારા
દ્રવ્યસંકોચરૂપ પ્રણિધાન થાય છે.
કર વડે ગ્રહણ, શિર વડે કંપન અને
ચરણ - પાદ વડે ચલનાદિ ચેષ્ટાઓ થાય છે.
તેને રોકી દેવાથી વિનયગુણ પ્રદર્શિત થાય છે.
ભાવસંકોચ મનના પ્રણિધાન રૂપ છે.

અરિહંતોનું ધ્યાન ચંદ્ર સમાન <u>ઉજ્જ્વલ વર્ણે</u> અને
સિદ્ધોનું ધ્યાન ઉગતા સૂર્ય સમાન <u>રક્તવર્ણે</u> કરવું જોઈએ.
સિદ્ધ = જેના તરફથી ભવ્યજીવોને ગુણસમૂહ પ્રાપ્ત થાય.
પોતાના વિષયમાં અત્યંત પ્રમોદ ઉત્પન્ન કરીને
ભવ્ય જીવોને પ્રમોદ-પ્રકૃષ્ટ આનંદ આપનારા હોવાથી
સિદ્ધો પરમ ઉપકારી છે.
આ = મર્યાદા કે વિનયપૂર્વક અર્થની દેશના આપનારા
અથવા અર્થોપદેશ ગ્રહણ કરવાની ઈચ્છાવાળાથી
અવશ્ય સેવન કરાય તે આચાર્ય.
પંચાચાર પાળવામાં અત્યન્ત પ્રવીણ તથા
તેનું પાલન કરવાનો ઉપદેશ દેવામાં નિષ્ણાત એવા
આચાર્યોનું ધ્યાન <u>સુવર્ણના વર્ણે</u> સમાન કરવું.
જેની સમીપ વસવાથી આધિ, આધી (કુબુદ્ધિ) અને
અપધ્યાન (દુર્ધ્યાન) દૂર થાય, તે ઉપાધ્યાય છે.
જેઓ ઉપયોગપૂર્વક ધ્યાન કરનારા છે તથા
સમીપમાં આવનારને અધ્યયન કરાવે છે, તે ઉપાધ્યાય છે.
જિનપ્રવચનનું દાન-સ્મરણાદિ જેમની સમીપે થાય,
તે ઉપાધ્યાય. આચાર્ય ઉપદેષ્ટા - ઉપાધ્યાય અધ્યાપક છે.
ઉપાધ્યાયનું ધ્યાન મરકતમણિ સમાન <u>નીલ વર્ણે</u> કરવું.

ઉપહન્યતે માનસ્યા વ્યથયા આધિઃ પ્રાપ્તિ યૈસ્તે, ઉપહન્યતે
આદિઃ કુબુદ્ધેરાયઃ, અધ્યાયો દુર્ધ્યાનં યૈસ્તે ઉપાધ્યાયાઃ।
અર્થાત્ઃ માનસિક પીડા જેના વડે હણાય છે, તે ઉપાધ્યાય.
કુબુદ્ધિ જેના વડે હણાય છે, તે ઉપાધ્યાય.
જેમના વડે દુર્ધ્યાન થતું નથી, તે ઉપાધ્યાય.
જ્ઞાનાદિ શક્તિઓ વડે મોક્ષસાધના કરવાવાળા તે સાધુ.
સર્વ પ્રાણીઓ પર સમત્વ સાધવાવાળા, દાન-શીલ-તપ
આદિ ધર્મોમાં તથા સંયમમાં સહાયભૂત બનનારા તે સાધુ.
સંયમ કરવામાં જગત નિઃસહાય છે,
માત્ર સાધુઓ જ સહાયક છે.
'સર્વ' શબ્દ ભરતાદિ સર્વ ક્ષેત્ર, અવસર્પિણી આદિ
સર્વકાળ, અપ્રમત્તાદિ સર્વ ભૂમિકા અર્થાત્ સ્થવિરકલ્પ,
જિનકલ્પ, કલ્પાતીતાદિ સર્વ અવસ્થાને ગ્રહણ કરે છે.
'સર્વ સાધુ' શબ્દથી સર્વ જિનકારી અને
સર્વસિ અનુયાયી ગ્રહણ કરવા. સર્વ શુભયોગોના સાધક
અર્હત પ્રભુના આજ્ઞાપાલક અને દુર્નયોનું નિરાકરણ
કરવા દ્વારા પ્રતિષ્ઠાપના કે આરાધના કરનારા સર્વે.
શ્રવ્ય સાધુ = સવ્ય સાધુ = સવ્વ સાધુ = સર્વ સાધુ =
સાંભળવામાં - સાંભળીને અનુરૂપ વર્તવામાં ચતુર સર્વ સાધુ.

આચાર્યાદિ પર્ષદારૂપ છે, અરિહંત રાજારૂપ છે.

લોકમંગલ એકાંતિક - આત્યંતિક છે,

જેને નમવામાં આવે છે, તે

મંગલરૂપ, લોકોત્તમરૂપ અને શરણાગતવત્સલરૂપ છે.

પ્રથમ પાંચ પદ મૂલમંત્રરૂપ છે અને પછીના

ચાર પદ મંત્રના પ્રભાવનું વર્ણન કરે છે.

૯ x ૫ = ૪૫ x ૧॥ = ૬૭॥ + ०॥ = ૬૮.

નમસ્કાર = કાયાથી, વચનથી તથા મનથી નમનની ક્રિયા.

મૃદુ, મધ્ય, અધિમાત્ર.

જે નમસ્કારને આશીર્વાદની સાથે સંબંધ છે,

તે માનવનમસ્કાર રાત્રિએ નિષિદ્ધ છે,

દેવનમસ્કાર નિષિદ્ધ નથી.

નમ્રતાની, દીનતાની, દાસતાની ક્રિયા તે નમન ક્રિયા છે.

તેમાં પોતાની હીનતા - દીનતા - અસહાયતાનો સ્વીકાર છે.

નમસ્કાર તે મહાયજ્ઞ છે, કેમકે તે સર્વ પ્રીતિકર છે.

'નમ ઇતિ ઉગ્ર |' નમવાની મનોવૃત્તિ અતિ ઉગ્ર થઈને

પ્રચંડ શક્તિ ધરાવે છે, કર્મનું બળ નિર્મૂળ કરે છે,

કેમકે મનની ગતિ અતિ સૂક્ષ્મ છે.

ह्रीं ॐ श्रीं अर्हं श्रीं श्रीं अर्हं श्रीं ॐ ह्रीं

નમસ્કાર વડે વ્યવહારમાં પણ આશીર્વાદ પ્રાપ્ત થાય છે.
જેને નમસ્કાર કરવામાં આવે છે,
તેના તરફથી શુભાશિષની પ્રાપ્તિ થાય છે.
સૂર્ય ભગવાનનું અને કર્મસાક્ષી લૌકિક દેવપૂજન અને
દાનાદિ ક્રિયા રાત્રિએ નિષિદ્ધ અને દિવસે વિહિત છે.
લૌકિક નમસ્કાર દિવસ પ્રતિબદ્ધ છે,
લોકોત્તર નમસ્કાર દિવસ - રાત્રિ સર્વ સમય વિહિત છે,
તેના પ્રભાવે રાત્રિ - દિવસ પરમ ભગવંતો તરફથી
શુભાશિષ પ્રાપ્ત થયા કરે છે.
લૌકિક નમસ્કારમાં ભગવાનનું સૂર્ય સાક્ષી છે,
લોકોત્તર નમસ્કારમાં કેવળજ્ઞાનાદિ ભાવભાસ્કર
સાક્ષીરૂપ બને છે, તેથી પ્રતિપળ કર્તવ્ય છે.
સુસ્થિત મહારાજા તે છે કે જેઓ
તીર્થંકર નામકર્મનો અનુભવ કરીને
સિદ્ધિગતિને પામેલા છે.
તેઓની આજ્ઞા સિદ્ધ છે, અપ્રતિહત છે
તથા સર્વને લાગુ પડનારી છે.
'પઢમં' શબ્દ વૃદ્ધિને સૂચવે છે.
'હવઇ' શબ્દ વૃદ્ધિની સાથે મંગળનું આનન્ત્ય સૂચવે છે.

તમારી જાતને સફળ માનો.

નિષ્ફળતા એ આવનારી સફળતાનો એક ભાગ જ છે.
દરેક નિષ્ફળતામાંથી તમને
કંઈક લાભ તો થયો જ છે, એનો વિચાર કરો.

જીવનમાં સફળતા અને નિષ્ફળતા ઉભય પાસાં
રહેલાં છે અને તે બન્ને પોતપોતાના સ્થાનમાં સમાન
ઉપકારક છે. શું ન કરવું જોઈએ, એનો અનુભવાત્મક
બોધ નિષ્ફળતાથી મળે છે અને શું કરવું જોઈએ, તેનો
સ્વસંવેદનાત્મક બોધ જીવનની સફળતાઓથી મળે છે.

આ દૃષ્ટિએ મનુષ્યનો
પ્રત્યેક અનુભવ, પ્રત્યેક કાર્ય, પ્રત્યેક પ્રયાસ ધ્યેયની
કે સિદ્ધિની દિશામાં લેવાયેલું પગલું જ બની રહે છે,
મનમાં સફળતાનો ખ્યાલ રાખીને જીવો.
વિચાર, વાણી અને વર્તનમાં
સફળતા પર જ જાતને કેન્દ્રિત કરો, નિષ્ફળતા અને
નકારાત્મકતાનો ભાગ બનવાનો ઇન્કાર કરો.
પછી તમે જે કંઈ કરશો,
એ સફળતાના ખ્યાલ સાથે જ કરશો,
એટલે તમારા જીવનનું સ્તર પ્રતિપળ ઊંચું આવતું જશે.

આત્મહિતની ભાવનાવાળાઓ
'જગત જીવોનું હિત થાઓ'
એવી ભાવના અવશ્ય કરવી જોઈએ.
આપવાથી મળે છે અને વાવવાથી ઉગે છે,
એ ન્યાયે જગતજીવોના હિતનો વિચાર
પોતાના હિતની ભાવનાને દૃઢ કરે છે
અને પોતાનું હિત થવામાં સહાય કરે છે.
આપ્યા વિના મળતું નથી, કર્યા વિના પમાતું નથી, તેમ
જગતજીવોને માટે હિતભાવનું ચિંતન સેવન કર્યા વિના
પોતાનું હિત થઈ શકતું નથી.
પરહિતનો વિચાર અંતે સ્વહિતમાં જ પરિણમે છે.
સર્વના હિતની ભાવના જે અંતરમાં જાગે છે,
તે અંતરનું હિત તે જ ક્ષણે થાય છે તથા
મલિનતાનો નાશ કરી નિર્મલતાનો પ્રકાશ પ્રકટાવે છે.
નવકારમાં દેવ, ગુરુ અને ધર્મ છે.
દેવ, ગુરુ અને ધર્મમાં નવતત્ત્વ છે.
નવતત્ત્વમાં સમગ્ર વિશ્વ આવી જાય છે.
વિશ્વનું સ્વરૂપ નવતત્ત્વોથી અતિરિક્ત નથી.
નમસ્કાર પણ નવતત્ત્વસ્વરૂપ હોવાથી વિશ્વસ્વરૂપ છે.

## <u>નમનથી સર્વ સિદ્ધિ</u>

નમ્રતા એક મનોવૃત્તિ છે અને
લોકમાં તે સર્વથી સૂક્ષ્મ મનાયેલી છે.
મનોગતિ સૂક્ષ્મતમ હોવાથી
નમો પદનું ધ્યાન <u>અણિમા સિદ્ધિનું</u> કારણ છે.
अर्ह पूजायां प्रशंसायाम् वा ।
'અરિહં' 'મહિમા' બંને શબ્દોના મધ્યાક્ષર 'હ' છે,
તેથી 'અરિહં'નું ધ્યાન <u>મહિમા સિદ્ધિનો</u> હેતુ બને છે.
અ = કંઠ સ્થાન, ર = મૂર્ધા સ્થાન, ઇ = તાલુ દેશ,
હં = મહાપ્રાણ - આકાશ દેશ - કંઠ પ્રદેશ,
તા = દન્ત સ્થાન, ણ = મૂર્ધન્ય સ્થાન, મ = ઓષ્ઠ સ્થાન.
અક્ષરના જાપ અને ધ્યાનથી પંચપ્રાણોનો સંયમ થાય.
શબ્દવિજ્ઞાનમાં સ્વભાવતઃ દૈવી શક્તિ રહેલી છે.
આચાર્ય યુક્તાયુક્તમાં અનુશાસનને
ઉપદેશ દ્વારા કુશળ બનાવે છે, બાળને પોતા કરતાં
લઘુ સમજવાનું કાર્ય શિક્ષક એવા આચાર્યનું હોય છે.
આચાર્યનો સ્વભાવ
લોકસ્થ અવગાહનને પોતાથી લઘુ ગણવાનો હોવાથી
તેમના ધ્યાનથી <u>લઘિમા સિદ્ધિ</u> પેદા થાય છે.

ઉપાધ્યાયનો અર્થ : ઉપ = ઉપસ્થાપન, નજીક લાવવું,
અધિ = અંતઃકરણમાં ધ્યાન કરવું, આય = પ્રાપ્તિ થવી.
'સાધ્નોતિ સાધયતિ વા પરકાર્યાણિ ઇતિ સાધુઃ ।'
સાધના કામનારહિત અથવા મૂર્છા કાળ માટે નિરંતર
ઉત્પાદક સાધુપદનું ધ્યાન <u>પ્રાકામ્ય સિદ્ધિને</u> આપે છે.

વીતરાગ સર્વ કામનાથી મૂર્છા અને
એ કારણે પરકામનાના સમર્થક છે.

જીવના ઉપયોગ લક્ષણથી ભેદવિજ્ઞાન થાય છે અને
ઉપગ્રહ લક્ષણથી સંબંધજ્ઞાન થાય છે.

હિતાહિત પ્રકૃતિ અનુગ્રહ - નિગ્રહમાં જીવમાત્ર
પરસ્પર નિમિત્ત બને છે, એથી જીવોનો પરસ્પર સંબંધ છે.

એક આંતરલક્ષણ છે, બીજું બાહ્યલક્ષણ છે.
એક સ્વરૂપલક્ષણ છે, બીજું કાર્યલક્ષણ છે.

આચારના યથાર્થ વિજ્ઞાન 'જ્ઞ પરિજ્ઞા ।' અને
પરિપાલન 'પ્રત્યાખ્યાન પરિજ્ઞા'ના કારણે
સાધુને આચારરૂપ માન્યા છે.

આચારપાલનથી ધર્મપ્રાપ્તિ થાય, એ કારણે સાધુપદના
આરાધનથી ધર્મનું આરાધન થાય છે અને ધર્મ સર્વ
કામદ છે, તેથી સાધુના ધ્યાનથી <u>પ્રાકામ્ય સિદ્ધિ</u> માનેલી છે.

## વહ્નિપુરાણમાં સાધુનાં લક્ષણો નીચે મુજબ છે:

ત્યક્તાત્મસુખભોગેચ્છા સર્વસત્ત્વસુખૈષિણઃ ।
ભવન્તિ પરદુઃખેન સાધવો નિત્યદુઃખિતાઃ ॥૧॥
પરદુઃખાતુરા નિત્યં સ્વસુખાનિ મહાન્ત્યપિ ।
નાપેક્ષન્તે મહાત્માનઃ સર્વભૂતહિતે રતાઃ ॥૨॥
પરાર્થમુદ્યતાઃ સન્તઃ સન્ત કિંકિં ન કુર્વતે ।
તાદૃગપ્યંબુધેર્વારિ જલદૈસ્તત્પ્રપીયતે ॥૩॥
એક એવ સતાં માર્ગો યદંગીકૃતપાલનમ્ ।
દહન્તમકરોત્ ક્રોડે પાવકં યદંપાંપતિઃ ॥૪॥
આત્માનં પીડયિત્વાઽપિ સાધુઃ સુખયતે પરં ।
હ્લાદયન્નાશ્રિતાન્ વૃક્ષો દુઃખં ચ સહતે સ્વયં ॥૫॥

(પરિશિષ્ટ-૭)

વિજ્ઞાનના બે અર્થ: એક શિલ્પ અને બીજું શાસ્ત્ર. શિલ્પ is objective, શાસ્ત્ર is Subjective. આજે પ્રથમ અર્થને આધુનિક વિજ્ઞાનીઓએ અને બીજા અર્થને પૂર્વ ઋષિ-મુનિઓએ વિકસાવ્યો છે.

## ભક્તિના ત્રણ વાદ્ય

(૧) મોહનની બંસરી (૨) સરસ્વતીની વીણા તથા
(૩) શંકરનું ડમરૂ - એ ત્રણે એક જ અર્થને કહે છે.

## દ્રવ્યસંકલ્પ તથા ભાવસંકલ્પ

'ધ્યાનશતક'માં ત્રિભુવનના વિષયોમાંથી મનને સંકોચી ક્રમશઃ પરમાણુ ઉપર પણ સ્થિર કરી શકાય છે અને તે શુક્લધ્યાનનો વિષય છે, એમ કહ્યું છે.

નમો એ દ્રવ્યસંકલ્પને તથા ભાવસંકલ્પને સૂચવે છે. વચન તથા કાયાનો સંકલ્પ તે દ્રવ્યસંકલ્પ અને મનનો સંકલ્પ તે ભાવસંકલ્પ કહેવાય છે.

ધ્યાન કરતાં પૂર્વે પોતાના આત્મામાં શ્રી અરિહંત અને સર્વ સિદ્ધોનો સંકલ્પ કરવો.

જાપમાં 'અર્હં' ઉપરના બિંદુમાં અને અનાહતમાં લય કરવો એ પણ ભાવસંકલ્પ જ છે.

## જાપ માટે શક્રસ્તવનું માહાત્મ્ય

શક્રસ્તવના ૧૧ આલાવા દ્વારા સ્તોત્ર પૂજા, 'ૐ હ્રીં શ્રીં અર્હં નમઃ ।' દ્વારા જાપ અને તે પછી 'લોકોત્તમો નિષ્પ્રતિમસ્ત્વમેવ' દ્વારા સર્વસમર્પિત ભાવ, 'ત્વં મે માતા પિતા' દ્વારા 'તત્ત્વમસિ'ની ભાવના, 'જિનોદાતા' વગેરેથી 'અહમાત્મા બ્રહ્મ ।'ની ભાવના તથા 'ઓ જિનઃ સોઽહમેવ ચ ।' વડે 'અહં બ્રહ્માઽસ્મિ'ની ભાવના બતાવી ધ્યાન - લયપ્રકારના સાધનો સૂચવ્યા છે.

## અતિ ઐતિહાસિકતા અને અનાગમિકતા

મીમાંસક દર્શનમાં 'ઐતિહ્ય પ્રમાણ' નામનું
એક સ્વતંત્ર પ્રમાણ દર્શાવવામાં આવ્યું છે.
જૈન દર્શનમાં તે ઐતિહ્ય પ્રમાણને
પરોક્ષ પ્રમાણના અનુમાન વિભાગમાં સમાવી લીધું છે.
'ઐતિહ્ય' એટલે ઐતિહાસિક.
પ્રામાણિક લોકોની વાતો કે વૃદ્ધપ્રવાદ ઐતિહ્ય ગણાય.
વૃદ્ધ પ્રવાદાદિનો આધાર અનુમાન પ્રમાણ પર રહેલો છે.
જે અનુમાનથી નિષ્કર્ષ બાંધવાનો હોય,
તે બાંધતાં પહેલાં સો ગળણાંથી ગાળવાની જરૂર હોય છે.
ચોક્કસ સાવચેતી રાખવામાં ન આવે તો ઇતિહાસ પ્રમાણ
શેખચલ્લીની કલ્પનાઓ જેવી બની જાય છે.
ઇતિહાસ પ્રણાલિકાનું આલેખન
એ જૈન દર્શન માટે અત્યંત આધુનિક છે.
કેટલીક વાર પૂર્વાચાર્યોના મંતવ્યો પ્રત્યે ઐતિહાસિક ઘેલછા
અતિ ધૃષ્ટતાને સૂચવનારી બની જાય છે,
તેથી અતિ દુઃખજનક લાગે છે.
આગમપ્રમાણની સામે જ્યારે ઇતિહાસપ્રમાણ
ગોઠવવામાં આવે છે, ત્યારે તો તે આગમપ્રમાણનું

સમર્થન કરનારું હોય તો શોભાસ્પદ બને છે, અન્યથા
પ્રકૃતિ વિરોધ કરનારું હોય તો તે હાસ્યાસ્પદ બને છે.
ઇતિહાસપ્રમાણ લોકવાયકાના આધારે ચાલતું હોય છે,
જ્યારે આગમપ્રમાણ
આપ્તવચનના આધારે માન્યતા પ્રાપ્ત કરે છે.
આપ્તવચન અને લૌકિકવચનમાં જેટલો તફાવત છે,
તેટલો તફાવત તે બે પ્રમાણ વચ્ચે રહેલો છે,
તે વાત સ્મરણપથમાં રહેવી જોઈએ.

## શબ્દબ્રહ્મ તથા પરબ્રહ્મ

શબ્દબ્રહ્મમાં નિષ્ણાત પરબ્રહ્મને પામે છે.
અહીં 'શબ્દબ્રહ્મ'નો અર્થ શબ્દવાચ્ય બ્રહ્મ.
શબ્દ દ્વારા જેનો વ્યવહાર થઈ શકે તે શબ્દબ્રહ્મ.
શબ્દ દ્વારા જે ન જાણી શકાય, કિન્તુ
અનુભવ દ્વારા જ જાણી શકાય તે પરબ્રહ્મ.
'પરબ્રહ્મ' એટલે શબ્દાતીત સ્વાનુભવગમ્ય આત્મતત્ત્વ.
શાસ્ત્રીય શૈલીમાં તેને વ્યવહારનયનો વિષય કહી શકાય.
દ્રવ્યનમસ્કાર = સમ્યગ્દૃષ્ટિનો ઉપયોગશૂન્ય નમસ્કાર.
કેવળ કાયાશ્રિત યા વાગાશ્રિત મનોવ્યાપાર
તે દ્રવ્યનમસ્કાર અને ઉપયોગવાન મનોવ્યાપાર વડે
થતો નમસ્કાર તે ભાવનમસ્કાર.

દ્રવ્યનમસ્કારમાં ઉપયોગશૂન્યપણે થતી ક્રિયા સમજવી.
ભાવનમસ્કારમાં ઉપયોગયુક્તપણે થતી ક્રિયા ગ્રહવી.
અરિહંતના નામાદિ ચારે નિક્ષેપાને દ્રવ્ય તથા ભાવ-
ઉભયથી થતો નમસ્કાર તે ભાવનમસ્કાર છે.
આમ ભેદ વડે થતો નમસ્કાર તે વ્યવહારનમસ્કાર અને
અભેદ વડે થતો નમસ્કાર તે નિશ્ચયનમસ્કાર.
નામ અને સ્થાપના ભેદસૂચક છે,
દ્રવ્ય અને ભાવ અભેદસૂચક છે.
અરિહંતનું દ્રવ્ય એ નિશ્ચયથી સર્વ જીવોનું દ્રવ્ય છે
અને અરિહંતનો ભાવ એ નિશ્ચયથી સર્વ જીવોનો
સ્વભાવ છે. એક સ્થળે તે આવિર્ભાવ પામેલો છે.
સંસારસ્થ જીવોમાં તે સ્વભાવ કર્મથી આવરિત છે.

## દયાનો વિચાર

દ્રવ્યદયાની અપેક્ષાએ પરની દયા મુખ્ય બને છે.
અર્થાત્ પરદયા વિના સ્વદયા શક્ય નથી અને
ભાવદયાની અપેક્ષાએ સ્વદયા મુખ્ય બને છે.
પોતાનો આત્મા દુર્બુદ્ધિથી ભરેલો છે,
તેને દૂર કરવા પ્રથમ પ્રયાસ કરવો.
ભાવદયા = જીવને પાપ, દોષ, દુર્બુદ્ધિ બચાવ લેવો.

ભાવદયામાં બીજાના દોષોને દૂર કરવાનો
વિચાર કરતાં પહેલાં પોતાના આત્માને
તેમાંથી ઉગારી લેવા પ્રયત્નશીલ થવું જોઈએ.

દયા ચાર પ્રકારની છે:

(૧) સ્વદયા - પોતાના દોષો દૂર કરવાની ક્રિયા.
(૨) પરદયા - બીજાનાં દુઃખો દૂર કરવાની ક્રિયા.
(૩) દ્રવ્યદયા - દ્રવ્યદુઃખો દૂર કરવાની ક્રિયા.
(૪) ભાવદયા - ભાવદુઃખો દૂર કરવાની ક્રિયા.

ભાવદયામાં સ્વદયા પ્રધાન છે,
દ્રવ્યદયામાં પરદયા પ્રધાન છે.
દ્રવ્યદુઃખો દૂર કરવાનો અધ્યવસાય પર માટે હોવો ઘટે.
ભાવદુઃખો દૂર કરવાનો અધ્યવસાય સ્વપર ઉભય
માટે હોવો જોઈએ, તેમાં પણ ક્રમ જાળવવો જોઈએ.
પ્રથમ સ્વવિષયક રાગાદિ દોષોનું
નિવારણ કરવા માટે પ્રયાસ કરવો જોઈએ.
તે જેમ જેમ જે જે ઉપાયોથી દૂર થતા જાય,
તેમ તેમ તે તે ઉપાયો વડે બીજાઓના
રાગાદિ દોષો પણ દૂર થાય એ માટે ઉપદેશ,
આદર્શ આલંબનાદિ દ્વારા પ્રયાસ કરવો જોઈએ.

'ભાવદુઃખ' એટલે રાગ - દ્વેષ - ઈર્ષાદિ દુષ્ટ ભાવો.

સ્વદુઃખની દ્રવ્યદયા એ મોહ - ભાવદયા એ વિવેક છે.

પરદુઃખની દ્રવ્યદયા એ વિવેક છે,

એથી જીવત્વનું બહુમાન થાય છે.

તે સમકીતને નિર્મળ કરવાનું સાધન છે.

ભાવદયા સ્વપર ઉભયનું કર્તવ્ય છે,

દ્રવ્યદયા એ પરવિષયક કર્તવ્ય છે,

એથી પુણ્યાનુબંધી પુણ્ય બંધાય છે.

પરદયામાં સ્વદયાની ભજના - સ્વદયામાં પરદયાનો નિયમ.

ન સુખાદ્ લભતે સુખમ્ । સુખથી સુખ મળતું નથી.

સુખ મેળવવાનો રસ્તો સુખ નથી.

શાંતિ જોઈતી હોય તો સુખોની પાછળ

દોટ મૂકવાનું માંડી વાળી બીજો જ રસ્તો લેવો જોઈએ.

તે રસ્તો કામનાઓના પરિત્યાગનો છે.

કામનાઓનો ત્યાગ એ પ્રત્યેક શોધની પૂર્વ શરત છે.

સુખશોધની યાત્રામાં નીકળતા પહેલાં પીઠ ઉપર લદાયેલો

સુખેચ્છાઓનો બોજો મહાપરાણે ફગાવી દેવો જોઈએ.

સાચું સુખ સુખપૂર્વક મળતું નથી, તે માટે

સુખેચ્છાનો ત્યાગ કરીને કર્તવ્યેચ્છા પ્રગટાવવી જોઈએ.

પોતાનું ઉચિત કર્તવ્ય સદા કરવા માટે જરૂરી સઘળા કષ્ટ સહન કરનારની સાથે જ સુખ - શ્રેયસ જુએ છે.

જા ઘટ પ્રેમ ન સંચરે, સો ઘટ જાનો મસાન;
જૈસી ખાલ લુહાર કી, શ્વાસ લેત બિન પ્રાન. ...(૧)

○ 'નમો અરિહંતાણં |'

નામાકૃતિદ્રવ્યભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનમ્ ।
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્ અર્હતઃ સમુપાસ્મહે ॥૧॥

નામ, આકૃતિ, દ્રવ્ય, ગુણ, પર્યાય આદિ વડે અરિહંત પરમાત્માને જાણવાથી પોતાના આત્મદ્રવ્ય, ગુણ, પર્યાયનું નિશ્ચયથી યથાર્થ જ્ઞાન થાય છે અર્થાત્ તે જેવા છે, તેવા સ્વરૂપે નિશ્ચિત ચોક્કસ જ્ઞાન થાય છે.

સ્વઆત્મદ્રવ્યનું યથાર્થ જ્ઞાન થવાથી તેનું યથાર્થ ધ્યાન થાય છે, તેથી પરપદાર્થ વિષયક રાગ-દ્વેષની પરિણતિ ક્રમશઃ વિલીન થતી જાય છે અને આત્માનું શુદ્ધ સ્વરૂપ આવિર્ભાવ પામે છે.

આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રકટીકરણ થવું તે ભાવઅરિહંતનું નિશ્ચયનયથી સ્વરૂપ છે અને તે પ્રકટ થવા માટે શુદ્ધ દ્રવ્ય - ગુણ - પર્યાય ધ્યાનના વિષય તરીકે લેવો તે નિશ્ચયનયથી અરિહંતનું સ્વરૂપ સમજવું.

વ્યવહારનયથી દ્રવ્યનિક્ષેપે પ્રભુની પૂર્વાપર અવસ્થા છે
અને બીજા ભાવનિક્ષેપે એ વર્તમાન અવસ્થા છે, તેમ
નિશ્ચયનયથી તે આત્માનું શુદ્ધ દ્રવ્ય સ્વરૂપ છે અને
તે નોઆગમથી ભાવનિક્ષેપે
આત્માના શુદ્ધ સ્વરૂપનું પ્રકટીકરણ છે.
એ રીતે વ્યવહાર - નિશ્ચય અને ઉભયનયથી
અરિહંતોની ઉપાસના થાય, તે સમ્યક્ ઉપાસના છે,
જે સર્વ ક્ષેત્ર - કાળ અને સર્વ જીવોને પવિત્ર કરે છે
અર્થાત્ શુદ્ધ આત્મદ્રવ્ય ધ્યાન જે કોઈ કરે,
તેને તે જ સ્થળે - તે જ ક્ષણે શુદ્ધિ થાય છે.

## યોગા એટલે મોક્ષનું દ્વાર

જેમના પોતાના શરીર અને મનના પણ ઠેકાણા ન હોય,
તેઓ આત્મદર્શન અને પરમાત્મ દર્શનની વાત કરે,
તેને આંધળો આંધળાને દોરે તેના જેવી હકીકત કરે છે.
યોગા એ આદર્શ જીવનનું - સંપૂર્ણ જીવનનું વિજ્ઞાન છે.
તે શરીર અને મનને નિરોગી બનાવવાની વિદ્યા છે.
જે અવિનાશી આત્માને ઓળખ્યા વિના અને
તેના પ્રત્યે રુચિ - બહુમાન ઉત્પન્ન કર્યા વિના મરે છે,
તે એક દૃષ્ટિએ મહાદુઃખ છે.

સન્માનને યોગ્ય એવા તત્ત્વને સન્માન ન આપી શકે,
તે ભાવદરિદ્રતા છે, ભાવકૃપણતા છે.
જો દ્રવ્યકૃપણતા પણ દોષને પાત્ર હોય,
તો ભાવકૃપણતા અત્યંત દોષપાત્ર લેખાવી જોઈએ.

જે <u>અવિનાશી આત્માને ઓળખ્યા પછી મરે</u> છે,
<u>તે જ સાચો જૈન છે.</u>

જીવનની પાછળ મૃત્યુ તો છે જ પણ
મૃત્યુ એ જીવનનું છેવટ નથી, છેવટ તો મુક્તિ છે.

જેનામાં સાચું બોલવાની, સાંભળવાની કે આચરવાની
હિંમત નથી, તે બીકણ - ડરપોક - નિઃસત્ત્વ છે.

<u>સાચો પાચકરસ કયો</u> ?
હર્ષ અને આનંદ જેવો અથવા
ખુશાલી જેવો પાચકરસ બીજો કોઈ નથી, તેથી જ
વસંતઋતુના આનંદમય વાતાવરણમાં 'વાસંતી'
અથવા તો 'જાસુંદી', જે પચવામાં ઘણા ભારે છે,
તેનો વધુ ઉપયોગ થાય છે.

o પૂજા પામતા પહેલાં પથ્થરને ટાંકણાના ઘા સહવા પડે છે,
તેમ મહાન બનતાં પહેલાં માનવીને
મુશ્કેલીઓનો મુકાબલો કરવો પડે છે.

મહાત્મા પુરુષો પોતાનું માન - અપમાન જોતા નથી,
કિન્તુ જગતનું કલ્યાણ જુએ છે.
જે પુરુષ નિંદા કરનારની ઉપર ગુસ્સે થતો નથી,
તેને નિંદકના પુણ્ય પ્રાપ્ત થાય છે.
સજ્જને પોતાની સ્તુતિ કરવી ન જોઈએ,
એથી પોતાની સુજનતા હરાય છે.
દેહધારીને જેમ બાલ્યવય પછી યૌવન અને
યૌવન પછી જરા - મૃત્યુ આવે છે, તેમ
મરણ પછી બીજો દેહ પણ આવે છે, એટલે
જ સમજુ મનુષ્ય જન્મ - મૃત્યુનો શોક કરતો નથી.
ધર્મનો એક અલ્પ અંશ પણ
તેના એટલે કે ધર્મના માલિકને ભયમાંથી બચાવી લે છે.
ધર્મ એ સંપ્રદાય નથી,
સંપ્રદાય એ ધર્મનું અતિ સ્થૂલ સ્વરૂપ છે.
આઠ નવકાર અને આઠ પથ્ય પાળવાવાળાને
કદી પણ અસમાધિ થતી નથી.
પ્રત્યેક કાર્યનો પ્રારંભ ૩ નવકારથી થવો જોઈએ
અને નવકારના અધિકારી થવા માટે
આઠ પ્રકારનાં પથ્ય પાળવા જોઈએ.

## સુખાનીજ માટે ત્રણ પથ્ય

પરસ્ત્રી માતા સમાન, પરધન પત્થર સમાન અને
સર્વ જીવ આત્મ સમાન - એ ત્રણ પથ્ય છે.
નવકારરૂપી અમૃત ભોજનની એ પરેજી છે.
આ દેહ અનિત્ય છે છતાં દુર્લભ અને
ધર્મપુરુષાર્થને આપનારો પણ છે.
નિત્ય ઓછા થતાં આયુષ્યને અને
નાશ પામતા પુરુષાર્થને જે જાણતો નથી, તે દયાપાત્ર છે.
જાગૃત, સ્વપ્ન અને સુષુપ્તિ -
એ ત્રણ વૃત્તિઓ કે ત્રણ અવસ્થાઓ બુદ્ધિની છે.
એ ત્રણે વૃત્તિઓનો જેનાથી અનુભવ થાય છે,
તે સર્વ સાક્ષી અને સર્વથી પર એવો આત્મા છે.
સ્થાવર - જંગમ સર્વ પદાર્થ કે પ્રાણીમાં તે એક જ છે.
તે નામ - રૂપ આદિ ઉપાધિથી રહિત છે.
તે કેવળ સત્ - ચિત્ - આનંદરૂપ છે.
પોતાની માયાશક્તિથી સ્વયં વિવિધ રૂપોને ધારણ કરે છે.
એની પ્રાપ્તિ માટે આસુરભાવનો ત્યાગ કરી,
સર્વ પ્રાણીઓ ઉપર સ્નેહ - દયા રાખો.
સર્વ પ્રાણી ઉપર દયા - સ્નેહ રાખવાથી
સર્વના અંતરાત્મા - પરમેશ્વર પ્રસન્ન થાય છે.

જીવ જન્મે છે, જીવે છે, વધે છે,
રૂપાન્તર પામે છે, શોષાય છે અને નાશ પામે છે.
આ છ વિકારો આત્માને થતા નથી.
આત્મા એથી પર છે, નિર્વિકાર છે, નિત્ય છે.
આત્મા એક છે, દેહ બહુ છે.
આત્મા દ્રષ્ટા છે, દેહ દૃશ્ય છે,
આત્મા સ્વપ્રકાશક છે, દેહ પરપ્રકાશક છે.
આત્મા સર્વનું કારણ છે, દેહ કાર્યસ્વરૂપ છે.
આત્મ સંગરહિત છે, દેહ સંગવાળો છે.
આત્મા વ્યાપક છે, દેહ વ્યાપ્ય છે.
સંસારનું દ્વાર પણ બુદ્ધિ છે પણ તે અજ્ઞાનમૂલક હોવાથી
મિથ્યા છતાં સ્વપ્નની જેમ સત્ય દેખાય છે.
આ સર્વ જેને વિષે પ્રતીત થાય છે,
તે અધિષ્ઠાનરૂપ બ્રહ્મનું જ્ઞાન સત્ય છે, તેથી
સંસારના બીજ રૂપ મૂળાવિદ્યાનો નાશ થાય છે અને
નિરતિશય સુખસ્વરૂપ પરબ્રહ્મ પરમાત્માની પ્રાપ્તિ થાય છે.
એ જ પરમ પુરુષાર્થ છે અને તેને
સિદ્ધ કરવો એમાં જ માનવજન્મની સાર્થકતા છે.
'મૂળાવિદ્યા' એટલે દેહાદિમાં આત્માનો અધ્યાસ અને
સ્વપ્નવત્ સંસારમાં યથાર્થતાની ભ્રાન્તિ.

બુદ્ધિના ગુણકર્મોથી રચાયેલ સંસાર છે અને
બ્રહ્મ તેનું અધિષ્ઠાન છે અર્થાત્
બુદ્ધિમાં ચૈતન્ય પૂરું પાડનાર આત્મતત્વ છે.

अस्ति स्वयमित्यस्मिन्नर्थे कस्यास्ति संशयः पुंसः ।
तत्रापि संशयश्चेत् संशयिता यः स एव भवसि त्वम् ॥

<u>અર્થાત્</u>: 'પોતે છે.' આમાં પોતે કોણ છે?
આ શબ્દના જવાબ રૂપે 'હુંપણું છે.'
ત્યાં આ પ્રશ્ન કરનાર જે છે, તે જ તું અર્થાત્ આત્મા છે.

વસ્તુ જેવી છે, તેને તેવી જ
જાણવી, જોવી તથા ઉપયોગમાં લેવી તે સત્યનું લક્ષણ છે.
બુદ્ધિ વડે જાણવી, વિદ્યા વડે ઓળખવી અને
સત્ય વડે જેવી હોય તેવી તેનો ઉપયોગ કરવો,
એ બુદ્ધિ - માયાનો સાર છે. વલણનું અજ્ઞાન ક્રોધ છે.
પોતે નક્કી કરેલા વિચારથી વિરુદ્ધ વર્તનાર ઉપર
ક્રોધ થાય છે, તેથી ક્રોધ એ પોતાના વલણનું અજ્ઞાન છે.
વિવેક એટલે સારી રીતભાત એવો અર્થ પણ થાય છે.
પૃથક્કરણ અર્થાત્ વિવેકબુદ્ધિ. સંસ્કૃતમાં વિવેકનો
અર્થ સારાસાર, યોગ્યાયોગ્ય, ઇષ્ટાનિષ્ટ આદિનો ભેદ છે.
દાન એ ધર્મ છે પણ તેની પાછળ જો
વિવેકબુદ્ધિ ન હોય તો અધર્મ પણ બને.

પાત્રને દાન તે ધર્મ અને કુપાત્રને દાન તે અધર્મ, કેમકે
એક સદાચારને પોષે છે, બીજું દુરાચારને ઉત્તેજે છે.

બુદ્ધિશક્તિ, વિવેકબુદ્ધિ અને ભાવનાશીલતા -
એ ત્રણેનો સંગમ થાય તો શ્રેષ્ઠ છે,
પરંતુ મંદબુદ્ધિવાળામાં વિવેકબુદ્ધિ હોઈ શકે,
તીક્ષ્ણ બુદ્ધિવાળામાં ન પણ હોઈ શકે.

બુદ્ધિ એક શક્તિ છે, તેનો સદુપયોગ વિવેકથી થાય છે.
બુદ્ધિનો સદુપયોગ થયો ત્યારે કહેવાય,
કે તે વડે સ્વાર્થનો ત્યાગ અને સત્યાર્થનું જ સેવન થાય.

નામ-રૂપમાં સત્યત્વની કલ્પના એ મૂળાવિદ્યા અથવા
તે નિશ્ચય સ્વરૂપનું મૌલિક અજ્ઞાન છે.
'સચ્ચિદાનંદ એ આત્માનું મૂળ - નિશ્ચય સ્વરૂપ છે'
એનું જ્ઞાન એ મૂળજ્ઞાન છે.
તે સાધનામાં અતિ આવશ્યક એવી મૌલિક વિદ્યા છે.
તેનો અભાવ અને નામ - રૂપમાં સત્યત્વની ભ્રાંતિ
કાયમ રહીને જે કાંઈ વ્યવહારમાં ગણાતું સત્ય જ્ઞાન,
તે પણ તાત્વિક સત્ય નહિ,
તાત્વિક સત્ય તો સચ્ચિદાનંદ છે.
તે જ સર્વ શાસ્ત્રોનું લક્ષ્ય છે.

પ્રેમ એ મનુષ્યને આનંદોલ્લાસથી સભર બનાવે છે,
એકલવાયાપણામાંથી મુક્ત કરે છે.
પ્રેમભર્યા મિલનમાં સ્વર્ગીય સુખની અનુભૂતિ થાય છે.
જ્ઞાનથી જીવનના અંતઃકરણોને સમજવાની શક્તિ આવે.
જ્ઞાન એ સ્વર્ગ, નરક, પાતાળ – ત્રણે લોકને
શોધવાની અને સમજવાની તાલાવેલી જગાડે છે.
પ્રેમ અને જ્ઞાન સ્વર્ગ તરફ લઈ જાય છે,
જ્યારે કરુણા પૃથ્વી પર આણે છે.
માનવજાતના દુઃખદર્દ અને ભીષણ યાતનાઓને
ઓછી કરવા માટે કરુણા તલસાટ અનુભવે છે.
માનવ જેમ પ્રેમ, કરુણા, સત્ય, સૌંદર્યનો ઉપાસક છે,
તેમ સ્વાર્થપરાયણ બનીને તે
ઘોર કુકર્મો અને સંતાપલાગણીઓ પણ ભોગવે છે.
'ચંચળ મનને ભટકવા ન દેતા સતત કાબુમાં રાખવું જોઈએ'
આ સત્યને બદલે એક વિચાર કેટલો વિનાશક છે કે:
'સંયમથી મનને હાનિ પહોંચે છે.'
તે હાનિનું ભાન આધુનિક માણસને હજુ પૂરેપૂરું થયું નથી,
તેમાં ફ્રોઈડના વિચારોની ઘણી જ અસર છે.
ફ્રોઈડના વિચારોએ માનવજાતને આધુનિક દુનિયામાં
જે મોટું નુકસાન કર્યું છે, તે આ છે.

એ ગુણસ્થાનનું માપ કાઢવું મુશ્કેલ છે.

'બુદ્ધિ ઉપર જ આધાર રાખનાર વ્યક્તિ
પૂર્ણ સત્યને પામી શકતી નથી' આવું બર્ટ્રાન્ડ રસેલ
જેવા પ્રખર બુદ્ધિવાદીનું કથન સાક્ષી પૂરે છે.

જે મનુષ્ય શ્રમ કરવાનું ટાળે છે,
પછી ભલે તે ધનિક હોય કે સાધુ-સંન્યાસી હોય,
તેનું જીવન પાપરહિત નથી.

જે કોઈ મનુષ્ય શરીર શ્રમ કર્યા વિના જીવન જીવે છે,
તે શ્રમજીવીઓનું શોષણ કરે જ છે અને શોષણ એ જ
સૌથી મોટો 'માનવતાનો દ્રોહ' છે.

સત્સંગ એ વિધાયક અવસ્થા છે, બ્રહ્મચર્યની દશામાં
વાડરૂપ પ્રેમ અને ભક્તિ એ પંચમ પુરુષાર્થ છે.
એને 'મધુરાદ્વૈતની અનુભૂતિ' પણ કહી શકાય.

સમર્પણ એ કેવળ બુદ્ધિનું ઉપાર્જન કે વળતર જ નથી,
કિન્તુ સમગ્ર સંવિતનો એ સંવેગ છે.
તેને સંગમાં પણ નિઃસંગતાનો અનુભવ કે
વિધાયક સાક્ષાત્કાર પણ કહી શકાય.

સ્યાદ્વાદના પુજારી અને દયાધર્મના ઈજારદાર જૈનોમાં
સહિષ્ણુતા સ્વાભાવિક સિદ્ધ થવી જોઈએ.

મતભેદ ધરાવતા લોકો પ્રતિ
તેમના તરફથી ઉદારતાની આશા રાખી શકાય.
પોતાનું સત્ય પોતાને જેટલું પ્રિય છે,
તેટલું જ પ્રિય પ્રતિપક્ષીઓને તેમનું સત્ય હોય જ.
વિરોધી જો ભૂલ કરતો માલુમ પડે,
તો ત્યાં રોષના બદલે દયાની લાગણી પ્રકટે.
દયામાં વિવેક ઉપરાંત વત્સલતા રહેલી છે.
દયાળુ પુરુષ નમ્ર, નિર્મળ અને ઉદાર હોય છે.
જ્યાં મૈત્રી અને સ્નેહ છે,
ત્યાં સંતોષ અને ત્યાગ પણ હોય જ છે.
વિવેક અને વત્સલતા એ દયાનાં લક્ષણો છે.
દયાવાન મનુષ્ય ઉદારચરિત, વિશુદ્ધ અને નમ્ર બને છે.
જૈન દર્શનના પાયામાં ભારોભારપણે મિચ્છામિ દુક્કડં રૂપી
ક્ષમા, અપરિગ્રહ, ત્યાગ, મૈત્રી તથા સ્નેહ ભરેલાં છે.
પાપકારી પ્રવૃત્તિઓ, જે મારા આત્માનું અનિષ્ટ
કરનારી છે, તે કરવા માટેની મારી વૃત્તિઓ નાશ પામો.
જો મનમાંથી જ અનિષ્ટ વૃત્તિનો નાશ થઈ જાય,
તો પછી અસત્કાર્ય સંભવી શકે જ નહિ અને
પરિણામે આત્મા મલિન થતો બચે.

## દર વર્ષે ક્ષમાપના કેમ?

કષાયો આત્માની દુર્ગતિના કારણભૂત છે.
કષાયો ચાર છે: ક્રોધ - માન - માયા અને લોભ.
તેના દરેકના ચાર પ્રકાર છે.
તેમાં અનંતાનુબંધી (એક વર્ષ કરતાં વધુ ટકે તેવા)
તે સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ટકાવમાં બાધક છે, એટલે
વર્ષ પૂરું થતાં પહેલાં તેનો અંત લાવવા, મોક્ષમાર્ગની
નજીક આવવા માટેનું પર્વ તે પર્યુષણ પર્વ છે.

વ્યક્તિને અને સમષ્ટિને જેનાથી સુખ - શાંતિ મળે,
તેનું નામ ધાર્મિકતા.

વિચારશક્તિનો વિકાસ જ મુક્ત જીવન બક્ષી શકે.
વિચારશક્તિ બહારથી આવતી નથી પણ
સ્વ-ચિંતન દ્વારા તત્કાળ આવતા મળે છે.

બીજાનું સારું કામ જોઈને આનંદ થવો જોઈએ અને
આપણને પ્રેરણા મળવી જોઈએ.

જે શક્તિ આપણામાં ન હોય, તે જો બીજામાં દેખાય,
તો તેને માટે માનસિક આદર રાખવો ઘટે પણ
એક સેવા જ છે, તેને બદલે જો મત્સર થતો જણાય,
તો તેનું કારણ આપણી દુર્બળતા વિચારવા.

તેવા વખતે એમ વિચારવું કે: 'હું આલંબનને
જાળવી શકતો નથી, તે મારી પુરુષાર્થહીનતાનું લક્ષણ છે.'
ચિત્તશુદ્ધિની સાધનામાં બધા ધર્મોનો સાર આવી જાય.
તેના માટે ભક્તિ, ચિંતન તથા
ઉપાસનાના વિભિન્ન પ્રકાર, શમ-દમાદિ સાધન વગેરે
અનેક ઉપાયો બતાવ્યા છે.
ચિત્તશુદ્ધિનું બીજું નામ અધ્યાત્મ વિશુદ્ધિ પણ છે.
પોતાને માનવમાત્ર, પ્રાણીમાત્ર અને તેથી
પણ આગળ સચ્ચિદાનંદરૂપ માનવું, તે 'અધ્યાત્મ' છે.
તેના પાછળ ચિત્તશુદ્ધિની ભાવના છે.
'સત્યનિષ્ઠા' એટલે કોઈપણ બાબતમાં અસદાગ્રહ ન રાખવો.
જે વિચાર સત્ય લાગે, તેને ગ્રહણ કરવો.
જે વિચાર અસત્ય લાગે, તેનો તે જ ક્ષણે ત્યાગ કરવો.

°

The ancients said that when
the Gods do not like someone,
they give him all he asks for.
Life is always building, never built.
Life is coming to be,
not having been.

જો તમે ઈશ્વરને જોવા માંગતા હો તો ૩ ચીજ બંધ કરો:

આંખ, કાન અને મોઢું.

'આ ત્રણ વસ્તુ કરો અને પછી ઈશ્વર ન મળે,
તો મને કહો' એમ એક કવિએ કહ્યું છે.

શ્રેયસ્ = હિત કે કલ્યાણ, પ્રેયસ્ = સુખ કે કામના.
શ્રેય વસ્તુ એટલે સર્વને હિતકારી વસ્તુ.
પ્રેય વસ્તુ એટલે માત્ર વ્યક્તિગત લાભ થાય તેવી વસ્તુ.

સ્વ - ભાન કેવી રીતે થાય?

પોતાનાં સારાં અને નરસાં ગણાતાં વલણો, વર્તન અને વિચારોરૂપી આરસામાં પોતાની જાતને સતત, વસ્તુલક્ષી રીતે જોયા કરવાથી સ્વભાન થાય અને સાથે વિચારશક્તિનો વિકાસ કરી શકાય.

એનો વિકાસ કરવાનું બીજું સાધન શાંત ચિત્તે પોતાના તાત્ત્વિક સ્વરૂપનું વારંવાર ભાવન કરવું તે છે.

'વસ્તુલક્ષી' એટલે વર્તમાન પરિસ્થિતિ અને
'તત્ત્વલક્ષી' એટલે ભાવિ શક્યતા.

સદસતોરવિશેષાત્ યદૃચ્છોપલબ્ધેરુન્મત્તવત્ ।
સત્ અને અસત્નો વિવેક જે ન જાણે અને
જેનું ભાન યદૃચ્છાપૂર્વકનું (ઇચ્છિત) હોય,
તે અભાન અથવા મિથ્યાભાન ગણાય.

અને ઉન્મત્ત માનવ ઉન્મત્ત મદને પરવશ હોવાથી
સ્વપરને જાણતો નથી, તેમ તે સ્વ - પરના
પ્રયોજક સંબંધોને પણ જાણતો નથી, તેથી
સ્વજનને પરજન અને પરજનને સ્વજન ગણે છે તથા
સ્વજનમાં પણ તે પિતાને પુત્ર, પુત્રને પિતા,
માતાને સ્ત્રી, સ્ત્રીને માતા, ગુરુને શિષ્ય, શિષ્યને ગુરુ-
આદિને વિપરીતપણે જાણે છે, તેથી તેનું જ્ઞાન મિથ્યા છે.
તેનું માતાને વિષે માતાનું જ્ઞાન અને
સત્યને વિષે સત્યનું જ્ઞાન પણ મિથ્યા છે,
કેમકે તે યદૃચ્છોપલબ્ધ છે અર્થાત્ સમજીને હોતું નથી.
તે જે જાણે અને ઇચ્છે તેમ બોલે છે, માને છે તથા
અને ઇચ્છે તેમ વર્તે છે, તેથી અસત્ય તો અસત્ય છે જ
પણ તેનું સત્ય પણ અસત્ય છે.
'યદૃચ્છા' એટલે યથેચ્છ એટલે વિચારશૂન્યપણે.
સમ્યગ્દૃષ્ટિ જીવને અરિહંતના સ્મરણ વખતે
વ્યવહારનયથી તેમનો અનુગ્રહ અને
નિશ્ચયનયથી અરિહંતના ઉપયોગરૂપ
સ્વપરિણામ પાપક્ષયકારક છે અને
સર્વોત્તમ ભાવમંગળ રૂપ છે, એમ ભાસે છે.

## મદુરાઈના સુપ્રસિદ્ધ મિનાક્ષી મંદિરનું રહસ્ય

મીનાક્ષી અને મહાદેવનું મિલન એ
અસીમ પ્રેમ અને અનંત જ્ઞાનનું મિલન છે,
બંનેના સમન્વય, સંવાદિતા અને સંગમનું પ્રતીક છે.
એક જ્યાં પૂર્ણરૂપે રહે, ત્યાં બીજું પણ
પૂર્ણ સ્વરૂપે રહેવું જોઈએ અને તેથી પૂર્ણ પુરુષ
અર્થાત્ અનંત જ્ઞાન અને અસીમ પ્રેમનું નિધાન.
જ્ઞાન વિનાનો પ્રેમ અંધ છે, પ્રેમ વિનાનું જ્ઞાન પંગુ છે.
બંને એકમેકના અનિવાર્ય પૂરક છે,
તેથી જ્ઞાનના અનંત આવૃત પ્રદેશોને અનાવૃત કરવા
અને પ્રેમને સર્વ ભૂતમાત્ર સુધી વિસ્તારવો એ
માનવજીવનનું સદા કાળ પરમ લક્ષ્ય બની રહ્યું છે.
મીનાક્ષી ત્રિસ્તની અને પાર્વતીનો અવતાર હતી તથા
મહાદેવ ત્રિલોચન કે ત્રીજું જ્ઞાનરૂપ લોચન ધરાવતા હતા.
પાર્વતી અર્ધાંગિની બનીને જ્ઞાન અને પ્રેમનું
સંગમ સૂચવનારાં પ્રતીક રૂપે વર્ણવાય છે.
પૌરાણિક કથાઓમાં આવા ગૂઢ રહસ્યો ગુંથાયેલા છે.
મિનાક્ષીનું સુપ્રસિદ્ધ મંદિર દક્ષિણ ભારત મધ્યે
મદુરાઈ નામે શહેરમાં આવેલું છે.

यत्र तत्र समये यथा तथा 24/1/70
योऽसि सोऽस्यभिधया यया तया ।
वीत(राग)दोषकलुषः चेद् भवान्
एक एव भगवन् नमोऽस्तु ते ॥ - क.का.स. हेमचन्द्राचार्य

અર્થ: જે તે સમયે, ગમે તેમ, જે તે નામ વડે,
જે તે ભગવાન હો પણ જો રાગ-દ્વેષ વિનાના છો,
તો તમે જ ભગવાન છો. તમને નમસ્કાર હો.

યોગાભ્યાસથી ચિત્તને શાંતિ મળે છે.
સાધારણ મનુષ્યના ચિત્તની અવસ્થા ક્ષિપ્ત રહે છે.
પ્રતિક્ષણ અનેક વાસનાઓથી પ્રેરિત થઈ
વિભિન્ન દિશાઓમાં આપણું ચિત્ત ફરતું રહે છે.
યોગની કૃપાથી ચિત્તમાં નિશ્ચયપણું સંતુલન આવે છે.
વિકીર્ણ વ્યક્તિત્વમાં સમત્વ અને એકરૂપતા આવે છે.
યોગ = આધ્યાત્મિક કામધેનુ, તેની પાસે માંગો તે મળે.
પરન્તુ મચ્છરના શિકાર માટે તલવારથી કામ લેવું,
તેમાં તલવારનું અપમાન, તલવારનો દુરૂપયોગ અને
પોતાની જ મૂર્ખતાનું પ્રદર્શન છે.
યોગ વડે મોક્ષ મંગાય પણ તેથી ઉતરતું ન ઇચ્છાય.
ભક્તિમાં પરાશ્રયપ્રધાન - યોગમાં સ્વાવલંબન મુખ્ય છે.

તીવ્ર સંવેગ અને નિરવેદના પ્રાયઃ સમાનાર્થક છે.

આસ્રવ, સદાસ્રવ, ધર્મ અનિષ્ટ છે.

'ધર્મ' શબ્દ યોગ - અધ્યાત્મ અર્થમાં પણ વપરાય છે.

કહ્યું છે કે: 'અયં તુ પરમોધર્મઃ યદ્ યોગેનાઽઽત્મદર્શનં |'

એ જ પરમ ધર્મ છે, જેના વડે આત્મદર્શન થાય.

## યોગ દ્વારા સિદ્ધિ

લાંબી સાધનાથી જે શક્તિ પ્રાપ્ત થાય તેને 'સિદ્ધિ' કહે છે.

વૃક્ષ ઉપર બેસીને ચાલવું કે

પાંખ વિના આકાશમાં ઉડવું વગેરે સિદ્ધિઓ ગણાય છે.

દૃષ્ટિમાત્રથી અથવા સ્પર્શમાત્રથી

રોગીના રોગને દૂર કરી દેવો, તે સામાન્ય સિદ્ધિ છે.

અણિમાદિ આઠ તે મહાસિદ્ધિઓ છે.

આશીર્વાદ યા શાપને અનુગ્રહ - નિગ્રહશક્તિ કહેવાય છે.

યોગ તે ક્રિયાત્મક છે કે જેના વડે

જીવાત્મા પરમાત્મામાં મળી જાય છે.

પરમાત્મા સાથે મળી ગયેલા કે મળવાનો પ્રયાસ કરનારા તે બધા 'યોગી' શબ્દથી સંબોધાય છે. સમત્વના અભ્યાસથી યોગમાર્ગ ઉપર ચાલવામાં સફળતા મળે છે.

'યોગ' શબ્દનો એક અર્થ તાદાત્મ્ય સ્થાપિત કરવું છે.

0 यदि शैलसमं पापं विस्तीर्णबहुयोजनम् ।
भिद्यते ध्यानयोगेन नाऽन्यो भेदः कदाचन ॥१॥
ब्रह्मचारी मिताहारी योगी योगपरायणः ।
अब्दादूर्ध्वं भवेत्सिद्धो नाऽत्रकार्या विचारणा ॥२॥
- ध्यानबिन्दूपनिषत् ।

0 भ्रुवोर्मध्ये शिवस्थानं मनस्तत्र विलीयते ।
ज्ञातव्यं तत् पदं तुर्यं तत्र कालो न विद्यते ॥३॥
- गोरक्षवचन संग्रहे (परिशिष्ट-८)

ઈશ્વરની સાથે તાદાત્મ્યનું નામ છે 'ઈશ્વર સાક્ષાત્કાર.'
યોગનું કાર્ય સત્યનો સાક્ષાત્કાર છે,
દર્શનનું કાર્ય વિશ્વને સમજવામાં મદદગાર થવું તે છે.
બંનેમાં અન્યોન્યાશ્રય સંબંધ છે.
ન પુરુષ - ન વિકૃતિ, પ્રધાન કેવળ પ્રકૃતિ.
સર્વ પ્રપંચનું મૂળ કારણ પ્રકૃતિ - વિકૃતિ.
બુદ્ધિ, અહંકાર, ૫ તન્માત્રા
વિકૃતિ - પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય,
પાંચ ભૂત અને મન - સાંખ્યાનુસાર કુલ તત્ત્વ = ૨૫.
યોગાનુસાર કુલ તત્ત્વ = ૨૬ (ઈશ્વર સહિત).

ह्रीं ॐ ह्रैं अर्हं ह्रैं ह्रैं अर्हं ह्रैं ॐ ह्रीं

જ્ઞાતૃત્વ જ્યાં હોય છે, ત્યાં કોઈ અપેક્ષાએ
કર્તૃત્વ - ભોક્તૃત્વ પણ હોય છે.
'શક્તિ' શબ્દ યોગ્યતાના અર્થમાં પણ વપરાય છે.
હિરણ્યગર્ભ = ઉર્ધ્વતા સામાન્ય.
વિરાટ = તિર્યક્ સામાન્ય.
ચિત વિશિષ્ટ યોગ્યતા તે જીવ - પુરુષ.
ચિતોની સમષ્ટિ તે પ્રધાન.
ચિતની શક્તિઓને 'ગુણ' કહે છે.
સક્રિય જ્ઞાતૃત્વનું નામ સત્ત્વગુણ,
સક્રિય ભોક્તૃત્વનું નામ તમોગુણ છે અને
સક્રિય કર્તૃત્વનું નામ રજોગુણ છે.
ત્રણે ગુણોની સામ્યાવસ્થા તે પ્રધાન છે.
સામ્યાવસ્થા તે કે જેમાં એકેયગુણ ગુણ સક્રિય ન હોય.
એ અવસ્થામાં ચિત જ નથી, તેથી ચિતનું
નાનાત્વ - પુરુષોનું અસ્તિત્વ પણ નથી. જ્ઞાતૃત્વ આદિ
ગુણોની સક્રિયતા જ જીવોની પાર્થક્યતાનો હેતુ છે,
જે અવસ્થામાં પુરુષોનું નાનાત્વ છે,
તે સામ્યાવસ્થાથી પુરુષનું સાંનિધ્ય પામ અને ક્ષુબ્ધ
ચિતથી જ થઈ શકે છે, એમ અન્ય અક્ષુબ્ધથી નહિ.

જ્યારે ધ્યાન શુદ્ધરૂપ તરફ જાય છે, ત્યારે
'પુરુષ' શબ્દનો પ્રયોગ થાય છે અને જ્યારે
અવિદ્યા દ્વારા પ્રતીયમાન અશુદ્ધરૂપ તરફ ધ્યાન જાય છે,
ત્યારે 'પ્રધાન' શબ્દનો પ્રયોગ થાય છે.
પરમાર્થથી પુરુષ છે, તે જ પ્રધાન છે.
ક્ષુબ્ધચિત્ત તે પ્રધાન અને અક્ષુબ્ધચિત્ત તે પુરુષ.
સત્ત્વગુણનો વિષય છે, માટે સૂક્ષ્મ છે.
રજ - તમગુણ વિષયહીન હોવાથી સદા અસૂક્ષ્મ છે.
જ્ઞાનેન્દ્રિયો જ્ઞાનને અંદર લાવે છે,
કર્મેન્દ્રિયો સંકલ્પને બહાર લઈ જાય છે.
બંનેનું કેન્દ્ર એવું મન તો એક જ છે.
જ્ઞાનેન્દ્રિયો દ્વારા જે વિષય અધિગત થાય તે 'સંચિત' છે.
જુના જ્ઞાનભંડાર સાથે અહંકાર દ્વારા તે મળે છે,
ત્યારે તે 'અધ્યવસાય' બને છે.
અધ્યવસાય બુદ્ધિ દ્વારા થાય છે.
સંકલ્પબુદ્ધિથી મન દ્વારા તે કર્મેન્દ્રિયો સુધી પહોંચે છે.
સત્ત્વ ઓંકાર અનુચ્ચાર્ય છે. છાંદોગ્યમાં કહ્યું છે કે:
દેવગણ જ્યારે ઉદ્ગીથ (ૐ)ને સર્વ જગ્યાએ શોધવામાં
નિષ્ફળ ગયા, ત્યારે તે બ્રહ્મમાં મળ્યો.

ઓંકારને ઉદ્‌ગીથ, આદિ શબ્દ, પ્રણવ, સ્ફોટ, તાર, નાદ તથા પરા ઇત્યાદિ શબ્દોથી ઓળખાવાય છે. ઓંકારનું એક સેકંડમાં ૧૬ પરાર્ધ ગુણ અને ૫૦ હજાર પરાર્ધ અધિક કંપન થાય છે, તે શ્રોત્રેન્દ્રિયથી અગ્રાહ્ય છે, તેને ultra & supra sonic શબ્દથી સંબોધાય છે.

<u>સુમેરપુર, પોષ વદી ૬/૧, તા. ૨૮-૧-૭૦, બુધવાર</u>

(૧) ૐ - બ્રહ્મવાચક - ઉપનિષદ અ + ઉ + મ

ૐ - ઈશ્વરવાચક - યોગસૂત્ર અ + ઉ + મ

ૐ - પરમેષ્ઠિવાચક - જિનાગમ અ + ઉ + મ

ૐ - બ્રહ્માવિષ્ણુમહેશવાચક - પૌરાણિક અ + ઉ + મ

વમ વમ ઉ + અ + મ શૂદ્રાધિકાર.

ઉમા ઉ + મ + અ તાંત્રિક.

(૨) ૐ = શબ્દબ્રહ્મ - વૈયાકરણ.

ૐ = અનાહતનાદ - સાધારણભાષા.

(સુરતાને શબ્દમાં પરોવવા)

ૐ = પરાવાક્ - શુદ્ધ ચેતનાસ્વરૂપ, શાંત સમુદ્ર સમાન.

પશ્યન્તી = ચેતના યા વિચારની

વાણી અભિવ્યક્તિ માટે પ્રથમ ઉન્મેષ.

મધ્યમા = હૃદયસ્થાનમાં ઉઠનારો ધ્વનિ - અનાહતનાદ.

વૈખરી = વર્ણાત્મક આહત ધ્વનિ.
કંઠ, ઓષ્ઠ, તાળુ આદિ સ્થાનોની સાથે
વાયુનો આઘાત થવાથી અભિવ્યક્ત થતો ઉચ્ચાર.
પશ્યન્તી એ પરાનો પહેલો તરંગ છે.
મધ્યમા સતત ઉદ્ઘોષરૂપ છે.
વૈખરીથી વ્યાવૃત્ત થઈ મધ્યમા પર ધ્યાન જોડવું અને
પશ્યન્તી દ્વારા પરામાં લીન થવા પ્રયાસ કરવો.
માનસ જાપ ઉત્કૃષ્ટ છે.
અંતે મનથી પણ પ્રયત્ન કર્યા વિના અર્થાત્
ઇચ્છાપૂર્વક પ્રયત્ન વિના જ
જાપની એક સતત ધારા ચાલુ થાય છે.
શબ્દ ચેતન મનથી અચેતન મનમાં ઉતરે છે અને
સંસ્કારનું રૂપ ધારણ કરે છે,
તે પશ્યંતીનો પરામાં પ્રવેશ કહેવાય છે.
વિધિપૂર્વકના જાપથી શાંતિ અને શુદ્ધિ પ્રાપ્ત થાય છે.
ઓંકારનો જાપ સર્વ દર્શનોમાં પરમ મંગલ મનાય છે.
(3) ઓંકાર એ નિર્ભય બ્રહ્મ છે.
જેનું ચિત્ત નિત્ય ઓંકારમાં સમાહિત રહે છે,
તેની નિકટ ભય જેવી વસ્તુ ફરકી શકતી નથી.

(૪) જ્યાં શુદ્ધ કામના છે, ત્યાં શુદ્ધ સાધના છે.
વિષયની કામના અર્થ પુરુષાર્થને અને
મોક્ષની કામના ધર્મ પુરુષાર્થને પ્રેરે છે.
કામનાની સિદ્ધિ સાધનાને માંગે છે,
તે સાધનાનું જ બીજું નામ પુરુષાર્થ છે.
પુરુષાર્થ અર્થાત્ પુરુષ પ્રયોજન.
તેની સિદ્ધિ માટે ઉદ્યમ એ પુરુષની ક્રિયા.
લૌકિક અર્થ - કામની સાધના તાત્વિકરૂપે પુરુષાર્થ નથી,
કેમકે તેની સિદ્ધિ શાશ્વત નથી.
આયુષ્ય પણ ક્ષણભંગુર છે, પદાર્થ પણ ક્ષણભંગુર છે
અને કામના અનંત છે. તે કદી પણ પૂર્ણ થતી નથી તેથી
તે સાધનાનું મૂલ્ય વિવેકીને મન અકિંચિત્કર છે.
<u>દિગંબર મત પ્રમાણે અષ્ટમંગલના નામ</u>
સિંહાસન, શ્વેત છત્ર, ચામર, ધ્વજ,
દર્પણ, ભૃંગાર, પાલિકા, કુંભ.
<u>નીચેનાં બે વાક્યો ચિન્તનાર્થે છે:</u> <u>Dt. 5/2/70</u>
મલ્લનાથે કહ્યું - હે ઉપાધિ! હવે તું જા - જા.
ઉપાધિએ જવાબ આપ્યો: જે આવતું નથી,
તે જતું પણ નથી, માટે હે મલ્લનાથ તું જ જા.

(૫) 'नरत्वेऽपि पशूयन्ते मिथ्यात्वग्रस्तचेतसः ।'

- पं. आशाधर

० समयं गोयम ! मा पमायए । - उत्तराध्ययन अ. १०

० 'सुत्ता अमुणी, मुणिणो सया जागरंति ।'

- श्री आचारांग सूत्र (પરિશિષ્ટ-૯)

ચિત્તવૃત્તિ સદૈવ 'આત્મકેન્દ્રિત રહેવી' તે અપ્રમાદ છે.

ગુણસ્થાનોનો ક્રમ તે કષાયબળની
તારતમ્યતાને દર્શાવનાર ક્રમ છે.

કષાયવિજયનું બીજું નામ આત્મશુદ્ધિ છે.

મન - વચન - કાયાના વ્યાપાર અને
એ વ્યાપારોથી થતું આત્મપ્રદેશોનું કંપન તે યોગ છે.

ચિત્તવૃત્તિ નિરોધ એ બૌદ્ધ યોગનું લક્ષણ છે,
તેમ જૈન દૃષ્ટિએ આત્મપ્રદેશોના કંપનનો નિરોધ
અર્થાત્ સ્થૈર્ય તે યોગ છે.

કંપન એટલે હલનચલન અસ્થિરતા છે.

આત્મપ્રદેશો પરિસ્પંદનરૂપ યોગ એક જ છે.

શરીર દ્રવ્યાદિના આલંબનની ભિન્નતાથી તેના મનોયોગ,
વચનયોગ, કાયયોગ - એમ ત્રણ પ્રકાર બતાવ્યા છે.

યોગ એ જ આશ્રવોનો મુખ્ય હેતુ છે.

પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગ નિમિત્તે છે,
સ્થિતિ અને રસબંધ કષાય નિમિત્તે છે,
કષાય દશમા ગુણસ્થાન પર્યંત અને
યોગ ત્રયોદશ ગુણસ્થાન પર્યંત હોવાથી ઘટાવે છે.
जोगा पयडि पएसा, ठिदि अणुभागा कसायदो हुंति ।
અર્થાત્: પ્રકૃતિ અને પ્રદેશબંધ યોગથી થાય,
સ્થિતિ અને રસબંધ કષાયથી થાય. - ગોમ્મટસાર

o ઝંખનામાં જે આનંદ છે, તે પ્રાપ્તિમાં નથી.
ઉદ્વેગની એક પ્રસન્નતા પણ એવી છે.
જગ બદલાય, માણસની બદલાવાની ઇચ્છા બદલાતી નથી.
ત્યાગ તથા સંયમ ઘટ્યાં છે, વિષય-વાસના વધ્યાં છે,
માટે જ જગત વિનાશને પંથે ધકેલાતું જ જાય છે.

o સત્ય બોલો, દુશ્મનોને મૂંઝવવાનો એ રસ્તો છે.
ભૂલ કરવી એ માનવ સ્વભાવ છે,
બીજાની ભૂલોને ભૂલી જવી એ સંત સ્વભાવ છે.
સંત પુરુષો પરોક્ષપ્રિય અને પ્રત્યક્ષદ્વેષી હોય છે
અર્થાત્ સંત પુરુષોના શબ્દોના અર્થ ગૂઢ હોય છે.
પ્રત્યક્ષ = outer meaning.
પરોક્ષ = Inner meaning.

કલાકાર જ્યારે પોતાની જાતને, પોતાની સાધનાને અને પોતાની સિદ્ધિને ઈશ્વરાર્પણ કરીને વળગી જાય છે, ત્યારે એ દૈવી સંપત્તિને પામે છે, દિવ્ય આનંદને અનુભવે છે અને તેના રોમ રોમ પુલકિત થાય છે.

(૬) પરમ (પ્રધાન) પંચ પરમેષ્ઠિમાં, પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઈએ, નમો નમો જિનભાણ... (૨)

પાંચ પરમેષ્ઠિઓમાં પ્રધાન પરમેષ્ઠિ અરિહંત ભગવંત છે, તેમનું ધ્યાન ચાર નિક્ષેપ વડે આપણે કરીએ છીએ.

જિનોને વિષે સૂર્ય સમાન શ્રી અરિહંત ભગવંતને
અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ... (૨)

આ ગાથામાં શ્રી અરિહંત ભગવંતની પ્રધાન પરમેષ્ઠિ રૂપે જે સ્તુતિ કરી છે, તેમાં ચારે નિક્ષેપા વડે તેમનું ધ્યાન એ જ તેમની વાસ્તવિક સ્તુતિ છે.

અગાઉ આપણે વિચારી ગયા છીએ કે
શ્રી અરિહંત પરમાત્મા પોતે પંચપરમેષ્ઠિમય છે અને પંચપરમેષ્ઠિ સર્વ શ્રી અરિહંતમય છે, એટલે અરિહંતનું ૪ નિક્ષેપ વડે ધ્યાન તે શ્રી પંચપરમેષ્ઠિનું જ ધ્યાન છે.

તે ચાર નિક્ષેપ વડે થવું જોઈએ, કેમકે
પ્રત્યેક વસ્તુ ચાર નિક્ષેપમય હોય છે.

નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ એ ચાર નિક્ષેપ છે
સર્વ વસ્તુની ચાર બાજુ છે, તેને જે જાણે છે,
તે જ સૂક્ષ્મ વસ્તુને યથાર્થપણે જાણનાર ગણાય છે.

શ્રી નમસ્કાર મંત્રના પ્રથમ પાંચ પદોમાં
નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ વડે
પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.
ભાવનિક્ષેપના બે પ્રકાર છે: આગમ અને નોઆગમ.
આગમથી ભાવનિક્ષેપ પંચ પરમેષ્ઠિઓના જ્ઞાતા અને
ઉપયુક્ત હોય તેને ગણવામાં આવે છે અને
નોઆગમથી ભાવનિક્ષેપ સમવસરણસ્થ જિન
આદિ પરમેષ્ઠિઓનું સ્વરૂપ છે.

ચૂલિકાના ચાર પદોનું માહાત્મ્ય અપેક્ષાએ
પ્રથમ પાંચ પદો કરતાં પણ વિશેષ મનાયું છે, કારણ કે
શ્રી મહાનિશીથાદિ શાસ્ત્રોમાં ચૂલિકા સહિત
મૂળ મંત્રને 'મહાશ્રુતસ્કંધ' તરીકે સંબોધેલ છે.
જેઓ પાંચ પદના મૂળમંત્રનું મહત્ત્વ સ્વીકારે છે પણ
ચૂલિકાના ચાર પદોનું મહત્ત્વ નથી સમજતા,
તેઓ ચાર નિક્ષેપમાં ભાવનિક્ષેપનું જે મહત્ત્વ છે,
તે પુરેપુરૂં સમજી શક્યા નથી, એમ કહેવું જોઈએ.

નામ, આકૃતિ, દ્રવ્ય ને ભાવ - એ ચાર નિક્ષેપમાં મહત્ત્વનો નિક્ષેપ એ ભાવનિક્ષેપ છે. તેના બે પ્રકારમાં આગમ એટલે જ્ઞાન અને નોઆગમ એટલે પદાર્થ.

જ્ઞાન (Subjective) આત્મા પોતે છે,

પદાર્થ (objective) વસ્તુવિશેષ છે.

અધ્યાત્મમાર્ગમાં નામ આકૃતિ અને દ્રવ્ય એ ભાવ એટલે જે વસ્તુ વિશેષ (object)ને સમજવા માટે છે અને વસ્તુ વિશેષ એ જેનું જ્ઞાન કરનાર આત્મા એટલે subjectને સમજવા માટે છે.

આધ્યાત્મિક માર્ગમાં મુખ્ય પ્રયોજન

આત્મજ્ઞાન અને આત્મધ્યાનનું છે.

વસ્તુવિશેષરૂપે પાંચ પરમેષ્ઠિને જાણ્યા અને ધ્યાયા પછી જો આત્માને તે સ્વરૂપે જાણવામાં ન આવે અને ધ્યાવવામાં ન આવે, તો તે દ્રવ્યક્રિયા થાય છે પણ ભાવ ક્રિયા થતી નથી. દ્રવ્ય એ ભાવ માટે છે અર્થાત્ પંચ પરમેષ્ઠિરૂપી દ્રવ્યો એ આત્મદ્રવ્યને ભાવવા માટે છે. આત્મદ્રવ્યનું પરમેષ્ઠિરૂપે ભાવન તે જ અહીં આગમથી ભાવનિક્ષેપ છે. ચૂલિકામાં તે ભાવ નિક્ષેપને અલગ પાડી જેનું ધ્યાન 'નમઃ ।' શબ્દથી કરવામાં આવે છે.

જ્ઞાતા અને ઉપયુક્ત એવો સમ્યગ્દૃષ્ટિ જીવ
વસ્તુરૂપે પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરી જાઈ
આત્મરૂપે પંચ પરમેષ્ઠિને 'એસો પંચનમુક્કારો।' પદથી
નમસ્કાર કરે છે અર્થાત્ પોતાના આત્માને પંચપરમેષ્ઠિ
રૂપે ભાવન કરે છે, તે ભાવનમસ્કાર છે અને
તે જ તાત્ત્વિક નમસ્કાર છે, જે સર્વ પાપોનો સમૂળ
નાશ કરે છે અને મંગળોમાં પ્રધાન મંગળ બને છે.
ચૂલિકાનું આ તાત્પર્ય છે, તેથી મૂળ મંત્ર કરતાં પણ
ચૂલિકાનું મહત્ત્વ વિશેષ છે અથવા એમ કહો કે ચૂલિકામાં
રહેલા ભાવ નમસ્કારને ઉત્પન્ન કરવા માટે જ પ્રથમ
પાંચ પદો વડે પ્રથમ નમસ્કાર કરવામાં આવે છે.
આ જિનશાસનમાં દ્રવ્ય વિના ભાવની ઉત્પત્તિ નથી
અને ભાવ વિના કે ભાવનાં લક્ષ્ય વિના દ્રવ્યની કોઈ
કીંમત નથી. ભાવનાં લક્ષ્યપૂર્વક થતો દ્રવ્ય નમસ્કાર
પ્રધાન દ્રવ્યનમસ્કાર છે, જે ભવ્ય જીવોને જ હોય છે.
ભાવનાં લક્ષ્ય વિના જ થતો દ્રવ્ય નમસ્કાર એ
અપ્રધાન દ્રવ્ય નમસ્કાર છે અને તે
અભવ્ય જીવોને કે મિથ્યાદૃષ્ટિ જીવોને પણ હોય છે.
સમ્યગ્દૃષ્ટિ જીવોનો દ્રવ્યનમસ્કાર ભાવનમસ્કારના
લક્ષ્યવાળો હોવાથી પ્રધાન દ્રવ્યનમસ્કાર છે.

નવકારના પ્રથમ પાંચ પદોમાં પ્રધાન દ્રવ્યનમસ્કાર છે અને ચૂલિકાના ચાર પદોમાં ભાવનમસ્કાર છે અને નવકાર મહામંત્રનું ફળ દર્શાવવામાં આવ્યું છે.

જેઓ નવકારના પ્રથમ પાંચ પદોને જ મૂળ નમસ્કારરૂપ માનીને છેલ્લા ચાર પદોને છોડી દે છે અથવા ફળવિશેષના વર્ણનરૂપ ગણીને ચૂલિકાનું મહત્ત્વ ઓછું આંકે છે અને તેઓ નયનિક્ષેપના જ્ઞાનથી અજાણ છે. નયનિક્ષેપના જ્ઞાતા સમ્યગ્જ્ઞાની મહાપુરુષો ચૂલિકા સહિત મૂળ મંત્રને જ મંત્રાધિરાજ અથવા મહામંત્ર તરીકે જાણે છે અને તેનું યથાર્થ આરાધન કરે છે. નય દૃષ્ટિએ પ્રથમ પાંચ પદો વડે થતો નમસ્કાર એ વ્યવહારનયનો નમસ્કાર છે અને છેલ્લા ચાર પદો વડે થતો નમસ્કાર એ નિશ્ચયનયનો નમસ્કાર છે. નિક્ષેપ દૃષ્ટિએ પ્રથમ પાંચ પદો વડે થતો નમસ્કાર એ નામ, સ્થાપના, દ્રવ્ય તથા નોઆગમથી ભાવનમસ્કાર છે અને છેલ્લા ચાર પદો વડે થતો નમસ્કાર એ આગમથી ભાવનમસ્કાર છે. તેને જ યોગદર્શન ક્રમશઃ સંપ્રજ્ઞાત અને અસંપ્રજ્ઞાત સમાધિ અથવા ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની એકતારૂપ સમાપત્તિ શબ્દથી સંબોધે છે.

સમાપત્તિ એક પ્રકારની સમાધિ છે, તેને 'ધ્યાનની સ્પર્શના' પણ કહે છે. મિથ્યાદૃષ્ટિ આત્મા સાધક બનીને શ્રી અરિહંતાદિ પરમેષ્ઠિઓનું ધ્યાન સંભવી શકે છે, કિન્તુ સમાપત્તિ સંભવતી નથી.

સમાપત્તિરૂપ ધ્યાન સાધક બનીને આત્મા તેમાં પણ નિકટભવી બનીને જ સંભવે છે, તેથી ચૂલિકા સહિત મૂલમંત્ર સમ્યગ્દૃષ્ટિ બનીને સ્પર્શે છે.

'ધ્યાનાષ્ટક'માં પૂ. ઉપા. શ્રી યશોવિજયજી મહારાજ એ વસ્તુનું સ્પષ્ટીકરણ નીચેના શબ્દોમાં કરે છે:

ध्याता ध्येयं तथा ध्यानं, त्रयं यस्यैकतां गतं ।
मुनेरनन्यचित्तस्य तस्य दुःखं न विद्यते ॥१॥
ध्याताऽन्तरात्मा ध्येयस्तु परमात्मा प्रकीर्तितः ।
ध्यानं चैकाग्र्यसंवित्तिः समापत्तिस्तदेकता ॥२॥
मणाविव प्रतिच्छाया समापत्तिः परात्मनः ।
क्षीणवृत्तौ भवेद्ध्यानादन्तरात्मनि निर्मले ॥३॥
आपत्तिश्च ततः पुण्यतीर्थकृत्कर्मबन्धतः ।
तद्भावाभिमुखत्वेन संपत्तिश्च क्रमाद्भवेत् ॥४॥
इत्थं ध्यानफलाद्युक्तं विंशतिस्थानकाद्यपि ।
कष्टमात्रं त्वभव्यानामपि नो दुर्लभं भवे ॥५॥

- ज्ञानसार

(9) 'એકઃ શબ્દઃ સમ્યક્જ્ઞાતઃ પ્રયુક્તશ્ચ સ્વર્ગે લોકે ચ કામધુગ્ ભવતિ ।' અર્થાત્ :

સ્વર્ગલોકમાં એક શબ્દ સમ્યક્ પ્રકારે જ્ઞાત અને ઉપયુક્ત બને છે, ત્યારે તે કામધેનુરૂપ બને છે.

સ્વર્ગ અર્થાત્ Heaven. It means divine consciousness, Higher nature.

લોક અર્થાત્ Earth. It means material consciousness, Lower nature.

શબ્દ = Word power, mental power.

મધ્યમા, પશ્યંતી અને પરા - એ ત્રણ પ્રકારની વાણી અહીં 'શબ્દ' શબ્દથી ગ્રહણ કરવાની છે.

જ્ઞાત અને ઉપયુક્ત એ આગમથી ભાવનિક્ષેપ અર્થાત્ સમાપત્તિરૂપ છે.

પરપ્રકાશકતાને મુખ્યતા આપીને ભેદપ્રણિધાન અથવા ભેદોપાસના ગણાય તથા સ્વપ્રકાશકતાને મુખ્યતા અપાય, ત્યારે અભેદપ્રણિધાન કે અભેદોપાસના કહેવાય. એકમાં બાહ્યકારક અને બીજામાં આભ્યંતરકારક હોય છે. બાહ્યકારકને વ્યવહાર રત્નત્રય અને આભ્યંતરકારકને નિશ્ચય રત્નત્રય પણ કહેવાય છે.

નવકારની ચૂલિકામાં અભ્યંતરકારક
સ્વપ્રકાશકતા અને નિશ્ચય રત્નત્રય રહેલાં છે.

(૮) અરિહંતોનું માર્ગદર્શકપણું
માર્ગ દ્વારા જાણીને આનંદ આપે છે.
સિદ્ધોનું અવિનાશીપણું
અક્ષયપણા દ્વારા અવિનાશીતા આપે છે.
આચાર્યોનો આચાર
પંચાચારના પાલન દ્વારા અતીન્દ્રિયતાને સમર્પે છે.
ઉપાધ્યાયોનો વિનય
આચાર્ય નમ્રતા અર્પે છે.
સાધુનો સહાય કરવાનો ગુણ
બાળજીવોને સહાયક થવા દ્વારા તન્મયતા સમર્પે છે.
અતીન્દ્રિય અવસ્થા સ્વાતંત્ર્યતાની સૂચક છે,
નમ્રતા અને તન્મયતા કૃતજ્ઞતાની સૂચક છે.
કૃતજ્ઞતા દ્વારા સ્વાતંત્ર્યતાની સિદ્ધિ થાય છે, તેમાં
અવિનાશીપણું અને અવિનાશીપણાનો માર્ગ
અનુક્રમે અરિહંત અને આનંદ સમર્પે છે.
અરિહંતો દ્વારા માર્ગ, માર્ગ દ્વારા આનંદ અને
આનંદ દ્વારા અવિનાશીતા સિદ્ધ થાય છે.

અવિનાશિતાની સિદ્ધિ સ્વાતંત્રતાના સ્વીકાર ઉપર છે,
સ્વાતંત્રતાનો સ્વીકાર નમ્રતા દ્વારા ફળીભૂત થાય છે.

(૧) અરિહંત - માર્ગ - અભય
(૨) સિદ્ધ - અવિનાશ - અક્ષય
(૩) આચાર્ય - આચાર - અહમિન્દ્ર
(૪) ઉપાધ્યાય - વિનય - રત્ન
(૫) સાધુ - સહાય - કલ્પ
(૬) ચૂલિકા - સમાપત્તિ - સમર્પણા.

સમર્પણા દ્વારા પાપનાશ અને
મહામંગળની પ્રાપ્તિ, સ્વરૂપલાભ અને સિદ્ધિ મળે છે.

(૯) આપણો ધર્મપરિવાર કયો ?

આત્મલાભ તે પિતા, આત્મરતિ તે માતા છે,
શીલ, સત્ય, શમ, દમ, સંતોષાદિ બંધુઓ છે,
સમતા સ્ત્રી છે, સમાન આચારવાળા સાધુઓ સ્વજન છે,
શુદ્ધ આત્મસ્વરૂપનો સંશય-વિપર્યયરહિત બોધ ગૃહ છે,
જ્ઞાનાચારના પ્રસાદનું ફળ કેવળલાભ છે,
દર્શનાચારની સેવાનું ફળ ક્ષાયિક સમ્યક્ત્વ છે,
ચારિત્રાચારની સેવાનું ફળ યથાખ્યાત ચારિત્ર છે,
તપાચારના આસેવનનું ફળ પરમ શુક્લધ્યાન છે,
વીર્યાચારની સેવાનું ફળ વીર્યની સંવૃદ્ધિ, શુદ્ધિ છે.

શુદ્ધ સંકલ્પપૂર્વક સર્વ ક્રિયા લેખે લાગે,
સંકલ્પહીન કર્મ ફળે નહિ.
અકિંચન ત્યાગીની આ મર્યાદા છે.
વિસ્મયરહિત ત્યાગ થાય, ત્યારે એને વિસ્મય નથી,
તેમ પરિસ્પંદાત્મક ક્રિયા પણ નથી.
'નાભિનંદનં જીવને, નાભિનંદનં મૃત્યૌ ।'
અહીં નાભિરાજાના પુત્ર અથવા અભિનંદનનો નિષેધ:
એમ જો અર્થ નીકળી શકે.
માણસ પોતાના વાસનાતંત્ર ઉપર કાબુ મેળવે,
તે જ સાચું સ્વરાજ્ય - Self Kingdom છે.
વિશ્વાસ અને બુદ્ધિ, શ્રદ્ધા અને તર્ક -
એકબીજાના દુશ્મન નથી પણ એકબીજાના ટેકેદારો છે,
તે ભેગા થાય, ત્યારે નિષ્ઠા ઉત્પન્ન થાય છે.
સર્વોદય = સર્વનો ઉદય - મંગળ - સર્વનું હિત થાઓ.
(૧૦)સમર્પણ = આપણે કરવું પણ આપણું નામ નહિ.
સ્ત્રી બાળકને જન્મ આપે છે, છતાં બાળકના નામ
પાછળ એની માનું નામ નથી આવતું, પરંતુ એના પિતાનું
નામ આવે છે. સ્ત્રીએ આ રીતે સમર્પણ કર્યું છે.
સુખમાં ભોગાનંદ છે, તો દુઃખમાં ભાવાનંદ છે.

પ્રસૂતિની વેદના પછી માતાને બાળકનો
ચહેરો જોવા મળે છે, તેમાં જ કેટલો આનંદ છે!

વિષયસુખ objective છે, તેથી પરાધીન છે.
આત્મિકસુખ Subjective છે, તેથી સ્વાધીન છે.

ભગવાનની શક્તિ અને ભક્તની ઇચ્છા-
બન્ને મળીને જ ઇતિહાસ સર્જન થાય છે.
ફક્ત ઇચ્છા કે ફક્ત ભગવાનની શક્તિથી કાંઇ થતું નથી.

એક મહીના સુધી કરેલું પુણ્ય
અગીયાર મહીના સુધી પાપ કરતાં અટકાવશે.

કઈ વસ્તુ કોના પ્રત્યે જરૂરી ?

દ્વેષ દુર્બુદ્ધિનો, દયા દુર્બુદ્ધિની, કરૂણા સંસ્કૃતિ પ્રત્યે,
ઘૃણા વિકૃતિ પ્રત્યે, ઉપેક્ષા શરીરનાં કાર્યો પ્રત્યે અને
ઉદારતા આત્માનાં કાર્ય પ્રત્યે હોવા જોઇએ.

દેહભોગમાં આસક્ત બુદ્ધિ અધોગતિને પામે.
પ્રભુપ્રેમનું ચિન્તન કરતા બુદ્ધિ પ્રભુમય થઈ જાય છે.

o એક ક્ષણ પણ ભગવાનથી વિભક્ત ન થાય, તે ભક્ત.

સત્સંગથી મન અને ભજનથી જીભ જુવાન બને.

ચાલુ પ્રવચને વચ્ચેથી ન ઉઠવું, તે સામાજિક સંયમ છે.
સમાજમાં આવ્યા બાદ વ્યક્તિગત રસ ગૌણ બની જાય.

(૨૨) આત્મીયતા ત્રણ વસ્તુમાં આવે છે:
ઉપભોગ, ભય - ભક્તિ અને ઉપયોગ - આવશ્યકતા.
ભક્તિથી આવતી આત્મીયતા
સૌથી વધુ દિવ્ય અને ભવ્ય હોય છે.
જે ક્ષણે ભગવાનની ભક્તિ આવે છે,
પરમાત્માની લગની લાગે છે,
તે જ ક્ષણે આખું વિશ્વ સૌંદર્યમય ભાસે છે.
પરસ્ત્રી ગમે તેટલી સુંદર હોય પણ
પોતાને માટે તે કુરૂપ લાગવી જોઈએ.
સાહિત્યે પરસ્ત્રીને સુંદર - નીતિશાસ્ત્ર તેને કુરૂપ ગણી છે.
ભક્તિની દૃષ્ટિએ તમામ વસ્તુ સુંદર છે,
ભવ્ય, દિવ્ય, ઉદાત્ત અને પૂજનીય છે.
ઇંદ્રિયોથી જોયેલું સૌંદર્ય માદક અને મલિન છે,
હૃદયથી જોયેલું સૌંદર્ય ઉદાત્ત અને પૂજનીય છે.
સર્વ માર્ગથી પામવાનું તત્ત્વ એક જ છે અને
તે સગુણ યા નિર્ગુણ પણ તે છે પરમાત્મા.
પછી તે માર્ગ ભક્તિનો હો કે વિજ્ઞાન કર્મનો,
યોગાભ્યાસનો હો કે મન - ઇંદ્રિયોના વિલયનો,
શાસ્ત્ર સ્વાધ્યાયનો હો કે વેદાભ્યાસનો,

પછી દાન-તપનો હો કે તત્ત્વજ્ઞાનનો યા દૃઢ વૈરાગ્યનો,
પ્રવૃત્તિનો યા નિવૃત્તિનો, પરોપકારનો હો કે સ્વોપકારનો-
બધાનું અંતિમ તાત્પર્ય આત્મતત્ત્વને પામવાનું જ છે.
દૃઢ શ્રદ્ધાભક્તિ કે દૃઢ પ્રેમથી જડ પણ ચેતન બને છે.

સત્સંગથી પ્રેરણા - ઉત્સાહ મળે છે.

સ્વાધ્યાયથી બુદ્ધિ નિર્મળ અને તીક્ષ્ણ બને છે.

સમર્પણથી અહંકાર જાય છે.

મન, બુદ્ધિ અને ઇંદ્રિયો અહંકારનાં સાધન છે,
તે ત્રણે જો પરમેશ્વરને સમર્પણ કરવામાં આવે,
તો જ અહંકાર જાય છે.

૦ સાપેક્ષ વાક્યમાં એકાંત હોઈ શકે, કેમકે સાપેક્ષતા પોતે જ અનેકાન્ત છે. નિરપેક્ષ વાક્યમાં એકાન્ત લગાડી શકાય નહિ. 'દૂધ ઝેર જ છે' એમ ન કહેવાય પણ 'દૂધ જ ઝેર છે' એમ સંગ્રહણીના દર્દી માટે કહી શકાય.

જિનશાસન નયોના સમૂહરૂપ હોવાથી પ્રમાણવાક્ય છે.
દુર્નયોના સમૂહરૂપ નથી, તેથી તે અપ્રમાણ નથી.

આત્માનું કલ્યાણ કરવું હોય તો આત્માને ઓળખો.
જેણે આત્માને ઓળખ્યો,
એને હથેળીમાં મોક્ષ આવેલો મળ્યો સમજો.

(૯૨) આંતરિક પ્રગતિ હાલમાં ખૂબ સારી છે.
શ્રી નવકાર મહામંત્રના સ્મરણ જાપની
અદ્ભુત શક્તિઓનો અનુભવ થઈ રહ્યો છે.
શારીરિક - માનસિક અસર ઘણા સરસ થઈ રહી છે.
આંતરિક વિચારોની સ્ફૂર્તિનું બળ સારું કેળવાઈ રહ્યું છે.
બે મહિનાથી હૃદયકમળની આઠ પાંખડીઓ અને
વચ્ચે દેખાતી દીપકની જ્યોત દેખાતી બંધ થઈ ગઈ છે,
તેનું કારણ શું હશે ? નાભિમાંથી સૂર ઉઠે છે...
નવકાર ગણતી વખતે ગુંજ જાય તેવો.
છેલ્લા બે મહિનામાં આ રણકાર વધ્યો છે.
સ્વાધ્યાયમાં વૃત્તિઓ બહુ લીન થઈ રહી છે.
- A.B.S. Indore, 14-2-70

૦ સાધનામાં બે પ્રકારનાં વિઘ્નો : બાહ્ય અને આંતર.
કામ-ક્રોધાદિ આંતર અને રોગ - જરાદિ બાહ્યવિઘ્નો છે.
પ્રત્યેક દોષ કે ગુણ એકલો હોતો નથી,
તેની સાથે હંમેશા બીજા દોષો કે ગુણો જોડાયેલા છે.
દા.ત. : ક્રોધ સાથે અસત્ય, પરનિંદા, પૈશુન્યાદિ તથા
ક્ષમા સાથે મૌન, અહિંસા જોડાયેલા છે.
લોભ - તૃષ્ણા એક જ કુમતિનાં જોડલાં ભાઈ-બહેન છે.
લોભ સંતોષને હણે છે, તૃષ્ણા ઉદારતાને રોકે છે.

## (૨૩) મૈત્રીનું વિવિધ શાસ્ત્રોમાં માહાત્મ્ય

'तत्र समस्तसत्त्वविषयस्नेहपरिणामो मैत्री ।'

- ઉપા૦ યશો

मैत्री - प्रमोद - कारुण्य - माध्यस्थ्यानि
सत्त्व - गुणाधिक - क्लिश्यमानाऽविनेयेषु ।

- પૂ. ઉમાસ્વાતિ વાચક

सुखसंभोगशालिषु प्राणिषु मैत्रीं भावयेत् ।
मैत्रीकरुणामुदितोपेक्षाणां सुख - दुःख - पुण्या - पुण्य
- विषयाणां भावनातश्चित्तप्रसादनम् ।

- શ્રી પાતંજલ યોગસૂત્ર (પરિશિષ્ટ-૧૦)

તત્ત્વાર્થકાર વ્રતોની સ્થિરતા માટે અને
પાતંજલ યોગસૂત્ર ચિત્તની પ્રસન્નતા માટે
મૈત્ર્યાદિ ભાવનાને ઉપદેશ જણાવે છે.

શ્રી સિદ્ધસેનગણિ 'તત્ત્વાર્થ ગંધહસ્તી' ટીકામાં ફરમાવે છે:
'एवं च भावयतः मैत्र्यादिव्रतानां स्थैर्यं भवति ।
मिदिच् स्नेहने मेद्यति मित्रं, तस्य भावः
समस्त - सत्त्वविषय - स्नेहपरिणामो मैत्री ।'

અહીં સ્નેહ એ રાગજન્ય ઔદયિક ભાવ નહિ, કિન્તુ
ક્ષયોપશમ સંસ્કૃત આત્માનો પ્રશસ્ત અધ્યવસાય છે.

પ્રમોદ ભાવના માટે 'ધર્મસંગ્રહ ભાષાંતર'માં કહ્યું છે કે:
આપણા કરતાં અધિક ગુણવાન વડીલો પ્રત્યે નમન
આદિથી અને લઘુ પ્રત્યે પ્રસન્નતા આદિથી જણાવાતો
હાર્દિક ભક્તિરાગ તે 'પ્રમોદ' કહેવાય છે.

<u>તત્ત્વાર્થ ભાષ્ય તથા ટીકામાં કહ્યું છે કે:</u>

प्रमोदो नाम विनयप्रयोगः ।
वन्दन-स्तुति-वर्णवाद-वैयावृत्त्यकरणादिभिः
सम्यक्त्व-ज्ञान-चारित्र-तपोऽधिकेषु साधुषु
परात्मोभयकृतपूजाजनितः
सर्वेन्द्रियादिभिरभिव्यक्तो मनः प्रहर्षः ।

<u>વળી આ તત્ત્વાર્થ ટીકાકાર ફરમાવે છે કે:</u>

'प्रमोदनं प्रमोदो वन्दनस्तवादिभिः गुणाधिकेषु
अभिव्यक्तमान्तर्भक्तिरनुरागः ।' (પરિશિષ્ટ-૧૧)

'વિનય' શબ્દથી બહુમાન પરક અર્થ સમજી લેવો.
બહુમાનનો અર્થ જ હાર્દિક ભક્તિરાગ છે અર્થાત્
સર્વેન્દ્રિયો વડે અભિવ્યક્ત થતો આનંદવિશેષ છે.
અહીં ભક્તિરાગ એ રાગ-મોહનીયકર્મનો ઉદય નથી,
કિન્તુ મિથ્યાત્વ મોહનીય અને અનન્તાનુબંધી કષાયના
ક્ષય-ક્ષયોપશમજનિત પ્રશસ્ત અધ્યવસાયવિશેષ છે.

'યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ ટીકા'માં કહ્યું છે કે:

अपास्ताऽशेषदोषाः प्राणिवधादयो तेषां,
वस्तुतत्त्वमवलोकन्ते तेषां, एवंविधानां
मुनिनां गुणेषु यः पक्षपातो विनयप्रयोगः । (પરિશિષ્ટ-૧૨)

હાર્દિક ભક્તિરાગ ગુણ પ્રત્યે કેવી રીતે પ્રગટ કરાય?

તેના સમાધાન માટે 'પરાત્મોભયકૃત પૂજાજનિતઃ ।' શબ્દનો પ્રયોગ પાછળના શ્લોકમાં કરાયો છે. વંદનાદિને યોગ્ય જે પાત્રો હોય, તેમના ગુણો પ્રત્યે વિનય - વૈયાવચ્ચ - સ્તુત્યાદિ વડે પ્રમોદભાવ પ્રકટ કરી શકાય અને જે પાત્રોમાં વંદનાદિ અવ્યવહાર્ય હોય, તે પાત્રોમાં હર્ષની અભિવ્યક્તિ કરી શકાય અથવા જ્યાં આત્મકૃત પૂજા અવ્યવહાર્ય હોય, ત્યાં 'પરકૃત' શબ્દથી ગુણ પ્રત્યે પણ હર્ષાભિવ્યક્તિનો અનેરો માર્ગ દેખાડ્યો છે.

દીન, દુઃખી, રોગી વગેરે પ્રતિ દયાની અને દુઃખ ફેડવાની લાગણી તે કરુણા - કારુણ્ય છે.

પૂ. ઉપા૦ મહારાજનો આ પરિષ્કાર છે.

ભાષ્યકાર મહર્ષિ જણાવે છે કે:

'विविध दुःखार्दितेषु दीनकृपणानाथ-
बालमोहवृद्धेषु भावयेत् ।'

ટીકાકાર ફરમાવે છે કે:

करुणैव दीनादिष्वनुकंपनादि-भावेन

हितोपदेशादिभिः तान् अनुगृह्णाति ।

અર્થાત્ વિવિધ દુઃખોથી પીડાયેલ ગરીબ, લાચાર, નિરાધાર બાળક તેમ જ મહિવૃક્ષાદિ જીવો વિષે કરુણા ભાવવા અને હિતોપદેશપ્રદાન આદિ વડે તેઓની દયા કરવી.

ચતુર્થ ભાવના માટે પૂ. ઉપાધ્યાયજી મહારાજનો

પરિષ્કાર નીચે મુજબ છે:

માધ્યસ્થ્ય = અયોગ્ય આત્માઓ પ્રત્યે રાગદ્વેષનો અભાવ.

ભાષ્યકાર ફરમાવે છે કે: 'માધ્યસ્થ્યમવિનેયેષુ ।'

माध्यस्थ्यमौदासिन्यमुपेक्षा इत्यनर्थान्तरम् ।

'માધ્યસ્થ્ય'નો અર્થ ટીકાકાર નીચે મુજબ કરે છે:

रागद्वेषयोरन्तरालं मध्यं तत्र स्थितिः माध्यस्थ्यम् ।

अरागद्वेषवृत्तिः । तूष्णीको माध्यस्थ्यं तत् च भावयेत् ।

અર્થાત્ રાગદ્વેષનો અંતરાલ તે મધ્ય, ત્યાં રહેલ તે મધ્યસ્થ. રાગદ્વેષની વૃત્તિ વગરનો, તેનો ભાવ તે માધ્યસ્થ્ય.

'ઉપેક્ષા' શબ્દ માધ્યસ્થ્યનો જ પર્યાય છે.

એ રીતે સ્નેહપરિણામ કે ભક્તિરાગ તે મોહકર્મનો ઉદય નહિ પણ વિવેક સત્કૃત અંતરપ્રીતિ છે.

તે કર્મબંધનો નહિ પણ કર્મક્ષયનો હેતુ છે.
ઔદયિક નહિ પણ ક્ષાયોપશમિક પરિણામ છે.
ભવહેતુક અશુભ પરિણામ નહિ પણ
મોક્ષહેતુક શુભ પરિણામ છે.
મૈત્રી તે સર્વજીવવિષયક માધ્યસ્થ્ય પરિણતિ છે,
પ્રમોદ તે ગુણાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે,
કરુણા તે દુઃખાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે અને
ઉપેક્ષા તે પાપાધિકવિષયક માધ્યસ્થ્ય પરિણામ છે.
તે પરિણામ હોય તો અરાગદ્વેષ વૃત્તિ છે અને
તે પરિણામ ન હોય તો રાગદ્વેષ વૃત્તિ છે.
રાગદ્વેષ વૃત્તિને જીતવાનો પરિણામ માધ્યસ્થ્યભાવ છે
અને તે માધ્યસ્થ્યભાવ પાત્રવિશેષે
મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને ઉપેક્ષારૂપે પરિણમે છે.
રાગદ્વેષની અશુભ વૃત્તિઓ જીતવા માટે
જીવમાત્રને વિષે ચિંતાનો પરિણામ આવશ્યક જ નહિ,
કિન્તુ સમ્યગ્દૃષ્ટિ જીવને અનિવાર્ય છે.
તે પરિણામનો અભાવ અનન્તાનુબંધી કષાયને સૂચવે છે.
તત્ત્વાર્થ શ્રદ્ધાન થયા પછી જીવને
સ્વાભાવિક રીતે જ મૈત્ર્યાદિ ભાવો ઉત્પન્ન થાય છે.

મિથ્યાત્વ મોહનીય જવાથી જે આ જિનવચન સદ્દહણા
ઉત્પન્ન થાય છે, તેનું બીજું નામ 'આસ્તિક્ય' છે.

'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઈયં ।'

એ આસ્તિક્યનું લક્ષણ છે.

તે આપ્તવચન ઉપર નિઃશંક શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

રુચિર્જિનોક્તતત્ત્વેષુ ।

એ અનુકંપાદિ ભાવનો સૂચક છે.

અનન્તાનુબંધી કષાયોના ઉદય - ક્ષયોપશમાદિ
જીવને તત્ત્વરુચિ ઉત્પન્ન થાય છે, જે
અનુકંપાદિ નિર્વેદ, સંવેગ અને પ્રશમાદિ ભાવોનું કારણ છે.

જીવતત્ત્વની ઉપાદેયતારૂપિ મૈત્ર્યાદિ ભાવોને તથા
અજીવ તત્ત્વની હેયતા અને ભેદતારૂપી રુચિ
વૈરાગ્યાદિ ભાવોને ઉત્પન્ન કરે છે.

(૬૪) આ જગત દયાળુના અભાવે દુઃખી છે.
જીવોને આત્માનો બોધ ન થવાથી આત્માની
અનંત શક્તિ કે જે ગુપ્ત અને દબાયેલી પડી છે, તે
દયાળુ મહાત્માઓની સહાયથી જ પ્રાદુર્ભાવ પામી શકે છે.
તે કરુણાની દયા એ મહાન સદ્ગુણ છે.
તે જેનામાં હોય, તે જગતપૂજ્ય બને છે.

## નમસ્કાર મહામંત્રથી થતું હિત

નમસ્કાર એ સર્વ મંગળોમાં પ્રધાન મંગળ છે.
'મંગળ' એટલે હિતકર વસ્તુ.
આ જગતમાં જેટલી હિતકર વસ્તુઓ છે,
આત્માનું હિત કરનારી ચીજો છે,
તે બધી ચીજોમાં નમસ્કાર મહામંત્ર શ્રેષ્ઠ છે.
એનાથી જે હિત થાય છે,
તે બધી વસ્તુઓથી થતાં હિતથી ચઢીયાતું છે અર્થાત્
બાકી હિતકર વસ્તુઓથી થતું હિત પણ એનાથી થાય છે
અને બાકી બધી હિતકર વસ્તુઓ એકત્ર મળીને
જે હિત ન કરી શકે, તેવું આત્મજ્ઞાનરૂપી હિત પણ
નમસ્કાર મંત્ર વડે સરળતા થઈ શકે છે.
તે નમસ્કાર દ્રવ્ય - ભાવ ઉભયરૂપ છે.
દ્રવ્યનમસ્કાર ભાવનમસ્કારનું કારણ છે.
ભાવનમસ્કાર ઉપયોગયુક્ત હોય છે.
સમ્યગ્દૃષ્ટિનો તે ઉપયોગ સર્વજીવવિષયક હોય છે.
નિશ્ચયથી સર્વ જીવોનો સ્વભાવ અરિહંત સદૃશ છે,
તેથી એક અરિહંતનો નમસ્કાર જેમ
સર્વ અરિહંતોને પહોંચે છે,

તેમ ભાવથી અરિહંત સ્વરૂપ એવા
આત્માનો નિર્ણય સર્વ આત્માઓનો નિર્ણય બને છે.
અરિહંતોનું આત્મદ્રવ્ય તે જ જાણ સર્વ જીવોનું
આત્મદ્રવ્ય છે, તેથી અરિહંતનો નમસ્કાર
ભાવથી સર્વજીવવિષયક છે.
દ્રવ્ય તે ગુણપર્યાયયુક્ત છે, તેથી ભાવથી અરિહંતના
ગુણ કે પર્યાયને નમસ્કાર તે સર્વજીવવ્યાપી બને છે.
એ જ સાચો નમસ્કાર છે.
તેને 'અભેદ પ્રણિધાન' પણ કહે છે.
તે તાત્ત્વિક નમસ્કાર પણ કહેવાય છે, જે
સર્વ પાપોનો નાશક છે અને પ્રધાન મંગલસ્વરૂપ છે.
હિંસાદિ પાપસ્થાનો ભેદબુદ્ધિજનિત છે.
જીવવિષયક સમાપત્તિ - અભેદબુદ્ધિ તે
હિંસાદિ સર્વ પાપસ્થાનોના નાશમાં પરિણમે છે અને
પરમાત્મવિષયક સમાપત્તિ સર્વ વિકલ્પજાળને શમાવે છે
તથા દ્રવ્ય - ગુણ - પર્યાયને વિષે
એકતાની બુદ્ધિ કરી પરમાત્મપદ અપાવે છે,
તેથી તે જ ખરો નમસ્કાર છે.
બાકી બધા નમસ્કાર તેની પ્રાપ્તિ માટે છે.

(૨૫) નામાકૃતિદ્રવ્યભાવૈઃ પુનતસ્ત્રિજગજ્જનમ્ ।
ક્ષેત્રે કાલે ચ સર્વસ્મિન્ અર્હતઃ સમુપાસ્મહે ॥૨॥

સક્રિ: અરિહંતના નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ-
ત્રણે જગતને સર્વ ક્ષેત્ર અને સર્વ કાળ માટે
પવિત્ર કરનાર છે, તેથી તેમની સમ્યક્ પ્રકારે
અમે ઉપાસના કરીએ છીએ.

અરિહંતના નામ અને આકૃતિ પ્રસિદ્ધ છે, નામ અને આકૃતિ તેમનું બાહ્યસ્વરૂપ સમજવા માટે જરૂરી છે. તેમનું આંતરસ્વરૂપ તેમના દ્રવ્ય અને તેમના ભાવ વડે સમજાય છે. તેમનું આત્મદ્રવ્ય એ સર્વ જીવોનું આત્મદ્રવ્ય છે. તેમના આત્મભાવ એટલે કેવળજ્ઞાનાદિ ગુણો અને સિદ્ધત્વાદિ પર્યાય એ પણ અવ્યક્તપણે સર્વ જીવોનો પર્યાય છે, તેથી તે જો નિક્ષેપની ઉપાસનામાં અવ્યક્તપણે સર્વ જીવદ્રવ્યોની, તેમના શુદ્ધ ગુણ-પર્યાયોની ઉપાસના થઈ જાય છે. તે ઉપાસના ભેદ અને અભેદ-ઉભયનયને આવરી લે છે, તેથી સમ્યક્ ઉપાસના છે. ત્રણ જગતના જીવોને પવિત્ર કરે છે, એટલે ત્રણ જગતના જીવોમાંથી જે કોઈ જીવ તેની ઉપાસના કરે,

તેને પવિત્ર કરે છે, તેમાં પક્ષપાત નહિ અર્થાત્
તેઓ Universal - સર્વ કોઈના છે.

પ્રત્યેક ક્રિયામાં, કોઈપણ કાળે પ્રત્યેક જીવ નામાદિ નિક્ષેપ વડે અરિહંતની ભેદ - અભેદભાવે ઉપાસના કરે, તે જીવ પવિત્ર થાય છે અર્થાત્ તે સંસાર પર્યાયનો છેદ કરીને સિદ્ધ પર્યાયની પ્રાપ્તિ કરે છે.

ભેદનયથી અરિહંતોના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ-
સર્વ ત્રણે જગતના ઉદ્ધારનો માર્ગ બતાવનાર હોવાથી
ત્રણે જગતને તેમનું જીવન આદર્શરૂપ હોવાથી અને
દુર્ગતિમાં પડતા જીવોને આધારરૂપ, આલંબનરૂપ હોવાથી
પવિત્ર કરનાર અને સર્વ ક્ષેત્રો અને સર્વ કાળને
વિષે કાયમ રહેનાર હોવાથી

તેમની સાથે સમ્યક્ પ્રકારે ઉપાસના કરીએ છીએ.
સમ્યક્ પ્રકારે એટલે દ્વિવિધ ભેદનયથી નહિ પણ
અભેદનયથી પણ તેમની ઉપાસના કરીએ છીએ.
'ઉપાસના' એટલે ધ્યાન વડે તેમની નજીક બેસીએ છીએ
અથવા તેઓને અમારી નજીક - અંતઃકરણમાં લાવીને
આદર - બહુમાનપૂર્વક આરાધીએ છીએ.

ભેદનયની ઉપાસના (objective) બાહ્ય છે,

અભેદનયની ઉપાસના (Subjective) આંતર છે
અથવા પરમેષ્ઠિઓની દ્રવ્યપૂજા ભેદોપાસનારૂપ છે અને
ભાવપૂજા અભેદોપાસનારૂપ છે.
ભાવપૂજા પણ બે પ્રકારની છે:
ભાવનોપનીત માનસી પૂજા ગૃહસ્થોને હોય છે અને
કાયિકી ભાવપૂજા ચારિત્રવંતને હોય છે.
કાયિકી ભાવપૂજા એટલે કાયાથી પણ
કોઈ જીવની હિંસાદિરૂપ પીડા ન કરવી તે છે.
નિશ્ચયથી સર્વ જીવોમાં અરિહંતત્વ - પરમેષ્ઠિત્વ
ભાવિનયની અપેક્ષાએ અથવા
વર્તમાનમાં પણ આરોપિતપણે રહેલું છે.
(૨૬) સાધુની સેવા વિનયમાં અને
વિનયગુણ સદાચરણમાં પરિણામ પામે છે.
સદાચાર એ સિદ્ધિનું કારણ બને છે.
સિદ્ધિનો એ માર્ગ બતાવનાર અરિહંતો છે,
તેથી તેઓ પ્રધાન રીતે પૂજ્ય છે.
સેવાથી સમ્યગ્દર્શનની શુદ્ધિ થાય છે,
વિનયથી સમ્યગ્જ્ઞાનગુણની શુદ્ધિ થાય છે તથા
સદાચરણથી સમ્યક્ચારિત્રગુણની શુદ્ધિ થાય છે.

તે ત્રણેના સેવન માટે ઇચ્છાનિરોધ કરવો પડે છે, તે
તપગુણની શુદ્ધિ કરીને શુક્લધ્યાનમાં પરિણમે છે,
તેનાથી અરિહંતપદ અને સિદ્ધપદની પ્રાપ્તિ થાય છે.
સિદ્ધપદની પ્રાપ્તિ તે વીર્યગુણનો પૂર્ણ વિકાસ છે.

એ રીતે દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ અને વીર્ય-
એ પાંચ પ્રકારના આત્મગુણો અનુક્રમે
સાધુ, ઉપાધ્યાય, આચાર્ય, અરિહંત અને સિદ્ધ-
એમ પંચ પરમેષ્ઠિઓના આરાધનથી સુસાધ્ય બને છે.

સાધુની સહાયવૃત્તિ એટલે સેવાવૃત્તિ.
શ્રદ્ધા એ ગુણની સૂચક છે.

ઉપાધ્યાયોનો વિનય, આચાર્યોનો આચાર, અરિહંતોનો
ઉપકાર અને સિદ્ધનું અજરામર અવિનાશીપણું - એ
સાધકોનો સ્વભાવ બને, ત્યારે સાધના ફળવતી બને છે.
સામાન્યથી પણ નમવાનો ભાવ વખણાય છે, પરન્તુ તે
નમનભાવનો વિષય જ્યારે પરમેષ્ઠિ ભગવંતો બને છે,
ત્યારે નમનભાવ અત્યંત પ્રશસ્ત બને છે.

સેવાવૃત્તિ ક્રોધને જીતાવે, વિનયવૃત્તિ માનને જીતાવે,
સહાયકપણું માયાને જીતાવે અને
આત્મસમર્પણતા લોભકષાયને જીતાવે છે.

'માયા' એટલે છતી શક્તિનું નિગૂહન.
સદાચારમાં મળેલ બધી શક્તિ સ્વરસ ભાવે ફોરવવા
તે પંચાચારનું પાલન કરનાર આચાર્યોનું મુખ્ય કાર્ય છે,
તેથી માયાદોષ નિર્મૂળ થાય છે.

દુન્યવી પદાર્થોનો લોભ જીવને ત્યાં સુધી જ રહે છે કે
જ્યાં સુધી આત્માની અંદર રહેલ અનંત ઋદ્ધિનું દર્શન થતું
નથી. સિદ્ધપદનો નમસ્કાર આત્મઋદ્ધિનું દર્શન કરાવે છે,
તેથી બાહ્ય પદાર્થોની લોભકષાયરૂપી તૃષ્ણા શમી જાય છે
અને અનુપમ સંતોષવૃત્તિ પેદા થાય છે.

અરિહંત નમસ્કારથી મિથ્યાત્વમોહનીય અને સિદ્ધ તથા
સાધુને નમસ્કારથી કષાયમોહનીયનું નિવારણ થાય છે.

પ્રાપ્ત વસ્તુનો સદુપયોગ તે તેનું પાલન કે પોષણ છે.

પુણ્યની શુદ્ધિ એટલે તેનો અનુબંધ કરવા માટે
આશંસાદિ દોષોરૂપી મલિનતાને ટાળવા,
તેથી ઉત્તરોત્તર શુદ્ધિ થતી જાય છે.

આશંસાદોષ સાથે આસંગાદિ દોષ પણ મલિનતા ગણાય છે.

કષાયતાપથી તપ્ત, કર્મમલથી મલિન અને
તૃષ્ણારૂપી તૃષાતુર જીવને ક્યાંય શાંતિ નથી. વિશ્રાંતિનું
સાચું સ્થાન પરમેષ્ઠિઓને ભાવનમસ્કાર કરવો તે છે.

આત્માને સાચી વિશ્રાંતિ
મહામંત્રનું સ્મરણ, ચિન્તન અને ધ્યાન છે.
મહામંત્રના ધ્યાનમાં ચિત્ત પરોવાઈ જાય,
તો જીવ સાચી શાંતિ અનુભવે છે અર્થાત્
કષાયદાહ, તમિલ અને વિષયતૃષ્ણા છીપી જાય છે
તથા જીવ સ્વસ્વરૂપમાં વિશ્રાંત થાય છે.

(૨૭) <u>સાધનામાર્ગમાં બાહ્યવિઘ્નો</u>

<u>કુસંસર્ગ</u>: અહીં દરેક જાતની ખરાબ સોબત સમજવી,
પછી તે ખરાબ મનુષ્યોની, કુગ્રન્થની,
કુગુરુની, કુદેવની, કુશાસ્ત્રની, કુશબ્દની હોય તથા
કુવચન, કુવિચાર, કુભાવ, કુદૃશ્ય, કુતીર્થિકાદિ લઈ લેવા.
જળ જેવા રંગના સંસર્ગમાં રહે તે રંગનું બની જાય, તેમ
ચિત્તરૂપી જળ પણ સંસર્ગની અસર તળે આવી જાય છે.
કુસંસર્ગ એ કામક્રોધાદિ, માનમાયાદિ,
લોભમોહાદિ દોષોને ઉત્પન્ન કરે છે.
સત્સંગ એ મોટામાં મોટું આલંબન છે,
પછી તે સત્પુરુષનો, સદ્ગ્રન્થનો કે સદ્વિચારનો -
ગમે તે સદ્વસ્તુનો ટેકો જોઈએ.
[illegible] સદ્ગુણ કે દુર્ગુણ એકલો ટકતો નથી.

એક સદ્ગુણ કે દુર્ગુણની પાછળ
અનેક સદ્ગુણો કે દુર્ગુણોની હારમાળા હોય છે.
હૃદયમાં ઈર્ષ્યા હોય તો જીભમાં નિંદા હોય જ છે.
ધર્મક્રિયા પણ પ્રભુના ધ્યાનનો જ એક મંગળમય પ્રકાર છે.
ધર્મક્રિયા કરતી વખતે એ સદા ઉપયોગ હોય કે:
'તેને બતાવનાર અરિહંત ભગવંત
નિસ્તારણ કરુણાના ભંડાર છે'
તો તે ક્રિયા સ્વરૂપ ધ્યાન છે, ભક્તિપૂર્વકની બને છે.
ધર્મક્રિયાના મૂળમાં સર્વજ્ઞોનો ઉપદેશ છે,
ફળમાં સર્વજ્ઞપદની પ્રાપ્તિ છે તથા
ધર્મક્રિયાની મધ્યમાં સર્વજ્ઞ બનવાની પ્રક્રિયા છે.
રત્નત્રયની આરાધના એ સર્વજ્ઞ બનવાની પ્રક્રિયા
એટલા માટે છે કે જ્ઞાનથી રાગ જાય છે,
દર્શનથી દ્વેષ જાય છે અને ચારિત્રથી મોહ જાય છે.
ત્રણે જવાથી ઘાતીકર્મોનો ક્ષય, કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

(૨૮) અચિન્ત્ય ચિન્તામણિ એટલે...

વિના માગ્યે સુખ આપનારા, ઈચ્છિત પૂરનારા,
ચિન્તામણિ રત્ન આદિથી પણ અધિક ઉપમાવાળા,
પ્રશાન્ત અને ગંભીર સ્વભાવને ધારણ કરનારા.

સૂક્ષ્મ કે બાદર અર્થાત્ અલ્પ કે ઘણું.

'દુષ્કૃત મિથ્યા થાઓ' અર્થાત્

'ફરીવાર કદી પાપ ન કરું' તેવો પરિણામ જાગ્રત થાઓ.

'સંવિગ્ન' અર્થાત્ મોક્ષમાર્ગનો પક્ષકાર એટલે કે મોક્ષ, મોક્ષમાર્ગ અને મોક્ષમાર્ગસ્થિત સાધુપુરુષોનો પક્ષ કરનાર, સમ્યક્ રત્નત્રયવાળી સેવા - શુશ્રૂષાનો અભિલાષી.

સમ્યક્ રત્નત્રયરૂપ જીવનમાં તે તે ગુણો ઉતરે અને પરમ કલ્યાણની સાધનામાં હેતુભૂત મુખ્ય આલંબનરૂપ

'અશુભ કર્મોના અનુબંધો' અર્થાત્

અશુભ કર્મની પરંપરાઓ અથવા અનુભાવો કે વિપાકદાયક રસો મંદ પડે છે તથા સર્વ અશુભ કર્મોની સ્થિતિ, પ્રદેશ, રસ, દલિક આદિ અલ્પ ઓછા થાય છે.

'પ્રણિધાન' અર્થાત્ એકાગ્રતા કે કર્તવ્યતાનો નિશ્ચય.

સમ્યક્ - શાંતપણે પાંચ પરમેષ્ઠિની આરાધના કરવાથી ૫ વિષયો અને મિથ્યાત્વ સહિત ૪ કષાયો જીતાય છે, સમકીતના ૫ લક્ષણો અને ધર્મના ૫ લિંગો પ્રકટ થાય છે.

ભક્તિ, પ્રીતિ અને વોળાવો - એ ત્રણ કે મનશુદ્ધિ કરનાર રેચક પદાર્થો એ ઊંચે ચઢવા માટે નિસરણી અથવા પુણ્યાનુબંધી પુણ્યની ઉપાદેયતાના ઉદાહરણો છે.

'અશુભ કર્મ' એટલે...

અઢાર પાપસ્થાનક, ક્રોધ - માન - માયા - લોભ,
ઈર્ષા, અસૂયા, દ્વેષ, માત્સર્ય, હિંસા, ક્રૂરતા, કૃતઘ્નતા,
સ્વાર્થપરાયણતા અને રાગાદિ દુષ્ટભાવોથી બંધાતા કર્મ.

(૭૯)આત્મસમાપત્તિ સર્વ પાપનાશક છે. પરમાત્મ-
સમાપત્તિ સર્વ શ્રેષ્ઠ મંગળસ્વરૂપ, હિતસ્વરૂપ છે.
એનામાં અનર્થનો પ્રતિઘાત અને ભાવમાં અર્થની પ્રાપ્તિ છે.

આત્મસમાપત્તિ એટલે ભવરાશિ સાથે ચૈતન્ય.

સામાન્યથી આત્મસમાપત્તિ એટલે એકતાનો અનુભવ અને

પરમાત્મસમાપત્તિ એટલે પરબ્રહ્મ.

કેવળજ્ઞાન - કેવળદર્શન આદિ પરમાત્માના ગુણો અને
વિશુદ્ધ પર્યાયો સાથે એકતાનું મિલન તથા વિશેષથી
આત્મસમાપત્તિ એટલે પરમાત્મસ્વરૂપે આત્માનું ભાવન.

એનાથી અહિંસાદિ ધર્મોની ઉત્પત્તિ અને
ભાવથી શુદ્ધ આત્મસ્વરૂપની અનુભૂતિ થાય છે.

ચૈતન્ય સામાન્યનું પ્રત્યક્ષ ઓંકાર છે.

નિરાવરણ - ચૈતન્યવિશેષનું પ્રત્યક્ષ અર્હંકાર છે, તેથી
'ૐ અર્હં' એ સર્વશ્રેષ્ઠ મંત્ર છે.

ૐકાર વડે અનાહત નાદની અનુભૂતિ અને

અર્હંકાર વડે અનાહતનાદ - વાચ્ય અવ્યક્ત એવા
પરમાત્મસ્વરૂપની અનુભૂતિ એ લક્ષ્ય છે.
આત્મા અને પરમાત્માની એકતા એ
રહસ્ય - ગુહ્ય છે, ઐદંપર્ય છે, ધ્વનિત અર્થ છે.
નિશ્ચયનયથી એ એકતા હોવાના કારણે જ
ધર્મ પ્રત્યેનું ભવ્યોને આકર્ષણ છે.
મૂલોત્તર ગુણોનું પાલન અને સર્વ પ્રકારના બાહ્યાંતર
અનુષ્ઠાન તાત્ત્વિક એકતા હોવાના કારણે સાર્થક છે.
એ એકતાની અનુભૂતિને આડે આવનાર અવરોધોને
રોકવા માટે સાવદ્ય વ્યાપારમાત્રનો ત્યાગ અને
શક્તિ - સામગ્રી અનુસાર
નિરવદ્ય વ્યાપારોનું સેવન વિહિત છે.
એથી અવરોધો રોકાય છે તદુપરાંત
સકલ અનુકૂળતાઓ પણ આવી મળે છે,
તેથી પરંપરાએ તે અનુષ્ઠાનો પણ વિહિત છે.
ૐકાર વડે આત્મસમાપત્તિની તથા
અર્હંકાર વડે પરમાત્મ સમાપત્તિની અનુભૂતિ થાય છે.
(૨૦) પંચ પરમેષ્ઠિઓમાં નવપદો અને
નવતત્ત્વોનો સંગ્રહ થઈ જાય છે.

નમસ્કારમાં મૈત્ર્યાદિ અને
અનિત્યત્વાદિ ભાવનાઓનો સંગ્રહ થઈ જાય છે.
ક્ષાન્ત્યાદિ દશવિધ યતિધર્મોમાં
અહિંસાદિ મહાવ્રતો અને ક્ષમાદિ સદ્ગુણ આવી જાય છે.
મૂળમંત્રમાં દશવિધ યતિધર્મ, તેના પાલક એવા મુનિવર્ગ,
તેનું ફળ પામનાર સિદ્ધાત્માઓ તથા
તે બધાના સ્વરૂપને સૌ પ્રથમ દર્શાવનાર
અરિહંત ભગવંતોનો સમાવેશ થઈ જાય છે.
ચૂલિકામાં તે બધા પ્રત્યે આદરભાવ, રૂચિ અને પ્રેમ
તથા ભક્તિ અને બહુમાન વ્યક્ત કરનાર
નિજ તથા પર - એમ ઉભય આત્માનું ચિન્તન થાય.
તે સમયે પોતાનો આત્મા જ નમસ્કારમય બને છે,
એના પ્રભાવે પરમેષ્ઠિઓ અને
તેમના ગુણોની સાથે અભેદાનુભવ કરે છે.
એ અનુભૂતિ ભવને શિવ - વ્યક્તિને પરમેષ્ઠિ બનાવે.
જિનેશ્વરોનું આત્મદ્રવ્ય એ જ
સર્વ જીવોનું આત્મદ્રવ્ય છે અને કેવળજ્ઞાનાદિ
જિનેશ્વરના ભાવ એ જ સર્વ જીવોના શુદ્ધ ભાવ છે.
એ રીતે ચાર નિક્ષેપ વડે થતી પંચપરમેષ્ઠિની ભક્તિ

ત્રણ લોકના જીવોને સર્વ કાળ - ક્ષેત્રોમાં પવિત્ર કરે છે.
તે ભક્તિ દ્રવ્ય અને ભાવ - ઉભયરૂપ છે,
દ્રવ્યભક્તિ બાહ્યદ્રવ્યથી ભાવભક્તિ માનસક્ષેત્રમાંથી થાય.
સં.૨૦૨૬, મહા વદી ૫, ગુરુ, શ્રી શાંતિનાથ પ્રાસાદ, સાંડેરાવ

(૨૯) વ્યવહારનય તીર્થને અને નિશ્ચયનય તત્ત્વને કહે છે.
'તત્ત્વ' એટલે આત્મા - સ્વ, 'તીર્થ' એટલે પરમાત્મા - પર.
પરમાત્માનો દ્રવ્યનિક્ષેપ ચૈતન્ય પરમાત્માત્મ
રૂપ જ નિશ્ચયનયથી નિજ આત્મતત્ત્વ છે.
સ્વભિન્ન પરપદાર્થ જિનમૂર્તિ - જિનાગમ આદિ તો
તીર્થ છે જ, પરન્તુ નિશ્ચયનયથી સ્વભિન્ન પદાર્થમાત્ર
કે જે શુભ વિચારધારામાં નિમિત્તભૂત બને છે,
તે પણ ઉપલક્ષણથી તીર્થ જ છે.
સ્વઅભિન્ન તે તત્ત્વ અને સ્વભિન્ન તે તીર્થ.
સ્વઅભિન્ન શુદ્ધ આત્મતત્ત્વ એ
નિશ્ચયનયથી પરમાત્માનો જ દ્રવ્યનિક્ષેપ છે.
સ્વભિન્ન સકલ જગત એ શુભ વિચારણામાં
જ્યારે જ્યારે નિમિત્તભૂત બને, ત્યારે ત્યારે
તે તીર્થ છે અર્થાત્ જીવને ભવસમુદ્રમાંથી તારનારું છે,
માટે આદરણીય છે, બહુમાનની નજરે જોવા યોગ્ય છે.

સ્વપ્નાને સત્ય માનવું તે તુલાવિદ્યા અને
જાગ્રતને સાચું માનવું તે મૂલાવિદ્યા છે.
વ્યવહારનયથી જે સત્ય છે,
તે પણ નિશ્ચયનયથી અસત્ય છે.
પ્રપંચમાં સત્યત્વની બુદ્ધિ તે મૂલાવિદ્યા, જેમકે દોરડામાં
દોરડાની જ બુદ્ધિ પણ દોરડામાં સર્પની બુદ્ધિ એ તુલાવિદ્યા.
વ્યવહારને ત્રૈકાલિક સત્ય માનવું તે મૂલાવિદ્યા અને
વ્યવહારને તત્કાળ પૂરતું સત્ય માનવું તે તુલાવિદ્યા.

વાચ્યાર્થ — લક્ષ્યાર્થ

નમો अरिहंताणं | નિશ્ચયથી અરિહંત મારો આત્મા છે.
નમો सिद्धाणं | નિશ્ચયથી સિદ્ધ મારો આત્મા છે.
નમો आयरियाणं | નિશ્ચયથી આચાર્ય મારો આત્મા છે.
નમો ઉવજ્ઝાયાણં | નિશ્ચયથી ઉપાધ્યાય મારો આત્મા છે.
નમો લોએ સવ્વસાહૂણં | નિશ્ચયથી લોકને વિષે રહેલાં સર્વ સાધુઓ મારો આત્મા છે.
એસો પંચ નમુક્કારો | પાંચને કરેલો આ નમસ્કાર તે મારો આત્મા છે.
નિશ્ચયથી આ નમસ્કાર સર્વ પાપોનો સમૂળ નાશ કરનારો અને સર્વ દ્રવ્ય - ભાવ મંગળોમાં આ પ્રધાન મંગળ છે.

સમ્યગ્દૃષ્ટિનો આ નમસ્કાર સ્વપર્યાયરૂપ છે.
સ્વપર પર્યાયનો જ્ઞાતા તે સમ્યગ્દૃષ્ટિ છે.
વ્યવહારથી અરિહંતના નામ, આકૃતિ, દ્રવ્ય અને ભાવ
- તે સર્વ પણ પરપર્યાય છે.
નિશ્ચયથી સ્વપર્યાય અરિહંતના દ્રવ્ય-ગુણ-પર્યાયનો
ઉપયોગવાળો નિજ આત્મા તે અરિહંત છે અને
તે જ સ્વપર્યાય છે.
'પોતામાં સ્વપર્યાયનું અસ્તિત્વ તથા પરપર્યાયનું
નાસ્તિત્વ છે' એમ સમ્યગ્દૃષ્ટિ આત્માને યથાર્થ જ્ઞાન
હોય છે, તેથી અરિહંતના ઉપયોગવાળો નિજ આત્મા
તે અરિહંતસ્વરૂપ છે, તે જ સિદ્ધસ્વરૂપ છે,
આચાર્ય - ઉપાધ્યાય અને સાધુસ્વરૂપ છે.
તે પાંચેને કરેલો નમસ્કાર પણ આત્માનો સ્વપર્યાય છે,
તે સિવાય બધાં પરપર્યાય છે.
'પરપર્યાયોનું પોતામાં નાસ્તિત્વ છે,
અરિહંતસ્વરૂપ સ્વપર્યાયનું પોતામાં અસ્તિત્વ છે'
એવું યથાર્થ જ્ઞાન જેને છે, તે સમ્યગ્દૃષ્ટિ છે.
એવા સમ્યગ્દૃષ્ટિનું દ્રવ્ય-ગુણ-પર્યાયથી અરિહંતનું
જ્ઞાન અને ધ્યાન તે પાપનાશક અને મંગળોત્પાદક છે.

આવા સ્થિર બુદ્ધિવાળા આત્માનો નમસ્કાર મંત્રનો જાપ,
ધ્યાન, સ્મરણ, પાઠ વગેરે જ્યારે ઉપયોગયુક્ત થાય છે,
ત્યારે તે ભાવનમસ્કાર બને છે, જે
નિશ્ચય નમસ્કાર થાય છે, અદ્વૈત નમસ્કાર ગણાય છે,
તે નિર્વિકલ્પ ચિન્માત્ર સમાધિરૂપ હોવાથી
કર્મનાશક છે, મોક્ષસાધક છે.

(૨૨) 'નિર્વિકલ્પ - ચિન્માત્ર - સમાધિઃ ।'

બ્રહ્મને જાણનારો નિર્વિકલ્પ અને ચિદાકાશરૂપ થઈને રહે છે.
બ્રહ્માનું શરીર મનોમય છે, સંકલ્પમય છે,
ચિદાકાશના ચમત્કારરૂપ છે, પરબ્રહ્મમાં સ્ફુર્યા કરે છે.
તે જ્ઞાનસ્વરૂપ - શક્તિસ્વરૂપ - આનંદસ્વરૂપ છે.
જે સમષ્ટિ મન છે, તે બ્રહ્મા છે.
પરબ્રહ્મના સંકલ્પનું જ તે કાર્ય છે.
મનને અને જગતને જુદાં પાડી શકાય જ નહિ. જો
દૃશ્યરૂપી દુઃખ સાચું હોય, તો તેને દૂર કરી શકાય જ નહિ.
સાચી વસ્તુ શાશ્વત અને ખોટી વસ્તુ આગંતુક હોય છે,
આગમાપાયી - આવનારી અને ચાલી જનારી હોય છે.
નિરાકાર - નિર્વિકાર ચૈતન્યમાં
પદાર્થોનો આભાસ કરાવનાર વસ્તુને 'મન' કહેવાય.
મન એ જ સંકલ્પ અને સંકલ્પ એ જ મન છે.

# મનરૂપી પિશાચની શાંતિ માટેનો મંત્ર

હંમેશા આ સત્યને મનમાં સ્થિર કરો કે
પારમાર્થિક દૃષ્ટિએ આકાશ, પૃથ્વી, તેજ, વાયુ, જળ,
હું, તું વગેરે જે જગતરૂપે દેખાય છે, તે છે જ નહિ.
જે જોવામાં આવે છે, તે
અજર, અમર, સચ્ચિદાનંદરૂપ પરબ્રહ્મ જ છે.
આ સર્વ દૃશ્ય શાંત, નિરાકાર બ્રહ્મમાં પ્રકૃતિરૂપે પ્રસરે છે.
બ્રહ્મમાંથી ઉદય પામેલા સર્વ પદાર્થો બ્રહ્મરૂપ જ છે.
દ્રષ્ટા, દૃશ્ય, દર્શન, જ્ઞાતા, જ્ઞેય, જ્ઞાન, પ્રમાતા, પ્રમેય, પ્રમાણ
- આ કોઈની સત્તા બ્રહ્મથી ભિન્ન નથી.
બ્રહ્મ સર્વત્ર તે પૂર્ણ અને સર્વશક્તિમાન છે.
જે વસ્તુ ત્રણે કાળમાં એક જ સ્થિતિમાં રહે તે સત્ય
અને જેમાં પરિવર્તન થયા કરે તે મિથ્યા.
આ અર્થમાં જ જગતને મિથ્યા કહેવામાં આવે છે.
સ્થાયી તત્ત્વને સત્ય કહેવામાં આવે, તો તેના
વિરોધી તત્ત્વને ભેદ દર્શાવવા માટે અસત્ય કહેવું જોઈએ.
બાકી પરબ્રહ્મ જ જગતનું અભિન્ન નિમિત્ત અને
ઉપાદાન હોવાથી જગત બ્રહ્મસ્વરૂપ જ છે,
જગત એ બ્રહ્મનું ચલ સ્વરૂપ અને
બ્રહ્મ એ જગતનું અચલ સ્વરૂપ છે.

'उत्पाद - व्यय - ध्रौव्य युक्तं सत् ।'
આ જગતના સર્વ પદાર્થો નિશ્ચય છે,
છતાં આત્માની સત્તાથી જ તે સત્તાવાન જણાય છે,
જેમ અગ્નિના સાંનિધ્યથી ઘી પીગળે છે તથા
ચુંબકના સાંનિધ્યથી લોહ આકર્ષાય છે તેમ.
પરમાત્મા શુદ્ધ જ્ઞાન - અધિષ્ઠાન સ્વરૂપ છે. પ્રત્યેક
માનવ તત્ત્વદૃષ્ટિએ અજર છે, અમર છે, જ્ઞાનસ્વરૂપ છે,
શાન્ત સ્વરૂપ - આનંદસ્વરૂપ છે, સર્વ રીતે પરિપૂર્ણ છે.
સ્વસ્વરૂપમાં ચિત્તની વિશ્રાંતિ વિના
એ પરમાત્માને ઓળખવાનું બીજું કોઈ સાધન નથી.
જ્ઞાન એટલે અનુભવ.
માનવને એમ અનુભૂતિ થાય કે
'હું આત્મા છું, મન અને શરીર મારાં કરણો છે' અને
આ અનુભૂતિમાં નિષ્ઠા બંધાય, ત્યારે જ્ઞાન થયું કહેવાય.
જેણે સર્વ પ્રકારની કામનાઓ અને આસક્તિની ઉપર
વર્ચસ્વ મેળવ્યું હોય અને જેની સમદૃષ્ટિ હોય,
તે જ 'સંત' કહેવાય.
વિચારો પ્રમાણે આચરણ કરવામાં ન આવે,
તો તે વિચારોની કશી જ કિંમત નથી.

આધ્યાત્મિક જીવનમાં આચરણ એ જ મુખ્ય વસ્તુ છે
અને બ્રહ્મવિદ્યા જ સઘળી વિદ્યાઓમાં મુખ્ય વિદ્યા છે.
તેનાથી જ માયાના બંધનમાંથી મુક્તિ મળે છે અને
માયા ઉપર આધિપત્ય પ્રાપ્ત થાય છે.
તેનાથી જ અનિત્ય, અશુચિ, સર્વાત્મભાવ અને
નાશવંત પદાર્થો પ્રત્યે અનાસક્તિ પેદા થાય છે.
આ સંસારમાં આસક્ત પુરુષ - જીવ 'પશુ' કહેવાય છે,
કારણકે તે માયાબદ્ધ છે.
આવી અવસ્થાની જે બદ્ધ જીવ સંસારમાં સદા
દુઃખ ભોગવ્યાં કરે છે, જન્મ - મરણને આધીન રહે છે.
તત્ત્વદૃષ્ટિએ તો જીવ નિરાકાર છે પણ
અજ્ઞાનગ્રસ્ત હોવાથી દુઃખનાં જ પાત્રરૂપ છે, તેથી તેવા
અવિદ્યાને આધીન દશામાં તેને ચૈતન્યમાત્ર કેમ કહેવાય?
જ્યારે તેને સઘળાં કારણોનાં કારણરૂપ એવા
પરમ સ્વરૂપનો અનુભવ થાય અને તેની સાથે તાદાત્મ્ય
સંબંધ બંધાય, ત્યારે તેની જડતા ચાલી જાય છે,
દેહાધ્યાસરૂપી ગાંઠ છૂટી જાય છે, સર્વ સંશયો ટળે છે
તથા સર્વ કર્મો ભસ્મીભૂત થાય છે.
વિષયો પ્રત્યેનું આકર્ષણ આ વિવેકથી જ જાય છે.

જો પરમ દેહના સાંનિધ્યથી જ મુક્તિ થાય છે, તો એ પરમ દેહ ક્યાં રહે છે? એ દેહ બિલકુલ દૂર નથી. તે તો સર્વ શરીરમાં ગુપ્ત રીતે નિવાસ કરી રહે છે. એની શક્તિથી જ દેહ, મન, બુદ્ધિ આદિ (સર્વ) કરણો સર્વ ક્રિયાઓ કરે છે. એ દેહ ચૈતન્ય માત્ર જ છે.

સઘળું જગત એ દેહમય જ છે,<br>
સર્વજ્ઞ છે, સર્વવ્યાપક છે.

જગતની અંદર, બહાર, સર્વની અંદર અને સર્વથી પર છે.
દેહબુદ્ધિ રાખવી તે ભ્રમ - આત્મબુદ્ધિ રાખવી તે સત્ય છે.

આત્મારૂપે જગતને નિહાળીશ,<br>
તો દ્વંદ્વ - શોક રહેશે નહિ.

સ્વપ્નમાંથી જાગી જતાં જેમ ખુલ્લા નેત્રે જોવાથી સ્વપ્નના પદાર્થો દેખાતા નથી, તેમ અજ્ઞાનનિદ્રામાંથી જાગીને અંતર્દૃષ્ટિથી જુએ તો પ્રમાદનિદ્રા ઉડી જાય છે. આ જ સાચું બ્રહ્મમુહૂર્ત છે. માર્ક્સના પરિસ્થિતિવાદમાં, મનોવિશ્લેષણના વિકૃત મનોગ્રંથિવાદમાં કે નિયતિવાદમાં આત્મસ્વાતંત્ર્ય અને ઇચ્છાસ્વાતંત્ર્યને સ્થાન રહેતું નથી.

कुठारमालिकां दृष्ट्वा कम्पन्ते सकला द्रुमाः ।<br>
वृद्धस्तरुरुवाचेदं स्वजातिर्नैव दृश्यते ॥

(પરિશિષ્ટ-૧૩)

ઉપનિષદ્ = રહસ્ય, શાસ્ત્રોનું અને જ્ઞાનનું.

उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।
आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥५॥

અર્થાત્: જ્ઞાનયુક્ત મન જ જીવાત્માનો મિત્ર છે અને
જ્ઞાનરહિત મન જ જીવાત્માનો શત્રુ છે.
વિવેકયુક્ત મન વડે આત્માનો ઉદ્ધાર કરવો જોઇએ.

પરિસ્થિતિ સરળ...

લાખ પચાસ લોકોની ઇચ્છાશક્તિએ નિર્ણય કર્યું તે.
તેમ જ લાખ લોકોની ઇચ્છાશક્તિ સાથે
મારી ઇચ્છાશક્તિ લડવા ઊભી થઈ.
જો મારી એકલાની ઇચ્છાશક્તિ અસમર્થ હોય,
તો મારે એક જૂથ બનાવવું જોઇએ,
જેથી આખા જૂથની ઇચ્છાશક્તિ તેના જોડે લડી શકે.
ઇચ્છાશક્તિ એ માનવતાની પાછળ
ઊભી રહેલી અગાધશક્તિ છે.
‘પ્રભુની ઇચ્છા હશે, ત્યારે તે મને સારા માર્ગે ચઢાવશે’
એ પણ બરાબર નથી.
પ્રભુ જરૂર મને મદદ કરશે,
મારી હાથ પકડશે પણ ઇચ્છા મારે કરવી જોઈશે.

ઊગવું મારે જ થવાનું છે, એની જવાબદારી મારી જ છે.
'જાતે જવાબદાર છે' આ કલ્પના ક્રાન્તિ છે, જેનાથી
કુટુંબ - સમાજ, આધિભૌતિક - આધ્યાત્મિક વિકાસ જાગે છે.
'મારા અધઃપતન કે ઊર્ધ્વગતિ માટે જવાબદાર હું જ છું'
આ માન્યતા જ્યારે દૃઢ થશે, ત્યારે જ ઉન્નતિ છે.
'કોઈ આવશે અને મને ફૂંક મારીને ઉપર લઈ જશે' એવું
મૃગજળ પાછળ દોડવાનું ગાંડપણ આપોઆપ મટી જશે.

(23) हर + अहम् = हरहम्.

તે 'આ મધ્યભાગ છે' એવો અર્થ સૂચવે છે.
अ + ह = મૂળાક્ષરનો પહેલો અને છેલ્લો વર્ણ.
તે બેનો સમાગમ શું સૂચવે છે?
'अहं'માં સર્વનો સમાવેશ થઈ જાય છે.
આમ અહં એ વસ્તુતઃ આત્માનો જ નિર્દેશ છે.
દરેકના સદ્રૂપનો આધાર પણ તે જ છે.
અહંવૃત્તિ વ્યાપાર મુજબ અનેક રૂપો ધારણ કરે છે.
બંધન, જીવ, સૂક્ષ્મ શરીર, અહંકાર, સંસાર, મન આદિ
નામોથી તે ઓળખાય છે. ખરું જોતાં તે ચિદ્ - જડગ્રંથિ છે.
પૂર્ણ ચિત્ અને જડ દેહ વચ્ચે જે ગ્રંથિ છે,
તે ચિદ્ - જડગ્રંથિ કહેવાય છે.

અંતઃવૃત્તિનું મૂળ શોધતાં તે ચિત્-જડગ્રંથિનો ચિત્ અંશ છે.
એ ગ્રંથિનો છેદ થતાં જ પૂર્ણ ચૈતન્યની અનુભૂતિ થાય.

જ્ઞાનીની સદા જાગ્રત દશા રહે છે, કારણકે
તે અવિનાશી આત્મરૂપ વિષે જાગ્રત રહે છે.
જ્ઞાનીની નિત્ય સ્વપ્નાવસ્થા રહે છે, કારણકે
તેને જગત ઘડીકમાં દૃશ્ય અને ઘડીકમાં
અદૃશ્ય થતાં સ્વપ્ન જેવું લાગે છે.
જ્ઞાનીની નિત્ય સુષુપ્ત દશા રહે છે, કારણકે
તે સદાકાળ - દેહભાનરહિત રહે છે.
મનની ત્રણે દશાઓથી જે અતીત છે, અવિકારી છે,
'અહમસ્મિ'ના અનુભવનો મૂળાધાર છે,
તે જ સનાતન પ્રવચન છે.

બુદ્ધિમાન માટે સમગ્ર વિશ્વ અનંતજ્ઞાનનો એક કોષ છે.
વિરાટ ધોરણે ચાલતા આ વિશ્વના તંત્રમાં આપણે તો
માત્ર એક નાનકડા અને નજીવા ભાગ જેવા છીએ.
'વિશ્વની આ રચના પાછળ આશય, આયોજન અને
નિશ્ચિત ક્રિયા છે' એ સત્યનો સ્વીકાર કરવા તથા
એની સાથે લયબદ્ધ બનવા પ્રયાસ કરવો જોઈએ,
કદી એની ફરિયાદ કે સામનો ન કરવો જોઈએ.

વિશ્વનું આયોજન સૌથી મોટી વસ્તુ છે.
આપણા સંગાત રાગ-દ્વેષનો કોઈ અર્થ નથી.
હંમેશા એમ જ વિચાર કરો કે આ જીવન સુંદર છે.
આ વિશ્વ સર્વોત્કૃષ્ટ શિલ્પીની કલાકૃતિ છે.
એ શિલ્પી તે જ પ્રકૃતિ.
વિશ્વની રચનામાં ગણિતસભર સંવાદ છે.
જે કાંઈ જેવું હોવું જોઈએ, તેવું જ અહીં છે.
જે કાંઈ છે તેનો આશય સર્વોત્તમ છે, અહીં થોડો પણ
વિપર્યાસ થાય તો સમગ્ર વિશ્વનો વિકાસ અટકી જાય.
આ વિશ્વમાં કાંઈ પણ દુષ્ટ નથી અને અનિષ્ટ નથી.
મહત્ત્વની બાબત છે આગળ વધવાની તથા
સત્યના સુવર્ણિમ દ્વાર તરફ આરોહણ કરવાની.
પ્રકૃતિની આ પરમ આશા છે કે
વિકાસ, વિકાસ અને સતત વિકાસ કરો.
આ જીવન અને જગત ખરેખર સુંદર છે.
તમારી એક બે જો મહત્ત્વાકાંક્ષાઓ અધૂરી રહે,
તો અહીં શું થઈ ગયું ?
કોઈ એક વધુ ઉચ્ચ સત્તા છે,
તેમાં શ્રદ્ધા ધરાવવી જોઈએ.

જેણે નારિયેળમાં મિષ્ટ જળ ભરેલ છે,
કરોળિયાની જાળમાં પુનરાવર્તન પામતી
એકસરખી રચના કરેલી છે, દાડમમાં [illegible] મૂક્યા છે,
બાગીચામાં શતદલ પ્રકારો મૂક્યો છે,
અસંખ્ય છીપો અને શંખલાઓમાં વિવિધ રંગો અને
આકૃતિઓ રચેલ છે, અદ્ભુત કારીગરીવાળા પુષ્પોમાં
વિવિધ રંગો, સુગંધ અને સુંદર આકૃતિઓ રચેલ છે,
વિવિધ ઋતુઓના વિવિધ સ્વાદો રચેલ છે.
વિશાળ અવકાશમાં વ્યોમગંગા, નેબ્યુલાઓ અને
દ્વીપો જેવા પદાર્થો વિશ્વને ભ્રમણા ઉત્પન્ન કરાવે છે.
જેના ઉપર સમગ્ર વિશ્વતંત્ર ચાલે છે, એ
પ્રકૃતિના શાશ્વત નિયમોને શરણે આપણે જવું જોઈએ.
આ વિશ્વમાં એક શાશ્વત રાજબંધારણ છે અને
એ પરમ શાસન માટે મહત્ત્વનું પ્રધાનમંડળ પણ છે.
આ શાસન સર્વોચ્ચ છે, રાજકીય દૃષ્ટિએ સંપૂર્ણ છે,
વૈજ્ઞાનિક દૃષ્ટિએ પ્રભુત્વસંપન્ન છે,
રાજબંધારણીય દૃષ્ટિએ ભ્રષ્ટાચારરહિત છે અને
આર્થિક દૃષ્ટિએ નિષ્ણાત છે. આ સર્વોચ્ચ શાસનમાં
આત્મશાસન - autogoverning power છે.

પ્રકૃતિમાં પોતાનું જ ધારાધોરણ છે,
પોતાની જ વ્યવસ્થા અને પોતાનું જ સ્વશાસન છે.
એનો આશય શો છે ? સહુ કોઈનું કલ્યાણ.
અહીં ન્યાયનો નિયમ પ્રવૃત્ત છે.
પ્રકૃતિના પ્રત્યેક કાર્ય ન્યાયી છે.
સર્વ શક્તિશાળી સંકલ્પબળ સાથે પોતાના
સંકલ્પને જોડવા દેવાથી બીજું બળ પ્રાપ્ત થાય છે.
ઋષિ પુરુષો બહારથી નિષ્ક્રિય જણાતા હોય,
તો પણ તેઓ તમામ ચૈતન્યમય ક્રિયાઓને પોતાના
સંકલ્પબળથી શક્તિ પૂરી પાડનારા પાવરહાઉસ જેવા છે.
એકાંત, મૌન, શાંતિ, અનાસક્તિ,
પ્રાર્થના અને ધ્યાનની શક્તિ વિદ્યુત, ચુંબકત્વ અને
ગુરુત્વાકર્ષણની શક્તિથી પણ અધિક બળવાન હોય છે.
એ રહસ્યમય શક્તિના દ્વાર અશ્રદ્ધાળુ માટે બંધ હોય છે.
એ શક્તિ પ્રત્યે સમર્પણના
સિદ્ધાંતથી વધુ શક્તિશાળી કોઈ જ નથી.
Law of gravitation કરતાં પણ
Law of surrender અને
Law of Submission વધુ બળવાન છે.

પ્રભુત્વસંપન્ન શાસનના બંધારણ તથા મહત્વના પ્રધાન મંડળ સાથે બિનશરતી સમર્પણ એ સર્વોચ્ચ શાણપણ છે. માનવજાતિએ આ શાણપણ એક દિન અવશ્ય શીખવું પડશે.

આપણે સ્વતંત્ર સંકલ્પમાં માનવું જોઈએ
અને સાથે શાશ્વત શાસનની સર્વસ્પર્શી સત્તામાં પણ
આપણને અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ.
king commits no wrong અર્થાત્
પ્રકૃતિ કદી ખોટું કરે જ નહિ.
તેનો માર્ગ કદી ખોટો હોય નહિ.

પ્રકૃતિ જે માર્ગે આગળ વધવાનું પસંદ કરે છે, તે અંતિમ સત્ય છે, તેને final cause અથવા supreme truth તરીકે માનવું-સ્વીકારવું જોઈએ. આપણે કેવળ સ્થૂલ કર્મની નિષ્ઠા ન કરવી જોઈએ પણ આપણે એવા રચનાત્મક રીતે શાંત રહેવું જોઈએ કે
જેથી આપણાથી ઊંચી સત્તા આપણામાં પણ
પોતાની જ રીતે આગળ વધી શકે.

મનને તમામ બાજુએથી ખુલ્લું રાખવું જોઈએ, કારણકે સત્ય કોઈપણ દિશાએથી આવવાનો સંભવ છે.
સર્વ પ્રકારના વધુ ઊંચા સત્યો સાથે
સંપર્ક સાધવાનો ઈલાજ છે - મૌન.

આનંદની લગન દરેક ઊંડા મૌનમાં ખોવાઈ જવું જોઈએ,
મૌન અને ધ્યાનની શક્તિ કેવી રીતે છે, તે અનુભવથી
સમજવું તથા શીખવું જોઈએ. આમાં તર્ક નિરર્થક છે.

(૨૩). મનુષ્યની શોભા છે સત્ય અને પ્રિય વચન.
વચનની શોભા છે દેવ-ગુરુની ભક્તિ તથા સ્તુતિ.
દેવ-ગુરુની ભક્તિ અને સ્તુતિની શોભા છે
સ્વરૂપનું આત્મજ્ઞાન.
સ્વરૂપ આત્મજ્ઞાનની શોભા છે સમતા અને શાંતિ.
સમતા અને શાંતિનું ફળ છે મોક્ષ અને નિર્વાણ.

(૨૪) ધર્મ = ઈશ્વરની સત્તા તથા એની દયામાં શ્રદ્ધા રાખવી.
એ શ્રદ્ધાથી મનુષ્યમાં ધૈર્ય આવે,
સહન કરવાની અને ત્યાગ કરવાની શક્તિ આવે.
એને લીધે જીવનનો મહિમા સમજાય અને
'એણે રચેલું વિશ્વ એક આખું કુટુંબ છે' એવું ભાન થાય.
અહીં ઈશ્વર = આત્મા અને દયા = તેનું સામર્થ્ય.
આત્મસામર્થ્ય ઉપર શ્રદ્ધા થવાથી આપોઆપ સહન
કરવાની અને ત્યાગ કરવાની શક્તિ આવે છે અને
'પોતાના આત્મા જેવો જ આત્મા બધાનો છે' એવું
સમજાતાં 'સમગ્ર વિશ્વ એક કુટુંબ છે' એવું ભાન થાય છે.

વિશ્વકુટુંબના ભાવમાંથી જીવનનો મહિમા સમજાય છે.
શુદ્ધ ચૈતન્ય એક અને અભિન્ન છે,
જેને ઉપનિષદો 'પ્રજ્ઞાન' કહે છે.
પ્રજ્ઞાન જ બ્રહ્મ છે અને બ્રહ્મ જ પ્રજ્ઞાન છે.
અજ્ઞાની હૃદય ચૈતન્યનું પ્રતિબિંબ જ જુએ છે.
પોતે પૂર્ણ બ્રહ્મરૂપ હોવા છતાં અજ્ઞાની આ પ્રતિબિંબ
જોઈને સદા ભ્રમ સેવે છે કે પોતે એક અલ્પ જીવ છે.
તેનું મન બાહ્યમુખ પ્રવૃત્તિમાં જ ગૂંથાયેલું રહે છે.
જેવી રીતે એક ઘડામાંનું પાણી ઘડાની નાનકડી જગ્યામાં
આખેઆખા સૂર્યનું પ્રતિબિંબ પાડે છે, તેવી રીતે સૂક્ષ્મ
વાસનાઓ હૃદયમાંથી પ્રગટ થતાં સર્વવ્યાપી
તેજનો આશ્રય લઈ મનરૂપી પ્રતિબિંબ પાડે છે.
અજ્ઞાની જીવ જાગ્રત દશાને જ પ્રમાણભૂત ગણે છે,
જ્યારે જ્ઞાની સત્યને જ પ્રમાણભૂત માને છે.
જાગ્રત અવસ્થાનું જ્ઞાન મૂલાવિદ્યા છે,
સ્વપ્નાવસ્થાનું જ્ઞાન એ તુલાવિદ્યા છે.
જૈનદર્શન એકને વ્યવહારનય - બીજાને નિશ્ચયનય કહે છે.
નિશ્ચયનયના જ્ઞાન - વિદ્યા વડે અવિદ્યા દૂર કરી શકાય છે.
મન છે ત્યાં સુધી તે વડે જે જ્ઞાન થાય,
તે અવિદ્યાજનિત છે.

અવિદ્યાજનિત જ્ઞાનને ભૂલાવિદ્યા કહી શકાય.
જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ - એ ત્રણે દશાના જ્ઞાનથી
પર એવું તુરીય અવસ્થામાં થતું જ્ઞાન એ વિદ્યા છે.
તુરીય દશા વડે તુર્યાતીત દશા પ્રાપ્ત કરી શકાય છે અને
જાગ્રતાદિ ત્રણ દશાના અજ્ઞાનને નિવારી શકાય છે.
અજ્ઞાની જાગ્રત દશાને જ પ્રમાણભૂત માને છે, જ્ઞાની
સત્‌ને પ્રમાણભૂત માને છે. આ સત્ તે જ સત્ય છે.
સ્વતઃસિદ્ધ નિત્ય શુદ્ધ ચૈતન્ય છે.
તે જાગ્રતાદિ ત્રણે દશાઓના આધારભૂત છે.
આ સત્ સાથે તદાત્મ થવું તે જ સાધના છે અને
સિદ્ધિ અર્થાત્ સ્વરૂપલાભનો ઉપાય છે અથવા
જ્ઞાનીની દશા સદા જાગ્રત રહે છે, કારણ કે
તે અવિનાશી આત્મસ્વરૂપ વિષે જાગ્રત રહે છે.
તેની દશા નિત્ય સ્વપ્નાવસ્થા છે, કારણ કે જગત તેને
ઘડીમાં દૃશ્ય - ઘડીમાં અદૃશ્ય એવા સ્વપ્નવત્ લાગે છે.
તે સદા સુષુપ્ત છે, કેમ કે તે સદાકાળ દેહભાનરહિત છે.
મનની દશા જાગ્રત પર્યંત છે, તેથી
મર્યાદિત આત્મા પરત્વે તે સુષુપ્તિમાં રહે છે.
જાગ્રત દશા ચંચળ મનના ઉભરા સિવાય કશું જ નથી.

ઊંઘમાં શરીરભાન નથી અને જાગ્રતમાં તે હોય છે, તેથી
એવો ભ્રમ થાય છે કે દેહાત્મભાવ જ યથાર્થ સ્થિતિ છે,
પરંતુ Consciousness and excistence
are not one and the same.
They are two different categories.
જાગ્રત અવસ્થાનું જ્ઞાન અપરોક્ષ પ્રમાણ છે.
જાગ્રતમાં મન વડે જ્ઞાન થાય છે, માટે conscious
knowledge છે, કિન્તુ તે વસ્તુસ્થિતિનું જ્ઞાન નથી.
તે મન વડે થઈ શકતું નથી, મનથી પર દશા છે.
તેને મનથી પકડી શકાય નહિ પણ જાણી શકાય.
મનમાં પણ ચૈતન્ય પૂરું પાડનાર પ્રકાશ છે અને
તે આત્મા છે. આત્મા ત્રિગુણાતીત છે - ત્રિદશાતીત છે.
તેમાં વિલીન થઈ જવું એ સાધના છે
દીર્ઘ સાધના દ્વારા એ શક્ય છે.
મન અને તેની ત્રણે દશાઓનો વિલય તે નિર્વાણ છે
અથવા હૃદય કે આત્મા જ તેની કૈવલ્ય દશામાં નિત્ય
અખંડપણે ચૈતન્ય સ્વરૂપે વિરાજમાન રહે તે નિર્વાણ છે.
અહંના મૂળની શોધ એ આત્માનુભૂતિનો સીધો માર્ગ છે.
આત્મવિચાર દ્વારા તે થઈ શકે છે.

આત્મવિચારની સાધનામાં અનુભવના
મૂળાધારરૂપી અહંવૃત્તિ જ અચૂક માર્ગદર્શક છે.
અહં વસ્તુતઃ આત્માનો જ નિર્દેશ કરે છે.
દરેકના સદ્રૂપનો, સત્તા (અસ્તિત્વ)નો આધાર પણ એ જ છે.
અહંવૃત્તિ મનની સકળવૃત્તિઓ સાથે સંબંધ ધરાવે છે,
સકળવૃત્તિઓનો આધાર છે, તેથી તેના
મૂળની શોધ વડે અહંવૃત્તિના બધાં સ્વરૂપોથી પર થવાશે.
(૨૫) સત્ત્વ વિરોધ વિચારો કે ભાવનાઓ મનમાં ઉદ્ભવે,
ત્યારે આત્માની પરિપૂર્ણતાનો વિચાર કરી,
તે ભાવનાઓનો ત્યાગ કરવો જોઈએ.
'આત્મા સકળ સ્વરૂપમાં પરિપૂર્ણ છે,
જ્ઞાનમય, શક્તિમય, આનંદમય છે.' આ સત્ત્વથી વિરોધ
વિચારોને મનમાં પ્રવેશ કરવા દેવા એ જ પાપ છે,
એ જ દીનતા છે. બ્રહ્મવિદ્યા જ સઘળી વિદ્યાઓમાં મુખ્ય છે.
તેનાથી માયાના બંધનોથી મુક્તિ મળે છે,
તેનાથી જ 'મન'ની ગુલામીમાંથી મુક્ત થઈ અનાસક્તિ,
આનંદ, નિર્વેદ, સમત્વ વગેરે સૌમાં ઉત્પન્ન થાય છે
બ્રહ્મવિદ્યા એટલે પરમદેવનું જ્ઞાન, જે દેવ સર્વ શરીરમાં
ગુપ્તપણે નિવાસ કરીને રહેલા છે.

આગળ કહ્યું તેમ જે દેહની શક્તિ લઈને
દેહ, મન, બુદ્ધિ આદિ સ્ફુરીને સર્વ ક્રિયાઓ કરે છે,
એ દેવ ચૈતન્યમાત્ર - ચિન્માત્ર છે.
સર્વ જગત એ સર્વજ્ઞ, સર્વવ્યાપક દેવમય છે.
સર્વ પ્રાણ - પદાર્થમાં છે અને સર્વથી પર છે.
સઘળાં કારણોના કારણરૂપ એ
પરમ સ્વરૂપનો અનુભવ તેની સાથે ધ્યાન દ્વારા
તાદાત્મ્ય સંબંધ સ્થાપિત કરવાથી થાય છે.
તે તત્ત્વ આપણા આત્મારૂપ છે,
આપણી અંદર સદાયને માટે બિરાજમાન છે,
તે જ આપણું વાસ્તવિક સ્વરૂપ છે.
ચૈતન્ય તે મહાસાગર છે, મોટે તે નદી અગર કૂવો છે,
મર્યાદિત ચૈતન્ય એ સાગરનો એક અંશ છે અને
તે નદીરૂપ બને તો સાગર તરફ વહે છે અને
કૂપરૂપ બને તો અલગ પડી જાય છે.
(૨૯) પ્રભુના સ્વરૂપને ઓળખ્યા વિના અને
પ્રભુએ કહેલા તત્ત્વને જાણ્યા વગર
અનંતકાળ જીવ ભવસમુદ્રમાં ભમ્યો છે.
ભગવાનનું શરણ એટલે વીતરાગભગવાનનું જ શરણ.

રાગાદિ રહિત કેવળ જ્ઞાનસ્વભાવનું શરણ.
ચૈતન્યસાગર અંદરમાં છે,
તેનો અંતરથી અનુભવ કરતાં એક ક્ષણમાં
ભવસાગરનો - વિસ્મયસાગરનો અંત આવે છે.
ચૈતન્યના મહાસાગરમાં વિકલ્પ નથી, વિચાર નથી,
વિસ્મયતરંગ નથી, કિન્તુ આનંદસાગર છે,
તે આનંદ જ્ઞાનનો છે, રાગનો નહિ.
રાગમાં આકુળતા છે, જ્ઞાનમાં નિરાકુળતા છે.
ચૈતન્યસાગરમાં જડ કર્મનો એક અંશ પણ નથી,
નોકર્મ કે ભાવકર્મ પણ ચૈતન્યથી ભિન્ન છે.
આ અનુભવથી મોહ હણાય છે.
ધર્માત્મા ચૈતન્યના અનુભવ વડે પોતાના ઉપયોગપરિણતિમાં
મોહને હણે છે એથી વિપરીત માન્યતાવાળો મિથ્યાદૃષ્ટિ
જીવ મોહથી ચૈતન્યપરિણતિને હણે છે.
અનંત ગુણથી ભરપૂર આનંદધામ, જે આત્મતત્ત્વ છે,
તેમાં પરિણમન તે ભાવનમસ્કાર છે અને
તે અસાધારણ મંગળ છે. સર્વ મંગળોમાં શ્રેષ્ઠ મંગળ છે.
ભગવાન ભવને જાણનાર છે અને
એમનો ઉપદેશ પણ ભવને જણાવનારો છે.

ભવનો નાશ તેનો થાય કે જે અંતર્મુખ બનીને
વીતરાગ પરિણતિને નમે, વીતરાગ ભાવરૂપે પરિણમે.
આવા ઉદ્દેશક પણ નમસ્કારને પાત્ર છે.

વિકલ્પથી નમસ્કાર તે સાધારણ તથા નિર્વિકલ્પ
પરિણતિરૂપ ભાવનમસ્કાર તે અસાધારણ નમસ્કાર છે.

ભાવથી ભવ લૂણાય છે.

ભાવનમસ્કાર ભવના અભાવનું કારણ છે.
જે જ્ઞાનમાં અનંત સર્વજ્ઞ આવે, તે જ્ઞાનની મહત્તા
અનંત છે, જે જ્ઞાનમાં અનંત વીતરાગ આવે, તે
વીતરાગ પરિણતિ અનંત રાગનો નાશ કરનારી છે.

સર્વજ્ઞ અને વીતરાગ આત્માઓના
પ્રવાહને લક્ષમાં લેનારું અતીન્દ્રિય જ્ઞાન પણ
સર્વજ્ઞ અને વીતરાગ બની જાય છે.

જે શ્રુતજ્ઞાને અનંત તીર્થંકરોને પોતામાં વસાવ્યાં, તે જ્ઞાન
નિઃશંક, નિર્વિકલ્પ, ચિન્મય અને વીતરાગ બની ગયું.
વાચક વડે વાચ્ય તરફ લક્ષ લઈ જવું અને વાચ્ય વડે
લક્ષ્ય તરફ ધ્યાન દોરી જવું, તે નમસ્કારનું તાત્પર્ય છે,
વાચક એવા વર્ણો વડે વાચ્ય એવા શુદ્ધાત્મા વીતરાગ,
સર્વજ્ઞ, સર્વદર્શી પરમાત્મા પ્રત્યે તથા પરમાત્માના લક્ષ
વડે અંતરાત્મામાં પરમાત્માનું ભાવન થવું, તે લક્ષ્યાર્થ છે.

કહ્યું છે કે: વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ. ...(૧)

તીર્થંકર ભગવંતની પવિત્રતા અને પુરુષ-
બંને મોટાં અદ્ભુત પ્રકર્ષવંતા છે.

પવિત્રતાથી શુદ્ધાત્માનું પ્રત્યક્ષાત્મકતા અને
પુરુષથી તેની પ્રાપ્તિ માટે અવિસંવાદી વચનોનું પ્રકટીકરણ.

'તું બહારની ચિંતા છોડ.
ચિંતા કરીશ તો પણ જે થવાનું છે, તે જ થશે અને
કરીશ તો પણ જે થવાનું છે, તે જ થશે.
ચિંતા કરવા ન કરવાથી જે થવાનું છે,
તે અટકવાનું કે અન્યથા થવાનું નથી.'

(૨૭) સૌથી પહેલો આત્મા અને બીજું બધું ય પછી.

રાગમાં ચીકણા તે મોટી મુશ્કેલી.
તે છૂટ્યા વગર શુદ્ધતા - નિર્જરા થાય નહિ.
'અમારી દૃષ્ટિ, અમારી મહત્તા ચૈતન્યના ભાનમાં છે'
આવા સમ્યક્ભાનમાં જ્ઞાનીને સતત નિર્જરા છે.
ભેદજ્ઞાનનો - વીતરાગદૃષ્ટિનો આ મહિમા છે.
જ્ઞાની પરદ્રવ્યને પરિગ્રહતો નથી માટે અપરિગ્રહી છે.
જ્ઞાનીને ઇચ્છા થાય છે પણ તે ઇચ્છા સાથે
એકત્વ ભાસન નથી, માટે તે જ્ઞાની અનિચ્છક છે.

જ્ઞાન સિવાય કોઈપણ વિષય કે પદાર્થમાં વિકલ્પની
પકડ ન હોવાના કારણે જ્ઞાની નિષ્પરિગ્રહી છે.
'પકડ' એટલે મૂર્છા. ઇચ્છા ઉપર પણ મૂર્છા ન હોવાથી
તે ઇચ્છા પણ અનિચ્છા બરાબર છે.
જેમ વ્યાખ્યાન વડે મોક્ષમાર્ગ સમજાવી શકાય છે,
તેમ વ્યાખ્યાન વિના મૌન વડે પણ
જ્ઞાની મુદ્રાથી મોક્ષમાર્ગ દર્શાવી શકે છે.
મૌન ધારણ કરનાર મુનિ પોતે જ સાક્ષાત્ મોક્ષમાર્ગ છે.
નિર્ગ્રન્થ મુદ્રા સમ્યક્પણે મોક્ષમાર્ગની પ્રતીતિ કરાવે છે.
મુનિને સ્વરૂપમાં લીન થવાની જ ભાવના હોય છે.
મુનિ વિકલ્પનો પણ ત્યાગ કરવા પ્રયાસ કરે છે.
નિર્વિકલ્પ ચૈતન્યરસનો આસ્વાદ જેણે ચાખ્યો છે,
તેને પરભાવોની સર્વ માગણી છૂટી જાય છે.
પરદ્રવ્યમાં જેને અસ્તિત્વબુદ્ધિ જતી રહી છે,
તે વિકલ્પ વખતે પણ તત્ત્વતઃ નિર્વિકલ્પ છે.
ચૈતન્યનું જ એક અવલંબન ગ્રહણ કરનારને
અન્ય અવલંબન હોવા છતાં ન હોવા બરાબર છે.
'જ્ઞાન રાગ-દ્વેષથી જુદું છે' એવું જ્ઞાન ધારણ કરનાર
રાગ-દ્વેષ વખતે પણ અરાગદ્વેષપણે વર્તતો હોય છે.

જે રાગને બાંધતો નથી, તે બાહ્યપરિગ્રહને કેમ બાંધે?

શુદ્ધ આત્માના આશ્રયે
સમ્યગ્દર્શન - જ્ઞાન - ચારિત્ર રૂપ ભાવતીર્થ છે.

શુદ્ધ આત્માનો આશ્રય તે રાગાદિથી
ભિન્ન ચૈતન્યરાજનો આશ્રય છે. જેનાથી તરાય તે તીર્થ.
રત્નત્રય વડે તરાય છે, માટે તે ભાવતીર્થ છે.
રત્નત્રયરૂપથી પરિણમેલો જીવ પણ તીર્થ છે.

ધર્મ - ધર્મીના બહુમાન વખતે જેટલો ભાવ સ્વદ્રવ્યને અવલંબે છે, તે અંશમાં તે ધર્મ છે, તે જ મોક્ષસાધન છે. સર્વ કર્મરહિત પૂર્ણ શુદ્ધ આત્મપરિણમન મોક્ષ છે, તેથી તેનું સાધન પણ તેવા જાતનું હોવું જોઈએ અર્થાત્
શુદ્ધાત્મ પરિણમન રૂપ હોવું જોઈએ.

દેવ - ગુરુ - ધર્મને માટે લક્ષ્મી વગેરે
અર્પણ કરવાની ભાવનામાં ધર્મપ્રેમ પુષ્ટ થાય છે.

'અમારા સ્વરૂપમાં જગતનો પ્રવેશ નથી અને
જગતના પદાર્થોમાં અમે નથી'

એવા ભાનપૂર્વક આત્માનું સાધન કરતાં ધર્મી જીવને મુનિ વગેરે પ્રત્યે ભક્તિના ભાવ જાગે છે અને દાનાદિ ક્રિયામાં પ્રવૃત્તિ થાય, તે ભાવ ઊંચા પુણ્યને બંધાવે છે.

તે પુણ્યના ફળમાં સ્વર્ગાદિનો વૈભવ મળે છે.
તે રીતે તે ભવનું બહુમાન થવાને બદલે ધર્મ અને
તેને સાધનારા ધર્માત્માઓનું જ બહુમાન થાય છે.
આત્માને ઓળખવા માટે આત્માને ઓળખનારા
ધર્માત્માઓનું બહુમાનાદિ પણ ધર્મની પુષ્ટિ કરનાર જ થાય.
જ્ઞાન = પોતાનું સ્વરૂપ તથા રાગ = જડ તરફનો ભાવ.
એક સંવરરૂપ છે, બીજો આસ્રવરૂપ છે.
જ્ઞાન તરફનો ભાવ અનાકુળ છે - શાંત છે,
રાગભાવમાં આકુળતા અને અશાંતિનો અનુભવ છે.
'જ્ઞાન તે મંગળ છે' એમ જે કહ્યું છે, તે ભેદવિજ્ઞાન
સમજવું. જ્ઞાનીને ભેદજ્ઞાન ગોખવું નથી પડતું પણ તેનો
સ્વભાવ જ રાગભિન્ન જ્ઞાનપણે પરિણમવાનો હોય છે.
કોઈપણ સંયોગો વડે
તે સ્વભાવનો નાશ કરી શકાતો નથી.
પોતાના જ્ઞાનસ્વભાવમાં એકતાપણે પરિણમવું,
એનું નામ પરિષહ અને ઉપસર્ગને સહ્યા ગણાય.
જ્ઞાન પોતાના આનંદ સ્વભાવે રહેતું થયું અને
રાગાદિથી જુદું જ રહેતું થયું પોતાનું કાર્ય કરે છે.
એને એમ નથી થતું કે અરે! આ પ્રતિકૂળતા ક્યારે ટળે?

પ્રતિકૂળતા કાળે પણ તેનું ભાન ભાનપણે જ વર્તે છે,
તે લેશ પણ અજ્ઞાનસ્વરૂપ બનતું નથી.
આનું જ નામ ભેદજ્ઞાન, સંવર અને
એ જ મહામંગળ અને મહામહિમાવંત વસ્તુ છે.
ચૈતન્યતત્ત્વ અંતર્મુખ છે - રાગાદિ ભાવો બહિર્મુખ છે,
તેમને એકપણું ક્યાંથી હોય ?
'જ્ઞાનમાંથી રાગની અને રાગમાંથી જ્ઞાનની ઉત્પત્તિ નથી'
આવું ભેદજ્ઞાન અંતરમાં ચૈતન્યસ્વભાવ તરફ વાળે છે
અને સમ્યગ્દર્શનાદિ ગુણોને પ્રગટાવે છે.
સ્વભાવમાં અંતર્મુખ થતાં પાંચે કારણો એક સાથે
આવી મળે છે, તેને કાળ વગેરેની રાહ જોવી પડતી નથી,
ચૈતન્ય અને રાગભાવને જોડ નથી, અજોડ દ્રવ્યો-
તે બે વચ્ચે રહેલા ભેદ એથી જ ભેદ છે.
બંનેની જાતિ જુદી છે.
ભેદજ્ઞાન શુભરાગથી નહિ પણ ચૈતન્યના આલંબને થાય.
ભેદજ્ઞાન તે કોઈ બહારના ભણતરથી કે શુભભાવથી થનારી
ચીજ નહિ, કિન્તુ અંતરની વસ્તુ છે, જે ભેદજ્ઞાનના
અભ્યાસથી બને છે. અંતરવેદનમાં જોઈને ચૈતન્યને
અને રાગને ભિન્ન જાણીને અને ઉપયોગને રાગથી
અલગ પાડી ચૈતન્યમાં વાળશે, તે ભેદજ્ઞાની થઈ શકે છે.

શાસ્ત્રોમાં જ્ઞાન તથા રાગની જે રીતે ભિન્નતા બતાવી છે,
તેવા પરિણતિરૂપે પરિણમન થવું તે સમ્યક્જ્ઞાન છે. રાગથી
ભિન્નતા કરવાની છે, તે રાગના અવલંબને ક્યાંથી થાય?
રાગનો અભાવ છે, તે ચૈતન્યના અવલંબને જ શક્ય છે.

વ્યવહાર પરાશ્રિત રાગભાવ છે.
બહિર્મુખ પરિણતિ છે, ત્યાં સુધી વ્યવહાર છે.
નિશ્ચય શ્રદ્ધા જ્ઞાન અને ચારિત્ર અંતર્મુખ પરિણતિ છે,
નિશ્ચય સ્વાશ્રિત ચૈતન્યસ્વભાવ છે,
ચૈતન્યભાવ એ પવિત્ર અને સુખરૂપ છે,
રાગાદિ આસ્રવો અશુચિરૂપ અને દુઃખરૂપ છે.
આ રીતે આસ્રવોને ચૈતન્યસ્વભાવથી
વિપરીતપણે જાણવા, તે સમ્યગ્જ્ઞાન છે.
રાગનું ખરું જ્ઞાન પણ રાગથી છૂટો પડે તો જ થાય છે.
સમકીતીની દૃષ્ટિમાં બંધરહિત શુદ્ધ આત્મા જ છે.
અંધકાર અને પ્રકાશ જેટલો જ ભેદ
સ્વભાવ અને રાગભાવમાં રહેલો છે.
જેટલો પરાશ્રિત વ્યવહાર તે આસ્રવરૂપ છે અને સ્વાશ્રયે
થયેલ નિર્મળ પર્યાયની ચૈતન્યએકતા તે સ્વભાવરૂપ છે.
સ્વપર ભેદજ્ઞાન = રાગ તથા જ્ઞાનની ભિન્નતાનું વેદન.

મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાન ક્ષાયોપશમિક હોવા છતાં સ્વસંવેદન તરફ વળે, ત્યારે પરોક્ષ મટી પ્રત્યક્ષ બને.

मंताण मंतो परमो इमुत्ति धेयाण धेयं परमं इमुत्ति ।
तत्ताण तत्तं परमं पवित्तं संसारसत्ताण दुहाहयाणं ॥१॥
पंच वि अरहन्ताइ परमेट्ठि झाएह झाएह किमण्णं ।
होऊण निव्विकप्पा परमट्ठा होऊण तहा ॥२॥
एसो परमो मंतो परमरहस्सं परं परं तत्तं ।
नाणं परं णेयं सुद्धं झाणं परं झेयं ॥३॥ (परिशिष्ट-१४)

मुच्छा परिग्गहो वुत्तो । મૂર્છા એ પરિગ્રહ કહ્યો છે. ધન-ધાન્યાદિ ઉપર મૂર્છા એ બાહ્યપરિગ્રહ છે અને જીવનની ક્ષણો, વસ્તુઓનો જ્ઞાનનો તથા વિચારોનો ભંડાર પોતાને મળ્યો છે, તેના ઉપરની મૂર્છા કે મમત્વ બુદ્ધિ તે પણ એક પ્રકારનો પરિગ્રહ છે.

તેને આંતરપરિગ્રહ - ભાવપરિગ્રહ કહી શકાય.
તેનો સદુપયોગ એ જ મૂર્છારહિત થવાનો ઉપાય છે
અથવા મૂર્છારહિત અવસ્થાનું લક્ષણ છે.
જેને અપરિગ્રહ વ્રતની પરાકાષ્ઠાએ પહોંચવું છે,
તેણે જીવનની પ્રત્યેક પળ, વસ્તુ અને
વિચારની મળેલી શક્તિને પ્રકૃતિના પરાર્થે યોજવા જોઈએ.

(૨૮) પ્રતિષ્ઠા = પ્રતિ + સ્થા = સ્થિરતા.

ગીતાની પરિભાષા મુજબ જેની બુદ્ધિ આ દૃશ્ય જગતના
પદાર્થોમાં અટવાતી નથી અને મહત્તત્ત્વમાં સ્થિર છે,
તેની બુદ્ધિ પ્રતિષ્ઠા પામેલી છે.

આવી પ્રતિષ્ઠિત મહાત્મા સૂર્ય સમાન તેજસ્વી હોય છે.
આમ પોતાના સ્વરૂપમાં સ્થિરતા એ જ સાચી પ્રતિષ્ઠા છે.
જ્યારે કોઈ મહાત્મા આ જગતના દૃશ્ય પદાર્થોમાં ફસાય છે,
ત્યારે તે સ્વપ્રતિષ્ઠા કે સ્વરૂપની સ્થિરતા ગુમાવે છે.
સ્વરૂપની સ્થિરતા એ જ મહાત્માઓનો પારસમણિ છે.
પ્રતિષ્ઠા એ ભૌતિક સંપત્તિ કે લૌકિક જાહોજલાલીદર્શક
શબ્દ નથી, કિન્તુ આંતરિક સ્થિરતાદર્શક શબ્દ છે.
જગતમાં પ્રતિષ્ઠા રહે કે ન રહે, એ અગત્યનું નથી.
જે અસત્યનું આચરણ કરે, તેની પ્રતિષ્ઠા -
તેની આત્મસ્થિરતા ગયેલી જ છે.
તેઓ બાહ્યપ્રતિષ્ઠા પામતા હોય, તો પણ તેઓએ
અસત્યના આચરણ વડે આંતરિક પ્રતિષ્ઠા ગુમાવી છે,
તેથી તેઓના હૃદયમાં સદાકાળ આગ લાગેલી હોય છે.
દૃશ્ય પદાર્થોની લાલસા જ
અસત્યનું - અનીતિનું આચરણ કરાવે છે.

તે પ્રતિષ્ઠાહીન છે, કીર્તિરહિત છતાં શાંત છે.
તેની સ્થિતિ દયાજનક છે.
પોતાના આત્મતેજને તે લહે છે.
આંતરિક પ્રતિષ્ઠાને ભોગે પ્રાપ્ત કરેલ
ભૌતિક સંપત્તિથી તેની સ્થિતિ અત્યંત કરૂણાજનક છે.

(૨૯) હિંસા, પરિગ્રહ, ઈર્ષા, તૃષ્ણા, કામ, ક્રોધ -
એ બધા રોગ નથી, કિન્તુ રોગનાં ચિહ્નો છે.
મૂળ રોગ આત્માનું અજ્ઞાન છે, ધર્મ એની ચિકિત્સા છે.

<u>પ્રશ્ન</u>: મૂળ રોગ રૂપ આત્માનું અજ્ઞાન કેવી રીતે ટળે?

<u>ઉત્તર</u>: 'હું કોણ છું ?'
એ જાણવાથી અને જાણીને પોતામાં સ્થિર થવાથી.
આત્મામાં સ્થિર થવાની ક્રિયા તે ધર્મ છે અને
આત્મામાં સ્થિર થવું તે આરોગ્ય છે, ધર્મનું ફળ છે.
પોતાની બહાર રહેવું અને બહાર જ ભટક્યા કરવું,
એનાથી મોટું બીજું કોઈ દર્દ નથી, એ જ અસ્વાસ્થ્ય છે.
કોઈ એને 'દુઃખ-બંધ' તો કોઈ 'સ્વર્ગથી બહિષ્કાર' કહે છે.
જે સિદ્ધ થયા, તેમણે આત્માને જ સાધ્યો છે.
વાવેતર ઘઉંનું જ થાય,
ઘાસ તો ઘઉં સાથે સહેજે મળે છે.

ઈશ્વરનું સાચું સ્વરૂપ એટલે
આત્માનું સંપૂર્ણ ઐશ્વર્ય - સ્વસત્તા.
અંધકારને દૂર કરવા પ્રકાશની જ જરૂર છે.
આત્માનો અજ્ઞાનરૂપી અંધકાર
આત્મજ્ઞાનથી, આત્મદર્શનથી, આત્મસ્થૈર્યથી દૂર થાય છે.
અહીં 'જ્ઞાન' એટલે જ્ઞ પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન પરિજ્ઞા,
ઉભયથી આત્માને જાણવો,
તેમાં જ્ઞાનની સાથે આત્મસ્થિરતા પણ આવી જાય છે.
સત્ય વિચારથી ઓળખાતું નથી,
તે સાધનાથી - વિધિસેવનથી ઓળખાય છે.
શાસ્ત્રોમાં ભટકવાનું છોડીને સૌ સાધકોએ
સૌ પ્રથમ સ્વમાં પ્રવેશવાની જરૂર છે.
સત્યને મેળવવાનું દ્વાર શબ્દમાં નથી, પોતામાં છે.
પરિવર્તનશીલ પરિધિથી પોતાને મુક્ત કરવાનું સાધન
આત્મધ્યાન અથવા આત્મલીનતા છે.
(30) વ્યવહારની શુદ્ધિ અને આહારની સાત્ત્વિકતા
શરીર - મનને શુદ્ધ બનાવે છે.
મનને વિષયોથી પરાઙ્મુખ કરીને અંતર્મુખ બનાવવામાં
આવે, તો આધ્યાત્મિક ઋદ્ધિ પ્રગટ થવા સહજ છે.

(૩૪) અગાઉ (૨૪) માં કહ્યું તેમ: અવસ્થાત્રયનું પરિવર્તન
તેમ જ ત્રણે અવસ્થાઓ માત્ર ભાસ જ છે,
તેના અંતર્મુખ નિષ્ઠા ઉપર કશી જ અસર નહિ.
આત્મવિચાર તો પૂર્ણ અંતર્મુખ નિષ્ઠા દ્વારા જ થઈ શકે.
જો મન જ હૃદયચૈતન્યની જ્યોતિમાં વિલીન થયું હોય,
તો પછી અવસ્થાભેદ ન રહે.
જ્ઞાનીને દશાના ભેદ વિના
ત્રણે દશા પ્રકૃતિ: મિથ્યા લાગે છે, જ્યારે
અજ્ઞાનીને જાગ્રતદશા પ્રત્યક્ષભૂત લાગે છે.
પ્રત્યક્ષભૂત તો માત્ર સત્ જ છે.
આ સત્ સ્વતઃસિદ્ધ - શુદ્ધ ચૈતન્ય છે અને
જાગ્રત - સ્વપ્ન - સુષુપ્તિ, ત્રણે દશાઓના આધારરૂપ છે.
જે આ સત્ સાથે તદાત્મ થયો છે,
તેને મન પણ નહિ અને ત્રણે અવસ્થાઓ પણ નહિ.
તેને માટે અંતર્મુખતા કે બહિર્મુખતા પણ રહેતા નહિ.
અજ્ઞાનીનું મન આત્મા પરત્વે સુષુપ્તિમાં હોય છે,
જ્યારે જ્ઞાનીનું મન દેહ પરત્વે સુષુપ્તિમાં હોય છે.
ઊંઘમાં જેનું ભાન નહિ હોતું,
માત્ર તે શરીરનું જ જાગ્રતમાં ભાન હોય છે, એટલા

માત્રથી ભ્રમ થાય છે કે દેહાત્મભાવ એ યથાર્થ સ્થિતિ છે,
પરન્તુ સનાતન પ્રજ્ઞાન જુદું - ત્રિદશાતીત - નિર્વિકાર છે.
'અહમસ્મિ'ના અનુભવનો મૂળાધાર જ સનાતન પ્રજ્ઞાન છે.
ત્રણે દશાઓ રહે કે ન રહે,
તો પણ તે એકલું બધાના આધારરૂપે પ્રકાશિત છે.
અહંવૃત્તિના મૂળની શોધનું તાત્પર્ય એ છે કે
એ મૂળને શોધી કાઢી તેમાં વિલીન થઈ જવું જોઈએ.
આત્મવિચારની આ દીર્ઘ સાધના દ્વારા
એવું સ્પષ્ટ દર્શન થશે કે મન અને તેની
ત્રણે દશાઓ વિદ્યમાન જ નથી અને હૃદય અથવા
આત્મા જ કૈવલ્યદશાનું નિત્ય - અખંડ ચૈતન્ય છે.

- Raman Maharshi

(૩૨) મન દ્વારા થતું સઘળું જ્ઞાન મૂળાવિદ્યારૂપ છે.
જાગ્રતનું જ્ઞાન સ્વપ્નજ્ઞાનની અપેક્ષાએ સત્ય છે,
કિન્તુ તુરીય અવસ્થાની અપેક્ષાએ અસત્ય છે.
તુરીયાવસ્થામાં તત્ત્વજ્ઞાન ઉત્પન્ન થાય છે, તે માટે
મનોનાશ અને મનોનાશ માટે વાસનાક્ષય અપેક્ષિત છે.
વાસનાક્ષયનો ઉપાય ભાવના અને
ભાવના માટે પ્રયત્ન અપેક્ષિત છે. કહ્યું છે કે:

અજ્ઞાનનાશિની પ્રજ્ઞા, ભાવના ભવનાશિની । અર્થાત:
બુદ્ધિ અજ્ઞાનનો નાશ કરે, ભાવના ભવનો નાશ કરે.
ૐકારની ત્રિમાત્રા દેહ, બ્રહ્મ અને મનવાચક છે.
અર્ધમાત્રા તે ઉન્મની અથવા તુરીય અને
અમાત્ર તે અવ્યક્ત કે તુરીયાતીતાવસ્થા છે.
વપુ, મન અને બ્રહ્મ અનુક્રમે
સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય છે તથા
તુરીય અરિહંત અને તુરીયાતીત સિદ્ધપદ કહી શકાય.
ૐકારમાં: અ, ઉ, મ, અર્ધમાત્રા અને અમાત્રા-
એમ કુલ પાંચ માત્રા છે.
હ્રસ્વ, દીર્ઘ, પ્લુત, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ-
એમ પાંચ વિભાગ પણ પડી શકે, જે અનુક્રમે
સાધુ, પાઠક, સૂરિ, અરિહંત અને સિદ્ધવાચક ગણીને
ઓંકારનું ધ્યાન થઈ શકે. સાધુની સાથે દર્શનપદ,
ઉપાધ્યાયની સાથે જ્ઞાનપદ, આચાર્ય સાથે ચારિત્રપદ,
તથા અરિહંત અને સિદ્ધની સાથે તપપદ જોડાયેલું છે.
તપપદ શુક્લધ્યાન પર્યંત અને તેના પહેલાં બે પાયા
કૈવલ્યને તથા છેલ્લા બે પાયા નિર્વાણને આપનારા છે.
એ રીતે ૐકાર એ પંચ પરમેષ્ઠિ વાચક છે.

## પ્રભુને પ્રિય કોણ ?

अद्वेष्टा[1] सर्वभूतानां मैत्रः[2] करुणा[3] एव च ।
निर्ममो[4] निरहंकारः[5] समदुःख-सुखः[6]-क्षमी[7] ॥
संतुष्टः[8] सततं योगी यतात्मा[9] दृढनिश्चयः[10] ।
मय्यर्पितमनोबुद्धिः[11] मद्भक्तः[12] स च मे प्रियः ॥

(૧) અદ્વેષ્ટા (૨) મૈત્ર (૩) કરુણ (૪) નિર્મમ (૫) નિરહંકાર (૬) સમદુઃખ - સુખ (૭) ક્ષમા (૮) સંતુષ્ટ (૯) યતાત્મા (૧૦) દૃઢ નિશ્ચયી (૧૧) અર્પિત મનોબુદ્ધિ (૧૨) ભક્ત.

(33) દત્તાત્રેયના ચોવીસ ગુરુઓ

પૃથ્વી, વાયુ, આકાશ, અગ્નિ, ચંદ્ર, સૂર્ય, ટીતો, પતંગ, અજગર, સાગર, મધુકર, વેશ્યા, મધુમક્ષિકા, હસ્તી, હરિણ, મત્સ્ય, કંકણ, સર્પ, કીટ, ટીટોડા જેવા ચોવીસ ગુરુઓ પાસેથી દત્તાત્રેયે વિરાટ વિશ્વમાં વિચરતાં જ્ઞાન મેળવ્યું, તો સિદ્ધ થયા, યોગી બન્યા અને અનેક સિદ્ધો અને યોગીઓના પણ મહાગુરુ થયા. આજે પણ અનેક સિદ્ધો ગુરુ દત્તાત્રેયની ઉપાસના કરે છે. જે શિષ્ય બની જાણે છે, તે જ ગુરુપદને પ્રાપ્ત કરે છે. આખું જગત જેને બોધ આપનાર ગુરુ બને છે, તે જગત ગુરુપદને મેળવવા લાયક થાય છે.

(38) ॐ ઇત્યેકાક્ષરં બ્રહ્મ વ્યાહરન્ મામનુસ્મરન્ ।
યઃ પ્રયાતિ ત્યજન્દેહં સ યાતિ પરમાં ગતિમ્ ॥ અર્થાત્ઃ
જે (મનુષ્ય) દેહના અંત સુધી ૐકારનો જપ કરતો અને
મારું ચિન્તન કરતો જીવન ગાળે,
તે દેહ છોડતી વેળા પરમગતિને પામે છે.
જેઓ બુદ્ધિના દ્વાર ઉપર બ્રહ્મને બિરાજમાન કર્યા છે, જે
ભોગના નહિ પણ ભાવનાના ઉત્તમ સંકલ્પો કરે છે
અને તરંગરહિત મનોવૃત્તિ અર્થાત્
લાલસા, તૃષ્ણા કે અભિલાષા વગરની વૃત્તિ રાખે છે,
તે બ્રહ્મની ઉપાસના કરનારો ગણાય છે.
ॐ એ બ્રહ્મનું - નિર્ગુણ નિરાકારનું મૂર્તિમંત પ્રતીક છે.
આ પ્રતીકોપાસના એટલે
નિર્ગુણ નિરાકારની ઉપાસના, શુદ્ધ બ્રહ્મની ઉપાસના.
તેથી તેનો સાધક શુદ્ધ વૈરાગ્યવાન જોઈએ.
ૐનો એક અર્થ અનુજ્ઞા - હા છે.
અનુજ્ઞાવાચક અવ્યય તરીકે ૐની પ્રસિદ્ધિ છે.
જુવાનીની ભોળી આશા અને ઘરડાની ગાંડી નિરાશાથી
મુક્ત બની માણસે બ્રહ્મના નાદમાં પડવું જોઈએ. ૐના
ઉપાસકે ભૂલથી પણ કોઈ આશા પકડીને બેસવું નહિ

અને આકાશ તૂટી પડે એવા નિરાશા વખતે પણ હતાશ ન થવું, તો બ્રહ્મોપાસનાના માર્ગે અવિચળપણે પહોંચાય.

ૐ એ નિર્ગુણ - નિરાકારનું પ્રતીક છે અને
'નાદ' એ સગુણ - સાકારનું પ્રતીક છે.
નિર્ગુણ - નિરાકારનો જપ અને
સગુણ - સાકારનું સ્મરણ એ પ્રત્યક્ષ વિરોધ છે,
તેથી તેનો લક્ષ્યાર્થ ગ્રહણ કરવો જોઈએ.
'વ્યાહરન્'નો અર્થ અહીં જપ ન લેતાં
અનુવિધારણા લેવા જોઈએ. ૐની અનુવિધારણા કઈ ?

ૐમાં ત્રિમાત્રા છે : અકાર, ઉકાર અને મકાર.
અકાર એટલે વાણી, ઉકાર એટલે મન, મકાર એટલે પ્રાણ.
'એ ત્રણેય આત્મા પર છે' એમ જે સમજી ગયો,
તે ઓંકારને સાચી રીતે સમજી ગયો ગણાય.
વાણી, મન, પ્રાણનો જે અકાર, ઉકાર, મકારનો સમુચ્ચય
એ આત્મા નહિ, કિન્તુ એ ત્રણેયથી ભિન્ન તે બ્રહ્મ છે.
બ્રહ્મ પૂર્ણ છે, તેમાંથી કંઈક લઈએ કે ઉમેરીએ,
તો પણ શેષ પૂર્ણ જ રહે છે.
વાણી, મન અને પ્રાણ કરતાં આત્માને જે ભિન્ન
તત્ત્વ માને છે અને વાણી આદિને આત્માના કરણો,

સાધકો એ અંશથી માને છે,
તે જ ૐકારની સાચી ધારણા છે, સાચી ઉપાસના છે.
વિચરતો, ફરતો, જપ કરતો, ૐની ભૂમિકામાં જ
સદા સ્થિર રહેતો ૐનો ઉપાસક છે.
બ્રહ્માકાર વૃત્તિમાં જ વિચરતો, બ્રહ્મ સાથે એકરૂપ થતો,
એકતાનતા અનુભવતો ઉપાસક ઓંકારની સાથે
અભેદની ધારણા કરતો કરી શકાય.
'બ્રહ્મની સાથે હું ક્યારે સંલગ્ન થાઉં,
જોડાઈ જઉં, યુક્ત થાઉં?' આ અભેદધારણા છે.
આ રીતે 'પ્રભુની અને મારી વચ્ચે એકતા છે'
એ વાત જ્યારે સ્થિર થાય,
ત્યારે મન, પ્રાણ અને દેહની વાસના મરી જાય છે.
વાણીથી મૌન, મનથી પર, પ્રાણથી ભિન્ન - એવી સ્થિતિ
અનુભવવી, તે ૐની - નિર્ગુણબ્રહ્મની સાચી ઉપાસના છે.
સાચો મૌની કર્મ કરે પણ તેના ફળમાં અનાસક્ત રહે છે.
મનમાં સેંકડો તરંગો - સંકલ્પો ઉઠે, તો પણ તેનાથી પર
રહી શકે છે, તેનું જ નામ મનને મારવાની તાકાત છે.
જે મનને મારી શકે છે, તે પ્રાણને પણ જીતી શકે છે.
આવી દશા પ્રાપ્ત કરવી તે ૐકારની અભેદધારણા છે.

ૐકારનો પરમ ઉપાસક આત્મદેવને કહે છે કે:

'હે ભગવન! આ દેહ તારો છે, તારી સર્વેન્દ્રિયો છે,
માટે જ વાણી, મન અને પ્રાણ પણ તારાં જ છે.
આ જગતમાં મારું કહી શકાય તેવું તારા સિવાય કોઈ
રહેતું જ નથી. તું અને હું જો એક જ છીએ, અરે
મારા મન, વાણી અને પ્રાણ તારા જ છે.
તારા સિવાય મારે હવે કાંઈ રહ્યું જ નથી.
હું તો તારા ૐ નામના પ્રત્યક્ષ સાથે જ જીવન જીવું છું,
વિશ્વમાં બીજા કોઈની મારે શી જરૂર છે?'

જેણે અકાર, ઉકાર અને મકારનો સ્વરૂપાર્થ
પ્રભુચરણે ધરી દીધો છે, તેને હવે
દેહથી, પ્રાણથી કે મનથી જીવવાનું પ્રભુના કાર્ય માટે જ છે.
વાણી પ્રભુનું કીર્તન કરવા, મન પ્રભુનું સ્મરણ કરવા
તથા પ્રાણ પ્રભુના કાર્ય માટે - મરી ફીટવાને માટે છે.
આ રીતે ૐની ઉપાસનામાં કાયા વડે કર્મ,
વાણી વડે ભક્તિ અને મન વડે જ્ઞાન - એમ
જ્ઞાન, કર્મ અને ભક્તિ - ત્રણેનો સમાવેશ થઈ જાય છે.
જ્ઞાનનું સાધન મન છે, ભક્તિનું સાધન વાણી છે અને
ક્રિયાનું સાધન પ્રાણ છે.

બ્રહ્મનું જ જ્ઞાન, બ્રહ્મની જ ભક્તિ અને બ્રહ્મનું જ કાર્ય-
તે ૐની જીવનઉપલબ્ધિ છે અર્થાત્ પરમાત્માને
હૃદયમાં રાખીને જીવનના સર્વ ક્રિયાઓમાં પ્રવેશ.
'ૐ'ની ઉપાસના જેણે જીવનમાં ઉતારી છે,
તે સૂર્યની સમદર્શી અને સર્વદર્શી બની જાય છે.
સૂર્ય પોતાનો પ્રકાશ પાથરવામાં કશો ભેદભાવ કરતો નથી.
બ્રાહ્મણની કુટિરમાં અને ચાંડાલની ઝૂંપડીમાં,
સરોવર તથા ખાબોચિયામાં - તે સરખો જ પ્રકાશ પાથરે છે.
તેને મારું - તારું કાંઈ નથી અને તે સર્વસમર્થ છે.
આવો સમદર્શી, સમવર્તી અને સર્વસમર્થ
ઓંકારનો ઉપાસક ભગવાનના નિર્ગુણ - નિરાકાર
સ્વરૂપને પોતાના વ્યક્તિત્વમાં સાકાર બનાવે છે,
તેથી જ ભારતીય સંસ્કૃતિમાં
ૐકારને સર્વ વેદોનો સાર કહ્યો છે.
જેણે ૐકારને - અક્ષરબ્રહ્મને જીવનમાં ઉતાર્યો,
તે પોતે આ મર્ત્યલોકમાં જ અમર્ત્ય બન્યો,
અક્ષરસ્વરૂપ અથવા અમૃતસ્વરૂપ બની ગયો.

o ૐ ઐં સરસ્વત્યૈ નમઃ ।
આ મંત્રને નિત્ય ૧૦૮ વાર ગણવો.

## કબીર કે દોહે

બ્રહ્મચર્ય સબ મેં બડી, સર્વ રત્ન કી ખાન,
તીન લોક કી સંપદા, બ્રહ્મચર્ય મેં માન. ...(૧)

તરુવર સરવર સંતજન, ચોથા બરસત મેહ,
પરમારથ કે કારણે, ચારોં ધરિયાં દેહ. ...(૨)

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં બહુ દુઃખ,
જો આવેલું જાય તો, જાય સઘળું સુખ. ...(૩)

કાલ કરે સો આજ કર, આજ કરે સો અબ,
અવસર બીતી જાત હૈ, ફીર કરેંગે કબ? ...(૪)

બહુત ગઈ થોડી રહી, મન આતુર મત હોય,
ધીરજ સબ કી મિત્ર હૈ, કરી કમાઈ મત ખોય. ...(૫)

તન સંદૂક મન રતન હૈ, ચુપકે દે હર તાલ,
ગ્રાહક બિના ન ખોલિયે, પૂંજી શબ્દ રસાલ. ...(૬)

સબ તે લઘુતા હૈ ભલી, લઘુતા સે સબ હોય,
જસ દૂજ કા ચંદ્રમા, શીશ નમૈ સબ કોય. ...(૭)

ફલ કારણ સેવા કરે, કરે ન મન સે કામ,
કહે કબીર સેવક નહીં, ચહૈ ચૌગુના દામ. ...(૮)

કબીરા ગર્વ ન કીજીયે, રંક ન હંસિયે કોય,
અજહૂ નાવ સમુદ્ર મેં, ના જાને ક્યા હોય? ...(૯)

# પરિશિષ્ટ સૂચિ

**પરિશિષ્ટ - ૧ (પૃષ્ઠ ૨૬)**
અદ્વૈતતત્ત્વનું પૂર્ણ અનુસંધાન કરવા સ્વરૂપ ઉલ્લસિત 'મનન'ધર્મથી અને સંસારને ક્ષય કરવા સ્વરૂપ 'ત્રાણ'ધર્મથી 'મંત્ર' કહેવાય છે.

**પરિશિષ્ટ - ૨ (પૃષ્ઠ ૩૧)**
જેઓને તપ-સંયમ-ક્ષમા-બ્રહ્મચર્ય પ્રિય છે, તેઓ સંયમજીવનાંતે દેવલોકમાં જાય છે.

**પરિશિષ્ટ - ૩ (પૃષ્ઠ ૫૧)**
અલ્પબુદ્ધિવાન એવો હું વિદ્વાનોને મશ્કરીનું સ્થાન છું, છતાં તમારી ભક્તિ મને બલાત્કારે સ્તુતિ કરવા પ્રેરે છે.

**પરિશિષ્ટ - ૪ (પૃષ્ઠ ૫૭)**
ગુ = ગુણાતીત, રુ = રૂપરહિત અર્થાત્ ગુણાતીત સ્વરૂપનું જે ધ્યાન કરે, તે 'ગુરૂ' કહેવાય. ગુ = અંધકાર અને રુ = નાશ અર્થાત્ અજ્ઞાનનો નાશ કરનાર જે બ્રહ્મ કે આત્મા છે, તે 'ગુરૂ' કહેવાય.

**પરિશિષ્ટ - ૫ (પૃષ્ઠ ૯૪)**
આ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સર્વ ઈચ્છિતોને પ્રાપ્ત કરાવનાર, કલ્પવૃક્ષથી વધુ મહિમાવાન, શાંતિક અને પૌષ્ટિક આદિ આઠ પ્રકારના કર્મને કરનાર, આ લોક-પરલોકના ઈચ્છિત ફલની સિદ્ધિ માટે છે અને તેનું ગુરૂમહારાજ પાસેથી આમ્નાય લેવાપૂર્વક ધ્યાન કરવું. - શ્રી જિનકીર્તિસૂરિકૃત પંચપરમેષ્ઠિ નમસ્કાર સ્તોત્ર

**પરિશિષ્ટ - ૬ (પૃષ્ઠ ૯૫)**
(૧) त्राण = સત્પુરૂષનું શરણ. (૨) अरिहंताणं = અરિહંતોની આજ્ઞા પ્રત્યે નમ્રભાવ. (૩) अर्हद्भ्यो = પૂજ્ય એવા માતા-પિતાદિને નમસ્કાર. (૪) अर्हतः = સ્તુતિ કરવા યોગ્ય સત્પુરૂષોને નમસ્કાર. (૫) नं = જ્ઞાન, અરિહંતોનું જ્ઞાન પ્રાપ્ત કરેલા શ્રુતકેવલિઓને નમસ્કાર. (૬) नमो अरिभिः हतानां = શત્રુઓ દ્વારા હણાયેલાને, આઠ કર્મથી ઢંકાયેલાને નમસ્કાર થાઓ. આ નમસ્કાર મશ્કરીરૂપ છે. (૭) अर्हन् = જિન,

તીર્થંકર. તેમનું શરણું ન છોડવું. (૮) अरि = આઠ પ્રકારના કર્મ, તેને હણનારા તે અરિહંત - સિદ્ધ, તેઓનું શરણું ન છોડવું. (૯) આનંદનો શત્રુ શોક છે, તેના વડે હણાયેલ પીડીતનું કલ્યાણ ન થાય. (૧૦) શત્રુ વડે હણાયેલાને હર્ષ ન થાય. (૧૧) 'अरि' આ સંબોધન અર્થમાં અવ્યવ છે. हत = નિંદ્ય વ્યક્તિઓને નમસ્કાર થાઓ (આ પણ મશ્કરીરૂપ છે, નમસ્કાર છે). (૧૨) अरहं = અરહન્નક સાધુ જે શરણભૂત છે, તેમને નમસ્કાર કરો (પદના એક દેશમાં પદસમુદાયનો ઉપચાર કરવાથી અરહં કે અરહન્નક થાય).

### પરિશિષ્ટ - ૭ (પૃષ્ઠ ૧૦૫)

પોતાના ભોગસુખની ઈચ્છા ત્યાગી હોય, સર્વ જીવોના સુખની ઈચ્છા કરતા હોય અને પરદુઃખ વડે સદા દુઃખી થતા હોય, એવા સાધુઓને નમસ્કાર થાઓ.(૧) પોતે ઘણાં સુખમાં હોય તો પણ બીજાના દુઃખે દુઃખી થનારા અને સર્વ જીવોના હિતમાં રકત એવા મહાત્માઓ કોઈની ઉપેક્ષા કરતા નથી.(૨) પરોપકાર કરવામાં તત્પર એવા સજ્જન પુરૂષો શું શું નથી કરતા? ખારૂં એવું પણ સમુદ્રનું પાણી વાદળો ગ્રહણ કરે છે.(૩) જેને શરણું આપ્યું છે, એનું પાલન કરવું. એ એક જ સજ્જનોનો માર્ગ છે. સમુદ્ર વડવાનલને પણ પોતાના ખોળે ધરે છે.(૪) જેમ આશ્રય કરનારા જીવોને વૃક્ષ આનંદ આપે છે અને પોતે દુઃખ સહન કરે છે, તેમ પોતાને પીડા આપીને પણ સાધુ બીજાને સુખ આપે છે.(૫)

### પરિશિષ્ટ - ૮ (પૃષ્ઠ ૧૩૦)

ઘણા યોજનો સુધી વિસ્તરેલું અને પર્વત સમાન પાપ પણ ધ્યાન વડે ભેદાય છે. બીજો કોઈ ભેદનો ઉપાય નથી.(૧) બ્રહ્મચારી, અલ્પાહારવાળો અને યોગમાં તત્પર યોગી એક વર્ષ પછી સિદ્ધ થાય છે. આ બાબતમાં વિચાર કરવો નહીં અર્થાત્ શંકા કરવી નહીં.(૨) બે ભ્રમરની વચ્ચે શિવનું સ્થાન છે, ત્યાં મન વિલીન કરાય, તે તુર્યપદ જાણવું. ત્યાં કાલ જણાતો નથી અર્થાત્ સિદ્ધ અવસ્થા અનુભવાય છે.

### પરિશિષ્ટ - ૯ (પૃષ્ઠ ૧૩૬)

મિથ્યાત્વચિત્તવાળા પ્રાણીઓ મનુષ્યપણામાં હોવા છતાં પશુ જેવા છે. - પં.આશાધર

હે ગૌતમ! એક સમયનો પણ પ્રમાદ ન કર. - શ્રી ઉત્તરાધ્યયન, અ.૧૦

સુતેલા હોય, તે અસાધુ છે. સાધુ હંમેશા જાગૃત હોય. - શ્રી આચારાંગ સૂત્ર

## પરિશિષ્ટ - ૧૦ (પૃષ્ઠ ૧૫૨)

ત્યાં સર્વ જીવવિષયક સ્નેહનો પરિણામ તે મૈત્રી છે. - ઉપા. યશોવિજયજી

સર્વ જીવો પ્રત્યે મૈત્રી, ગુણાધિક પ્રત્યે પ્રમોદ, દુઃખી પ્રત્યે કરૂણા, અવિનીત પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના ભાવવી. - પૂ. ઉમાસ્વાતિ વાચક

સર્વે જીવો સુખને ઈચ્છવાના સ્વભાવવાળા હોવાથી તેઓ પ્રત્યે મૈત્રી રાખવી-ભાવવી. મૈત્રી, કરૂણા, પ્રમોદ, ઉપેક્ષા કે માધ્યસ્થનાં સુખ, દુઃખ, પુણ્ય, પાપ જેવા વિષયોની ભાવનાથી ચિત્તને પ્રસન્ન કરવું. - શ્રી પાતંજલ સૂત્ર

## પરિશિષ્ટ - ૧૧ (પૃષ્ઠ ૧૫૩)

'પ્રમોદ' એટલે વિનયનો પ્રયોગ. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપમાં અધિક એવા સાધુઓ પ્રત્યે વંદન, સ્તુતિ, ગુણાનુવાદ, વૈયાવચ્ચાદિ કરવા દ્વારા સ્વપરની પૂજાથી ઉત્પન્ન થયેલો, ઈન્દ્રિયો દ્વારા વ્યકત મનનો આનંદ તે 'પ્રમોદ' કહેવાય છે. ખુશ થવું તે પ્રમોદ. પોતાનાથી અધિક ગુણવાન જીવો પ્રત્યે વંદન, સ્તુતિ આદિ વડે અભિવ્યકત થતી આંતરિક ભક્તિ કે અનુરાગ, તેને 'પ્રમોદ' કહેવાય.

## પરિશિષ્ટ - ૧૨ (પૃષ્ઠ ૧૫૪)

જેમણે હિંસાદિ દોષો દૂર કર્યા છે, વસ્તુતત્ત્વ પદાર્થના વાસ્તવિક સ્વરૂપને જેઓ જૂએ છે, એવા મુનિભગવંતોના ગુણો પ્રત્યે જે પક્ષપાત કે વિનય કરવો, તે 'પ્રમોદ' છે.

## પરિશિષ્ટ - ૧૩ (પૃષ્ઠ ૧૭૮)

કુહાડીની શ્રેણી જોઈને બધા વૃક્ષો કાંપે છે, ત્યારે એક વૃદ્ધ વૃક્ષ બોલ્યુંઃ 'પોતાની જાતથી જ પોતાનો નાશ થાય.' અર્થાત્ કુહાડીનો હાથો વૃક્ષમાંથી બનેલો હોય છે અને એ જ કુહાડી વૃક્ષનો નાશ કરે છે.

## પરિશિષ્ટ - ૧૪ (પૃષ્ઠ ૨૦૦)

સંસારે ભટકતા દુઃખી જીવો માટે સૌ મંત્રોમાં પરમમંત્ર આ જ છે. સૌ ધ્યાનમાં પરમ ધ્યાન આ જ છે. સૌ તત્ત્વોમાં પરમપવિત્ર તત્ત્વ આ જ છે.(૧) ભવસાગરમાં ડૂબતા જીવોને આ નવકારરૂપી જહાજને છોડીને અન્ય શરણ નથી.(૨) નમસ્કારમંત્રથી અન્ય કોઈ શ્રેષ્ઠ મંત્ર ત્રણે લોકમાં નથી, માટે આ મંત્ર પરમ ભક્તિપૂર્વક રોજ ગણવો.(૩)

॥ नमामि सव्व जिणाणं, खमामि सव्व जीवाणं ॥

જેના પ્રત્યેક ભાગમાંથી જૈનધર્મના સાર રૂપે ઉપરોક્ત મંત્ર નીસરે છે, એવી આ 'હસ્તાક્ષરનું અક્ષયપાત્ર' ગ્રંથની સર્જનયાત્રા એક વાત તો નિશ્ચિત કરાવી જ દે છે કેઃ બસ, હવે આ માનવજીવનમાં મોક્ષનું ખાતમુર્હૂર્ત તો કરી જ લઈએ. 'જય વીયરાય' સૂત્રમાં કરાયેલી ૧૩ પ્રાર્થનામાં ૭મી તથા ૮મી પ્રાર્થના છેઃ 'सुहगुरूजोगो' તથા 'तव्वयणसेवा' અર્થાત્ 'હે વીતરાગ ભગવંત! ઉત્તમ પંચાચારપાલક એવં શ્રેષ્ઠ સંયમી એવા શુભ ગુરુનો જોગ તથા ભવભ્રમણના અંત સુધી તે ઉત્તમ ગુરુના વચનનું અખંડપણે યથાર્થ પાલન અમને આપના પ્રભાવથી પ્રાપ્ત થાઓ!'

જગદ્ગુરુએ આપણા સૌની આ પ્રાર્થના જાણે સૂણી લીધી છે અને એટલે જ આવા ઉત્તમ-શ્રેષ્ઠ સદ્ગુરુનો સંયોગ તથા આત્મામાં શાશ્વત સંસ્કારરુપે જડાઈ રહે, તેવો પૂજ્ય પંન્યાસજી ભગવંતના જ્ઞાનવારસારૂપ આ વચનખજાનો પણ તેઓની ૨૨૪ હસ્તલિખિત રોજનીશીઓમાંથી સંપ્રાપ્ત કરાવ્યો છે, જે તેઓની ચિંતનાત્મક વાણીનું અ-ક્ષર એવું શબ્દતીર્થ છે અને જેની પંક્તિએ-પંક્તિએથી અધ્યાત્મનું તીર્થજળ નીતરે છે... તેમાં સદ્યસ્નાતા થઈ આપણે શીઘ્રાતિશીઘ્ર અષ્ટકર્મથી વિખૂટાં પડીએ.
બસ, હવે જાણે મોક્ષ મેળવવા માટે આપણી વારે જ વાર છે!

આ સર્જનની અનુભૂતિનું આકંઠપાન 'इष्टफलसिद्धि' તરફની ગતિનું સૌમનસ્ય પણ કરાવે જ છે, તેમાંથી કઈ રીતે ઉત્રૃણ થઈ શકાશે? એ કૃતજ્ઞતાના સ્વીકાર સહ...

**ભારતી દિપક મહેતા**

॥ शुभम् भवतु ॥




ઉપર દર્શાવેલ ૬ ડાયરીઓ
પરમ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય મહારાજનાં સ્વહસ્તાક્ષરમાં
ઈ.સ. ૧૯૬૯ - ૧૯૭૦ પરિસરમાં લખાયેલ છે, તે અહીં સંકલિત કરેલ છે.

# પરમેષ્ઠિ મંત્રરાજ ધ્યાનમાળા




(૧) અરિહંત - આનંદનું અધિષ્ઠાન - ધ્યાન
(૨) સિદ્ધ - આત્મસ્વરૂપનું ધ્યાન
(૩) આચાર્ય - અર્ધબિંદુ અવસ્થા
(૪) ઉપાધ્યાય - તુલ્યતાનું ધ્યાન
(૫) સાધુ - તન્મયતાનું ધ્યાન

પં. ભદ્રંકરવિજય

www.fiestadesigns.in